
પોષ '૮૯નું

કુમાર

અંક ૭૩મો



કુમાર

પોષ ૧૯૮૬

અંક ૭૩

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

કુમાર

વર્ષ ૭
અંક ૧

પોષ
૧૯૮૬

ઉદ્બોધન

[પૃથ્વી]

રહ્યો ક્યમ પુરાઇ રે મનુજ ક્ષુદ્ર આ કોટડે,
લગાવી દઇ આગળા નિજ કરે બધાં બારણે?
ન જીવ અકળાય શું ઘન બનેલ અંધારમાં?
દીવાલ જડ કેમ ના રૂંધતી છાય નીચે તને?

ઉઘાડ તવ બારણાં બળ વડે પદાઘાતથી,
ઉખાડ જડમૂળથી જડ દીવાલ આ જેલની;
વિશાળ જગ જો નવું નીકળી બ્હાર મેદાનમાં,
અનંત નભ જો તને કંઇ નિમંત્રણો આપતું.

卐 卐

યદિ જીવન વાંચ્છતો પ્રબળ વીરતાથી ભર્યું,
સદા ય સ્થિર સાહસે શુભ મનોરથો ખેડતું,
પ્રતાપી પરમાર્થના અમલ ભવ્ય આદર્શનું,
ન તો ઘટિત આ નીચા પૃથિવીના પટે ઉંઘવું.


કસી કમર ઉઠ તો અચલ આત્મશ્રદ્ધા વડે,
મનોબળ જમાવીને અડગ વીરતાને ડગે,
ઉંચેરી ગિરિમાળ આ ગગનચુંબી આરોહવા,
અનંત નવતાભર્યાં શિખર ભવ્ય એ માપવા.

ચઢાવ કપરો અને ભયભર્યો સીધો છે બધો,
કરાળ બળ માપતા નડત અંતરાયો પથે,
મહા ખડક ભેખડો કઠણ છાતીએ આથડે,
છતાં ય વીર સાહસે નહિ કદિ ય પાછો પડે.

ઉંડી બહુ ઉંડી ખીણો નજર ના તળે પ્હોંચતી
કરાળ મુખ મૃત્યુનું ઉભય પાસ શું ઉઘડે!
ચઢે મગજ ચક્કરે નિરખી કાયરોનું તહીં,
ન ધૈર્ય સમતોલતા વીર ગુમાવતા રે કદિ.

ચઢો વીર ઉંચે ચઢો શિખર એ અનેરાં નવાં,
પ્રતિ શિખર પ્હોંચતાં અજબ દૃષ્ટિ શી ઉઘડે!
વિશાળ જગ ચો દિશે નિરખજો નવી દૃષ્ટિથી,
રહસ્યમય વ્યોમના મરમ ભેદ કૈં વાંચજો.

પૂજાલાલ




'કુમાર' માસિકના સંચાલક હોવાનું જે જીવનસૌભાગ્ય મને મળ્યું છે તેટલામાત્રથી જ મારી કૃતાર્થતા હું માની શકતો નથી. 'કુમાર'દ્વારા અનેક યુવાનો અને વિદ્યાર્થીઓનાં જિગરમાં રહેલાં આત્મતત્ત્વ ચેતવી, તેમને તેમના પર લદાએલી ઘમંડી કેળવણી અને મધ્ય યુગની રૂઢ અધીનતાના મંદ આદર્શોમાંથી મુક્ત કરી સાહસ અને શૌર્યના પ્રદેશોમાં પ્રેરીને, તેઓ આ અદ્ભુત વિશ્વમાં જહેમત અને પરાક્રમ ખેડતા થઇ રસ વિદ્યા અને સત્તાના સ્વામિત્વમાં યોગ્ય ભાગીદાર બને એ જોવાની મારી દિનરાતની ઝંખના છે.

એકએક કુમારને પણ જ્યારે જ્યારે નોકરીની માયાજાળમાંથી મુક્ત થઇ સ્વપ્રયાસ અને સ્વતંત્ર પ્રયોગને માર્ગે પળતો જોઇએ છીએ ત્યારેત્યારે ગુલામીનાં બંધન ધીરેધીરે કપાતાં હોય એમ લાગે છે. એના એ મુક્ત થવા સાથે જ એને જગત નવું લાગે છે. તે માતાપિતા, શાળા કે સમાજનો ગુલામ રહેવા ચાહતો નથી. તે પોતાનો સમાજ સરજી રહ્યો હોય છે. તેનામાં અધીનતા દેખાય તો તે હેતુપૂર્વક સ્વેચ્છાએ સ્વીકારેલી. તે પ્રબળ બને તો તેની અજ્ઞાન અને નાદાન હાલત પર દબાણ કરતા સમાજ અને રૂઢિના દોર તોડવાને જ. તે પ્રચંડ કાવતરાંમાં ઝંપલાવે તે એનામાં દેશપ્રેમની ભાવનાનો હુતાશ ફાટી નીકળ્યો હોય તેથી જ. તે દેશપરદેશ ખેડે તો સ્વજાતિસન્માન અને જ્ઞાનસંગ્રહ માટે જ. જીવનની પળેપળ તે આતશી ગોળાની જેમ દરેક ક્રિયામાં જ્વલંત અને તેજોમય થઇ જીવે છે. તેની દૃષ્ટિમાંથી મૃત્યુ ઓસરી જઇ તે મૃત્યુંજય થયો હોય છે જગતના ચોપડે લખાવાની તેને પરવા નથી. તે જીવે છે જીતવાને જ. ક્ષણેક્ષણ તે પોતાની સાધનાઓથી દેશને સમૃદ્ધ સબળ અને સ્વતંત્ર થએલો જોવા તલપી રહ્યો હોય છે.

'કુમાર' સાક્ષરતા પ્રચારવા નથી સરજાયું. 'કુમાર'ની કળા પણ સ્વદેશનું સાચું દર્શન અને સાચો આત્મવિકાસ કરવાના સાધન રૂપ ન બને તો તે પણ કંઇ જ નથી. કેળવણીની મર્યાદાઓ તોડવાને અમે મથી રહ્યા છીએ એટલે અમે કેળવણીકાર હોવાનો દાવો પણ ન કરી શકીએ. શિક્ષક કે ગુરુના સ્થાન ઉપર તો અમારા આરોપો જાહેર થઈ ગયા છે. અનેક જાતની ધમાલિયા વિગતોથી ઉભરાતું, વાચકોના અભિપ્રાય ગુંચવનારૂં પત્રકારિત્વ પણ અમને અપ્રિય છે. ધર્મ, નીતિ ને આચારનાં સ્વરૂપો તો માણસ પોતાના અનુભવોથી જ સ્વીકારે છે. તેની સ્મૃતિ આ યુગના વિજ્ઞાનીઓ ઘડી રહ્યા છે અને તે દિશામાં માનવજાતિને બંધનમુક્ત કરી વિશાળ પ્રદેશની ખુલ્લી હવા, વ્યાયામ ને આરોગ્યનો પહેલો મંત્ર પઢાવી રહ્યા છે. આટલું કહ્યા પછી 'કુમાર' કયો મંત્ર પ્રચારવા મથી રહ્યું છે એ હવે સ્પષ્ટ કરવું પડશે ?

'કુમાર' કોઇને દોરવા કે મતાધીન બનાવવા નથી માગતું. ગુજરાતનાં કુમાર કુમારીઓ તેને અપનાવી પોતાનાં ધ્યેય, ભાવનાઓ અને અભિલાષો પ્રગટાવવાનું એક અગત્યનું સાધન બનાવી સખ્ય સાધે તેમાં જ 'કુમાર'ની સફળતા છે. હાલની હાઇસ્કૂલ, કૉલેજ કે યૂનિવર્સિટીએ વિદ્યાર્થીને નિરૂદ્યમી પરાશ્રયી, લાચાર પ્રાણી બનાવવા સિવાય બીજી નજર જ રાખી નથી. તે સામે વિદ્યાર્થી જગત આખું અકળાઇ ઉઠે અને નવી રચના તથા નવા માર્ગોની માગણી કરે અથવા સ્થાપના કરે એ અમારી પહેલી ઝુંબેશ છે. અને જ્યારે જ્યારે તક મળશે ત્યારેત્યારે તે વિષેની હીલચાલને વેગ આપવા અમે સર્વ સક્રિય પ્રયત્નો કરતા રહીશું.

વિદ્યાર્થીઓ વહેલા ઘરથી છુટા થાય તો જ તે સ્વાશ્રયી બની શકે. પરણે ને છોકરાં થાય ત્યાં સુધી બાપની ચિઠ્ઠી કે ભલામણ હોય તો જ વધારો એવું માની બેઠેલા છોકરાઓ જોઉં છું ત્યારે આપણા સંસ્કાર માટે શરમ ઉપજે છે. જર્મની અને અમેરિકાનાં નામો આપણી



બૅરન કૉનરૅડ ફૉન મોલો



આ છાયાછબી કોની છે?


તમારા ઘરની ભીંત પર તેની મોટી આકૃતિ ઉતારીને એ ઓળખી કાઢવાની ૪થા પાના પરની રમત બહુ રમુજી છે.

જીભમાંથી કાઢતાં પહેલાં આપણે હજાર વખત થોભવું પડશે. આ લખું છું તે વખતે જર્મનીથી હિંદુસ્તાન જોવા આવેલો એક ઓગણીસ વર્ષનો છોકરો ફૉન મોલો મારી આંખ સામે ઉભો જોઉં છું. મુનિ જિનવિજયજી સાથે તે થર્ડ ક્લાસની મુસાફરી કરતો આવ્યો છે. તેણે અનેક જર્મન પત્રોને લખ્યું કે હું હિંદુસ્તાન જાઉં તો મારા વૃત્તાંતલેખનના પૈસા આપો કે નહિ? તેરચૌદ ચોપાનિયાંએ તેને ઉત્તેજન આપ્યું. તેમને ફરીવાર તેણે લખ્યું કે પ્રવાસના પુરા પૈસા આપે—ને આગળથી આપે તેને જ હું મારા લેખો આપીશ. એવી રીતે આપનાર પણ એક તંત્રી નીકળ્યો અને તે રીતે એ અહીં આવ્યો છે.

તેનો બાપ મહાન યુદ્ધ પહેલાં બૅરન હતો. લડાઇ પછી જર્મનીમાં કોઇની અમીરાઇ રહી નથી; અમીર ગણાવું ત્યાં ગુનોહ ગણાય છે; પ્રજામાં બધા ય સમાન. એટલે આજે તે સામાન્ય નાગરિક તરીકે જીવન ગાળે છે. પણ એ સારી શક્તિવાળો લેખક ગણાય છે અને કવિઓની ઍકેડેમીનો પ્રમુખ છે.

ફૉન મોલો પંદર વર્ષની વયે પોતાના બાપથી છુટો પડયો અને ગામડાની કૉમન્સ સ્કુલમાં ભણ્યો. આવી શાળામાં વિદ્યાર્થી બધું વૈતરૂં કરતાં શીખે છે. તે ખેડે છે, કારખાનામાં કામ કરે છે, આપકમાણીથી ભણતો જાય છે અને સાથેસાથે પોતાના આશ્રમને પણ નિભાવે છે. આમ માબાપથી તદ્દન સ્વતંત્ર બનીને તે પોતાનાં ચારિત્ર્ય અને શક્તિ વિકસાવે છે.






જીવનનાં મૃગજળ

આ વ્યંગચિત્ર સમજાવવું પડે એમ નથી. ઉગતી પ્રજાને માટે એમાં સ્પષ્ટ ચેતવણી છે.

> નિરાશામાં જેઓ હતોત્સાહ નથી થતા, સંશયમાં પણ જેઓ પોતાનો વિશ્વાસ ટકાવી શકે છે, અને એકલા એકલા પણ મોટી ઉમેદ મનમાં રાખી કામ ચલાવ્યે જાય છે તેઓ જ ઓટને થોભાવે છે ને નવી ભરતી આણી શકે છે
>
> (કાલેલકર)

આવી રીતે લાખો વિદ્યાર્થીઓ પોતાના બાહુબળે પોતાની શાળા ટકાવી રહ્યા છે ને ખર્ચ મેળવી રહ્યા છે. તેઓ સાચું ભણતર મેળવે છે, સાચી તાલીમ મેળવે છે. જીવનસંગ્રામથી તેઓ ડરતા નથી. છોકરીઓ પણ સરખા જ હક્ક ને માન ભોગવે છે. આ વાત આપણા દેશમાં હજુ દંતકથા જ ગણાશે. જો ખરેખરો ઉદય કરવો હોય તો કાલથી જ એવી સૃષ્ટિનું મંડાણ થવું જોઇએ; એવા પ્રયોગો શ્રદ્ધા રાખી આદરવા જોઇએ. આપણે ત્યાં ઉદ્યોગ ને કામકાજ કરતાં, આજે તો મૅટ્રિકની પરીક્ષાનું મહત્ત્વ વધુ ગણાય છે. મૅટ્રિકની પરીક્ષા પસાર કરવા જેટલી પણ કામની આવડતની અને ખરી સમજણની કદર વિદ્યાર્થીઓ કરશે નહિ ત્યાં સુધી તેઓ વલખાં મારતા જ રહેશે.



અતિશય સરળ છતાં પુષ્ટ અને પૂર્ણ વિકાસ પામેલાં અંગોનું અત્યંત રમણીય સમતોલપણું નિયમિત વ્યાયામઅભ્યાસથી પ્રાપ્ત થઇ શકે છે એના દૃષ્ટાંત રૂપ ભાઇ કાળાગોપીનું આ ચિત્ર છે. સુરતની સાર્વજનિક હાઇસ્કૂલમાં અભ્યાસ કરતો આ પારસી કિશોર ત્રણ વર્ષથી વ્યાયામનો નિયમિત ઉપાસક છે. ઉમર વર્ષ ૧૮; ઉંચાઇ ૫ ફૂટ ૫ ઈંચ; વજન ૧૪૧: ભાઇ કાળાગોપીનું વિવિધ વ્યાયામપદ્ધતિના ફળરૂપ આ અંગપ્રમાણ ખરેખર પ્રશસ્ય છે. છાતી ૪૦ ઇંચ, ગરદન ૧૫ ઇંચ, દંડ ૧૪ા ઇંચ, જાંઘ ૨૧ ઇંચ. બુદ્ધિ અને બળનો આવો સંયોગ કોને નથી રૂચતો ?

આ સામેના પાના પરની છાયાછબી

ચિત્ર બગડે કે ફાટે નહિ એવી રીતે સામેનું પાનું છુટું પાડો. એકાદ જાડા સપાટ પુઠા કે પાટીઆ પર તે રાખીને ધારદાર ચપ્પુ કે નરેણી વડે તેમાંનો કાળા ભાગનો એક એક ગાળો સાવચેતી તથા સફાઇથી કોતરી કાઢો. નાના ગાળા પહેલાં કોતરી કાઢવાથી કામ સરળ બનશે. ડાબે હાથે ચિત્ર બરોબર દાબી રાખીને જમણા હાથમાં ચપ્પુ કે નરેણી પકડી તેની ધાર તમારા તરફ ખેંચતા રહો એટલે કપાશે. બહુ મોટા ગાળો કાપતી વખતે નાના નાના કાપા કરીને સાવચેતીથી વધજો. એકસાથે લાંબો કાપો ખેંચવાના લોભમાં પડવાથી કદાચ ચિત્ર બગડશે. સફેદ લીટીઓ પાતળી હોય ત્યાં ખાસ સંભાળ રાખજો કે કાગળ ફાટે નહિ ને સફેદ લીટી કપાઇ જાય નહિ. ચપ્પુ સારૂં હશે તો જ ચાલશે; નહિતર એના કરતાં સેફ્ટી રેઝરનું વપરાએલું પાનું કે ધારદાર નરેણી મનધાર્યું કામ આપશે. ધાર જેમ સારી હશે તેમ તમારે જોર ઓછું વાપરવું પડશે અને કામ સરળ તથા સફાઈવાળું થશે.

બધા કાળા ગાળા કપાઇ રહે ત્યારે, (દિવસ હોય તો) અંધારા ઓરડામાં, અથવા રાતને વખતે ઘરમાં ગમે તે ભીંત પર આ છબી વડે છાયાચિત્ર પડી શકશે. એક હાથમાં આ કાપેલું ચિત્ર પકડી બીજા હાથે તેની સામે મીણબત્તી કે નાનો દીવો રાખી ભીંત પર તેનો પડછાયો નાખશો એટલે એક મોટી છબી પડેલી દેખાશે. વિજળીની હાથબત્તીથી આ પ્રયોગ બહુ સફળ બનશે. દિવસના તડકામાં છાયાછબી મોટી નહિ બને, પણ એ માપની તો સ્પષ્ટ દેખાશે જ. વધુ છબીઓ હવે પછી.

સ્વાતંત્ર્યસંગ્રામના સેનાધ્યક્ષ

રાષ્ટ્રપતિ જવાહરલાલ નેહરૂ



લાહોર મહાસભાના રાષ્ટ્રપતિના લેબાસમાં

ભારતના ઇતિહાસમાં અસહકારયુગ જેટલો એણે આણેલી સર્વદેશીય રાષ્ટ્રીય જાગૃતિને માટે ચિરકાળ સુધી સ્મરણીય રહેશે એથી વિશેષ તો એણે દેશભરમાં પ્રગટાવેલ વિરલ આત્મત્યાગની જ્વાળા માટે એ યાદ રહેશે. એ સર્વભક્ષી જ્વાળામાં ભલભલા હોમાયા: એશઆરામમાં મહાલના અનેક અમીરોએ ફકીરી ધારણ કરી. એ અમીરી ફકીરીમાં સર્વથી લક્ષ ખેંચે એવી એક ફકીરી હતી બંગાળના એક સર્વશ્રેષ્ઠ ધારાશાસ્ત્રીની ને બીજીસંયુક્ત પ્રાંતના એટલા જ સુખી ને સમૃદ્ધ એક પિતાપુત્રની જોડલીની! બુદ્ધિ ને દોલત ઉભયની સમૃદ્ધિમાં આળોટતા દેશબંધુ દાસના ભેખે જગત સમક્ષ આત્મત્યાગનું કોઇ અનેરૂં દષ્ટાંત રજુ કર્યું, અને ભલભલા રાજામહારાજાઓનાં પણ માન મુકાવે એવી બાદશાહી ભોગવતા નેહરૂ પિતાના યુવાન પુત્રની ફકીરીએ તો એક વખત પુનઃ કુમાર સિદ્ધાર્થના ત્યાગની ઝાંખી કરાવી! હિંદના રાજકારણમાં ગાંધીજીના પ્રવેશે રાજકીય લડતનું આખું સ્વરૂપ જ ફેરવી નાખ્યું.

આ ફકીરી સ્વીકારવામાં એણે કંઇ ગુમાવ્યું નથી એ કાળે સિદ્ધ કર્યું છે. અઢળક ધન, અમાપ બાદશાહી કે અનુપમ યશના એ અધિકારીએ એ સર્વને સ્થાને એક વધુ કીમતી વસ્તુ મેળવી છે. આઠ વર્ષના ટુંક સમયમાં એણે દેશભરની પ્રજાના હૃદયનો કબજો મેળવ્યો છે. આજે આનંદભુવનનો એ 'છોટા મહાત્મા' રાષ્ટ્રપતિના સિંહાસને આરૂઢ થયો છે. જગતમાં આ યશ ઘણા ઓછાને લલાટે લખાયો હશે. ઇ. સ. ૧૯૧૯ થી ૧૯૨૯નો દસકો ભારતના ઇતિહાસમાં જે અનેક અર્પણોના ઇતિહાસ તરીકે અમર રહેશે તેમાં પંડિત જવાહરલાલનું અર્પણ ભાવી ઇતિહાસકારની નોંધમાં અવશ્ય આલેખાશે!

નેહરૂ કુટુંબ એ પ્રયાગનગરનું ગૌરવ છે. એ કુટુંબની સંસ્કારિતા, ઉદારતા, વિદ્યાનુરાગ ક્વચિત જ બીજે મળે છે. આ સર્વ સ્વરૂપરાણીદેવી અને પંડિત મોતીલાલજીના આ પુત્રને સંપૂર્ણ રીતે વારસામાં મળ્યાં છે. કાશ્મીરી બ્રાહ્મણ એટલે એ કુટુંબીજનોના શરીરસૌંદર્યનું તો પુછવું જ શું? સુસ્વરૂપતાનો એ વારસો પણ નાના જવાહરે એટલા જ પ્રમાણમાં મેળવ્યો છે.

નેહરૂ કુટુંબના વડવાઓ મુળ કાશ્મીરમાંથી મોગલ રાજ્યના સમયમાં દિલ્હી આવેલા. પંડિત મોતીલાલજીના વડવા પંડિત રાજકુલ નેહરૂ બાદશાહ ફરૂખશિયરના શિક્ષક હતા. તે પછી ઉત્તરોત્તર નેહરૂ કુટુંબના નબીરાઓએ દિલ્હીમાં સારી પ્રતિષ્ઠા તથા લક્ષ્મી મેળવ્યાં. તેમાંના પંડિત ગંગાધર નેહરૂ દિલ્હીના કોટવાળપદે હતા. પંડિત ગંગાધરના બે પુત્રો પંડિત નંદલાલ ને પંડિત બંસીધર બંનેએ પિતાની હયાતીમાં જ સારા ધંધે લાગીને ઠીક આબરૂ જમાવેલી.

પંડિત ગંગાધરના મરણ પછી ચાર મહીને તેમનાં પત્ની જયબીબીને પુત્ર સાંપડયો. આ પુત્ર તે હિંદુસ્તાનભરમાં અગ્રણી રાષ્ટ્રીય નેતા અને ઠરેલ મુત્સદ્દી



પંડિત મોતીલાલ નેહરૂ

તરીકે નામ કાઢનાર પંડિત મોતીલાલ. માતા જયબાબા અને મોટા ભાઇ નંદલાલના અપ્રતિમ પ્રેમે બાળક મોતીલાલને પિતાના વાત્સલ્યની ઉણપ આવવા ન દીધી. કાનપુરની સરકારી હાઇસ્કુલમાં પંડિત મોતીલાલે પ્રાથમિક શિક્ષણ પુરૂં કર્યું ને હાઇકોર્ટ વકીલની પરીક્ષા પસાર કરી ત્યાં જ વકીલાત શરૂ કરી.

થોડા સમય પછી મોટાભાઇના મરણ બાદ કુટુંબનો બધો ભાર પંડિત મોતીલાલજીને શિર આવ્યો. તેમણે હવે વધારે મોટા ક્ષેત્ર તરફ નજર દોડાવી અને કાનપુર છોડી અલ્લાહાબાદ જઇ ત્યાંની હાઇકોર્ટમાં વકીલાત શરૂ કરી. થોડા જ સમયમાં તેજસ્વી મેધાવાળા અને કાયદાકાનુનના ઉંડા અભ્યાસી મોતીલાલે કેવળ અલ્લાહાબાદના વકીલમંડળમાં જ નહિ પણ સમસ્ત યુક્ત પ્રાંતમાં મશહૂર ઍડવોકેટ તરીકે નામ કાઢ્યું.

રાજકારણમાં પ્રથમ પ્રવેશ તેમણે આજથી ત્રેવીસ વર્ષ પર કર્યો. ઇ. સ. ૧૯૦૭માં તેમણે પહેલવહેલો મહાસભાને ઉમરે પગ દીધો અને તે પછી ધીમેધીમે તેમાં એટલો રસ લેતા ગયા કે અસહકારનાં પૂર આવ્યાં ત્યારે મોટી કમાણીની વકીલાતને પણ તિલાંજલિ આપી. ઇ. સ. ૧૯૧૯માં તેઓ અમૃતસરની મહાસભાના પ્રમુખ ચુંટાયા અને તે પછીની રાજકીય લડતને અંગે જેલનો પણ સ્વીકાર કર્યો. મદ્રાસની મહાસભાએ જ્યારે હિંદને માટેના આવશ્યક રાજ્યબંધારણની કમિટી નીમી તે વખતે એના અધ્યક્ષ તરીકે એ કામને માટે કાબેલ, રાજકારણપટુ વિચક્ષણ મુત્સદ્દી પંડિત મોતીલાલ વિના બીજો કોણ મળે? અને એ 'હિંદી રાજ્યબંધારણ સમિતિ'ના અધ્યક્ષ તરીકે એમણે ઘડેલા રીપોર્ટમાં હિંદને માટે જોઇતા રાજ્યબંધારણની જે રેખા આલેખી છે તે રાજ્યબંધારણના પ્રખર અભ્યાસીને જોગ આપે એવી છે. એ 'નેહરૂ રીપોર્ટ' દુનિયાભરમાં પંકાયો છે. તે પછી ફરી ૧૯૨૮ની મહાસભા વખતે કલકત્તામાં તે હિંદના રાષ્ટ્રપતિ તરીકે સ્વીકારાયા અને અનેક વિચિત્ર મતભેદો તથા દેશની ગંભીર પરિસ્થિતિની વચ્ચે તેમણે બાહોશીથી મહાસભાનું સુકાન સંભાળ્યું. પિતાએ અધુરો મુકેલો એ યજ્ઞ, જાણે કુદરતી સંજોગોએ જ પુત્રને હાથે પુરો કરાવવા ઇચ્છ્યું હોય તેમ, ગયા વર્ષે પંડિત જવાહરલાલને શિરે મહાસભાના રાષ્ટ્રપતિનો મુકુટ મુકાયો.

આજના જમાનાની દૃષ્ટિએ જોતાં પંડિત મોતીલાલજીનું લગ્ન નાનપણમાં થયું ગણાય. એ લગ્ન પછી થોડા જ સમયમાં બાળકને જન્મ આપતાં માતા ને બાળક બંને મરણ પામ્યાં. કેટલાક સમય પછી પંડિતજીએ રાવળપિંડીના પંડિત પ્રમથનાથનાં બહેન સ્વરૂપરાણી સાથે લગ્ન કર્યું. તેમણે એક બાળકને જન્મ આપ્યો, પરંતુ કમનસીબે તે પણ મૃત્યુ પામ્યું. એટલે, આમ બબ્બે બાળકની ખોટ પછી જ્યારે ૧૮૮૯ની ૧૪મી નવેમ્બરે પંડિતજીને ત્યાં પુત્રજન્મ થયો ત્યારે એમને મન તો એ રત્ન—જવાહર જેવો હતો. પણ કોણ જાણતું હતું કે એ જવાહર માત્ર એ કુટુંબનું જ નહિ પણ આખા હિંદનું અણમોલું રત્ન નીવડશે?

કુટુંબની ચડતી કળાના સમયમાં જન્મેલા આ લાડીલા બાળકનું લાલન રાજકુમારની પેઠે કરવામાં આવતું. એનું લાડનું નામ હતું 'નાને.' એ વખતે પંડિતજી એ જમાનાના વાતાવરણ પ્રમાણે અંગ્રેજોના જેવું જ જીવન જીવતા. પોતાના એકપુરા પુત્રના ઉછેર ને શિક્ષણ માટે તે એ વેળા ઉત્તમોત્તમ લાગતો પ્રબંધ કરે એ સ્વાભાવિક છે; એટલે બાળક 'નાને' બાળપણથી જ અંગ્રેજ નર્સો ને ગવર્નેસોના હાથમાં ઉછર્યો. દ્રવ્યની એમને ત્યાં રેલછેલ હતી; પરંતુ દ્રવ્યની રેલછેલમાં ઉછરતા ઘણા યે અમીર ઉમરાવોના સ્વચ્છંદી પુત્રોની પેઠે સમૃદ્ધિના સ્વાભાવિક વારસા રૂપી એક

પણ દુર્ગુણ જવાહરલાલમાં આવ્યો નથી.

સાત વર્ષની ઉમરે આ બાળકનું આરોગ્ય પંડિતજીને અતિશય ચિંતાનું કારણ નીવડયું. પરિણામે ઇ. સ. ૧૮૯૭માં પંડિતજીએ પુત્રની શરીરસુધારણા અર્થે કુટુંબસહ કાશ્મીરની યાત્રા કરી, અને ત્યાંથી પાછા ફર્યા બાદ એમણે જવાહરના શિક્ષણ માટે સારામાં સારા શિક્ષકો રોકવાનો પ્રબંધ કર્યો. આમાં પણ મોટે ભાગે તો જોકે અંગ્રેજો જ હતા, છતાં હિંદી અને સંસ્કૃતનું જ્ઞાન પુત્રને આપવાનું પંડિતજી વિસર્યા નહિ. આ શિક્ષકોની નામાવલિમાં સૌથી ધ્યાન ખેંચે એવું એક નામ મિ. એફ. ટી. બ્રૂક્સ નામના એક ધાર્મિક વૃત્તિના થીઓસોફિસ્ટ અંગ્રેજનું છે, કે જેનો પરિચય હિંદી પ્રજાને એક સુંદર લેખક તરીકે પાછળથી થયો છે. જવાહરની અગિયારથી પંદર વર્ષ સુધીની વયનું ઘડતર બ્રૂક્સે એવું કર્યું કે તેની અસર એના આખા જીવન પર પડી. આ આસ્તિક ગુરુએ શિષ્યને સાદું જીવન, ઉચ્ચ વિચારણા અને ઇશ્વરની આસ્થાના પાઠ પઢાવ્યા, અને એક સવારે 'નાને' ને ગુરુમંત્ર ફૂંક્યો કે 'માંસાહાર એ પાપ છે.' બીજે જ ટંકે બાળકે માબાપને જણાવી દીધું કે પોતે માંસ ખાવાનો નથી! આ વાત આટલેથી જ ન અટકી, પણ ધીમેધીમે જવાહરે નાટકતમાશા, જલસા વગેરેના મોજશોખો પણ છોડવા માંડ્યા. બાળકને મનમાન્યા કોડ અને અપ્રતિમ વૈભવસુખ ભોગવાવવાની લાલસાવાળાં વડિલો આ સાદાઇ કેમ સાંખી શકે? આમ તો છોકરો સાધુ બની જશે એ બીકે મોટેરાંઓને આ શિક્ષક પર અણગમો થયો અને મિ. બ્રૂક્સને છુટા થવું પડયું. પણ એનાં રોપેલાં બીજ એળે ન ગયાં. આજે તે સમય અને વાતાવરણનાં અનેક પડ ભેદીને પણ પલ્લવિત વૃક્ષ રૂપે ફાલ્યાં છે એ જગત આખું જુએ છે.

પુત્રને ઇંગ્લંડમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપવાના પુત્રઘેલા પિતાને કોડ હતા એટલે બરાબર સોળ વર્ષની કિશોર વયે પંડિતજી જવાહરને લઇ પત્ની તથા પુત્રી સાથે ઇ. સ. ૧૯૦૫ના મે માસમાં ઇંગ્લંડ ગયા. ત્યાં હૅરોની સુવિખ્યાત શાળામાં બાળક જવાહરે પ્રવેશ કર્યો. રાણી ઇલિઝાબેથે સ્થાપેલી આ શાળાએ બ્રિટનના અનેક રાજકારણપટુ મહાપુરુષો પકવ્યા છે. ત્યાંનું શિક્ષણ વિદ્યાર્થીને ઉત્તમોત્તમ



પંડિત જવાહરલાલ નેહરૂ [ફોટો : કુમાર સ્ટુડિયો]

જીવનપાથેય આપે છે એમ મનાય છે. અહીં વડોદરાના સ્વ. યુવરાજ ફતેસિંહરાવ અને કપુરથલાના હાલના ટીકા સાહેબ જવાહરલાલના સહાધ્યાયીઓ હતા. જવાહર મધ્યમ વિદ્યાર્થી હતા, પણ રમતગમતમાં ખુબ શોખીન હતા. ઇ. સ. ૧૯૦૭માં હૅરોનું શાળાશિક્ષણ પુરૂં કરી એમણે કૅમ્બ્રિજની જગમશહૂર ટ્રિનીટી કૉલેજમાં પ્રવેશ કર્યો. અહીં રહ્યા એ દરમ્યાન એમણે શારીરિક વિકાસ ખુબ સાધ્યો. ક્રિકેટ, ફુટબૉલ અને બોટિંગ એમની પ્રિય રમતો હતી. ડૉ. કિચલુ, કે. એમ. ખ્વાજા અને જે. એમ. સેનગુપ્તા અહીં એમના સહાધ્યાયીઓ હતા; * અને લાલા હરદયાળ ઑક્સફર્ડમાં હતા, તે પણ એમના મિત્ર હતા. કૅમ્બ્રિજમાંના આ સૌ મિત્રોએ 'હિંદી મજલિસ' નામની સભા સરસ રીતે જમાવી. ૧૯૧૦માં એમણે 'નૅચરલ સાયન્સ' 'કેમ્સ્ટ્રી' ને બૉટેની (વનસ્પતિશાસ્ત્ર)માં સેકન્ડ ક્લાસ

---

* એમના સહાધ્યાયીઓમાં ઇંગ્લંડના હાલના પ્રિન્સ ઑફ વેલ્સ પણ હતા એ વાતની નોંધ પણ અહીં અસ્થાને નહિ ગણાય. પંડિતજીને પ્રિન્સ સાથે ઘણી સારી મૈત્રી જામી હતી અને પ્રિન્સ હિંદ આવ્યા ત્યારે અલ્લાહાબાદમાં પંડિતજીને ખાસ મળવા આવ્યા હતા! ખુબી તો એ હતી કે એ વખતે પંડિતજી એ જ પ્રિન્સના બહિષ્કારનો રાજકીય કાર્યક્રમ લઈ બેઠા હતા. એક શાહીવાદનો પ્રતિનિધિ, બીજો એ શાહીવાદના જડમુળને ઉખેડવા મંથન કરતો ભારતીય પ્રજાનો હૃદયસમ્રાટ! એ બે વચ્ચેની મૈત્રી કેવી હશે?

ઑનર્સ પાસ થઇ ડિગ્રી મેળવી.§ આ અભ્યાસ ચાલતો હતો તે દરમ્યાન લંડનની બૅરિસ્ટરીની ટર્મ્સ પણ એ ભરતા; એટલે ૧૯૧૨માં એમણે એ પરીક્ષા પણ પસાર કરી. આમ ઇંગ્લંડમાં પ્રાપ્ય એવું ઉચ્ચ શિક્ષણ મેળવી જવાહરલાલ એ જ વર્ષમાં સ્વદેશ પાછા ફર્યા.

જીંદગીનાં કીંમતીમાં કીમતી એવાં જુવાનીનાં સાત વર્ષ ઇંગ્લંડમાં ગાળનાર જવાહરલાલને હિંદુસ્તાન પરદેશ સમું ભાસ્યું. ઘણી વખત એમને ઇંગ્લંડ પાછા જવાનું મન થતું. ઈંગ્લંડના એ સાત વર્ષના વસવાટ દરમ્યાન એણે ત્યાં પુષ્કળ પૈસો વેરેલો અને પુરા અંગ્રેજ બનીને અહીં આવેલા. એ ઇંગ્લંડમાં હતા તે વેળા એકવાર એમના કોઇ સગાને મહીને ૫૦૦ રૂા.ની નોકરી મળવાના ખબર મોતીલાલજીએ એમને લખ્યા ત્યારે જવાબમાં જવાહરે લખેલું, 'બીચારાને રોટલા પુરતો એ પગાર ઠીક છે!' આ ઉપરથી જવાહરના ઇંગ્લંડના જીવનનો ખ્યાલ આવશે.

૧૯૧૨ના ઑગસ્ટમાં હિંદ આવી, એમણે પિતાની સાથે જ અલ્લાહાબાદમાં વકીલાત શરૂ કરી. પંડિતજીએ એમને કામ સોંપવા માંડ્યું, પણ એ લહેરી જુવાનનું મન કામમાં કેમ ચોંટે? મહેનતનો એમને કંટાળો હતો, દેશ એમને રૂચતો નહિ અને પૈસા કમાવાની જરૂર ન હતી. પિતાને તેમણે કહ્યું 'હું રાજકીય ચળવળમાં કામ કરીશ; વકીલાત મને બહુ ગમતી નથી.' પિતાના આગ્રહને વશ થઇ તે હાઇકોર્ટમાં જતા, પણ ત્યાં મિત્રો સાથે ખુરશીમાં બેઠાંબેઠાં ચાપાણી પીવામાં અને રાજકીય પ્રશ્નોની ચર્ચામાં જ વખત પસાર થતો.

કુટુંબીઓને પુત્રની આ અસ્થિર અને લાલાશાહી મનોદશા રૂચી નહિ. તેમણે ભાઇસાહેબને સાંસારિક બંધનની બેડીથી જકડીને ઠેકાણે બેસાડવાનો નુસખો રચ્યો. ૧૯૧૬ના એ જમાનામાં, યુક્ત પ્રાંત જેવા પડદાપોશી મુલકમાં આ ઇંગ્લંડની હવાવાળા જુવાનને માટે પ્રેમલગ્ન તો અશક્ય હતું. પણ છતાં એમને અતિશય અનુકૂળ, સુશિક્ષિત અને સુંદર જીવનસહચરી મળી. દિલ્હીના શાહી વહેપારી શ્રી જવાહરમલ કૌલનાં પુત્રી કમલાદેવી કૌલ સાથે એમનાં લગ્ન થયાં. જે ઓછાં માણસો પણ પંડિત જવાહરલાલના કૌટુમ્બિક જીવનની પરાગ પામવા ભાગ્યશાળી થયાં છે તે સૌ જાણે છે કે એમનું લગ્નજીવન કેટલું સુખી ને મધુર નીવડ્યું છે. એ સુશીલ ને દક્ષ મહીલા એમના જીવનનો સંદેશ ઝીલીને એમનાં ખરાં જીવનસહચરી થઇ એમનો સાથ પુરી રહ્યાં છે. એમની અગિયાર વર્ષની મનોહર પુત્રી ઇન્દુ બાળઘેલા ગાંધીજીની લાડીલી તરીકે જાણીતી છે.

હિંદના રાજકારણમાં તો, એમણે ઇંગ્લંડમાં પોતે અભ્યાસ કરતા હતા તે વેળા જ રસ લેવો શરૂ કરેલો. સ્વ. લાલાજીના દેશનિકાલના સમાચારે એમને ત્યાં પણ આઘાત પહોંચાડેલો. તે દિવસથી એમના હૃદયમંથનની શરૂઆત થઇ. તે પછી લાલ, બાલ અને પાલની ત્રિપુટી એ એમના હૃદયદેવો બન્યા. આ ત્રિપુટીના રાજકીય વિચારોની એમના મન ઉપર ભારે અસર થઇ. છતાં એ વેળા ભારતના રાજકારણ સબંધી એમના કોઇ ખાસ વિચારો બંધાયા નહોતા.

અલ્લાહાબાદની એમની વકીલાતની શરૂઆતના સમય દરમ્યાન આફ્રિકાની લડતનો ધગતો પ્રશ્ન ખુબ ચર્ચાઇ રહ્યો હતો. સ્વ. ગોખલે તેને માટે ઉઘરાણું કરવા દેશભરમાં ફરતા હતા. જવાહરલાલે એ સમયથી રાજકારણમાં સક્રિય ભાગ લેવો શરૂ કર્યો અને અલ્લાહાબાદના ઉઘરાણામાં મંત્રી તરીકે કામ કરી ચાળીસ હજારની રકમ ઉઘરાવી ગોખલેજીને ચરણે ધરી. તે પછી ફીજીના હિંદી મજુરોનો સવાલ ઉભો થયો ને તેમાં એ રસભેર પડ્યા. આ જ અરસામાં ગોખલેજીનો સ્વર્ગવાસ થયો. એમના શોકપ્રદર્શનના અલ્લાહાબાદના સરઘસમાં જવાહરલાલ મોવડી હતા.

તે પછી લોકમાન્ય ટિળક અને ડૉ. બેસંટની હોમરૂલની ચળવળમાં એમણે એટલો જ સક્રિય ભાગ લીધો અને એ લીગના મંત્રીપદે રહી અલ્લાહાબાદમાં અવિશ્રાંત કામ કર્યું. એ વેળા એક પહેરણભેર રાત ને દિવસ રાષ્ટ્રનું કામ કરતા જવાહરલાલમાં આચાર અને હૃદયના પલટાની શરૂઆત સ્પષ્ટ દેખાતી હતી.

(અનુસંધાન પાન ૨૪ મે)

---

§ પાછળથી કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયે એમને એમ. એ. ની ઉપાધિની નવાજેશ કરી. જીવનના તદ્દન અનેરા ક્ષેત્રમાં ઘસડાયા છતાં પંડિત જવાહરલાલનો વિજ્ઞાનનો શોખ ઓછો નથી થયો એ તો એમણે બહુ જ સરળ અને સચોટ ભાષામાં હમણાં પ્રગટ કરેલા અંગ્રેજી પુસ્તક 'Letters from a Father to his Daughter' ('એક પિતાના પોતાની પુત્રીને પત્રો') એ ઉપરથી દેખાઇ આવે છે.



વિદ્ધ હરિણી

(ચિત્રકાર : સોમાલાલ શાહ)

કોઈ ઘાતકી તીરથી જખમી થએલી હરિણી છેલ્લી ફાળ ભરતી પોતાના બાળ તરફ નિશ્વાસભર્યું મોં ફેરવે છે અને તેના દુઃખનો એ સંદેશો બાળની આંખમાં સ્પષ્ટ કતરેલો દેખાય છે. તે જાણી ગયું છે કે હવે અહીં જ પોતાને માતાનો વિયોગ થશે. માતાની આંખની એ સાન માત્રમાં કંઇ કંઈ ગૂઢ ભાવ દેખાય છે. આ છેલ્લી પળે પોતાનું બાળ પાસે રહે એવી ઇચ્છા છતાં, પાછળ પડેલા શિકારીઓથી બચવાનો ચેતવણી પણ એમાં છે. હાય, માતાનું હૃદય! પુત્રમુખનું છેવટનું ચુંબન પણ તેના કલ્યાણ માટે તે જતું કરશે. ચિત્રકારનું હૃદય પણ કંપે છે. તે પણ આ કરુણ દૃશ્ય પર જલદી આચ્છાદન થાય માટે છેવટનું આછું સાંધ્યતેજ જરા વિસ્તારી અટકે છે.

પ્રાણી ચિત્રણામાં જોઇતો વેગ છતાં સચોટ આલેખન અને ભાવનિરૂપણ આ ચિત્રનાં ઉચ્ચ લક્ષણો છે.

સુરેખ ચિત્રાંકન અને મુલાયમ રંગપુરણી ભાઇ સોમાલાલ શાહની વિશિષ્ટતાઓ છે.



સિંહગઢ

વીર તાનાજીએ પચાસ જ સૈનિકો સાથે જ્યાંથી ઉપર ચડી જીવને સાટે શિવાજીને ગઢ અપાવ્યો તે કલ્યાણ દરવાજાનું દૃશ્ય

(ફોટો : બલવંત ભટ્ટ)



તેજરેખા

[દ્રુતવિલંબિત]

પરોઢ

તિમિર વિસ્મૃતિનાં ગત કાલનાં
કંઈક પાનખરો ગઈ ચીતરીઃ
નયન દિવ્ય પ્રકાશ વિના જરી
નિરખું ચિત્ર કયહાં ભૂતકાલનાં?

શિશિરની સુકુમાર સવારમાં
પગલીઓ પડી ફુલ સમોવડીઃ
પરમ દેહ સુગંધ રહ્યો ફરી
ઘડીક તેજ અલક્ષ્ય તરી રહ્યાં.

જગત સ્પર્શ તણી પળ મીઠડી
જીવનનું નવતેજ પરોઢ એઃ
શરીર પ્રાણ તણી ચિર ગોઠડી
અહીં જ મંગલ દર્શ ભરી રહે.

ચિત્ર

કુસુમ જેમ ખરે તન સાચવી
ત્યમ જ શબ્દ સરે તુજ હોઠથીઃ
પ્રસરતા મૂક સોર્મિલ ભાવથી
પ્રકટતી ગતિ નિશ્ચલ વેગની.

ફુલ શી કોમલ જ્યાં પગલી પડે
ધરતી વિપલ સુંદર નર્તનીઃ
રજ ઉડી ફરી શાંત બની જતી
ઉપડતું મૃદુ ચિત્ર ધરા પરે.

નિરખી ઇન્દ્રધનુ નભમંડળે
ઝીલતી નેનમહીં નવ રંગનેઃ
પણછ ભાવિ પ્રકાશ તણી ધરી
ધનુરદોર ગુંથે યુગ રશ્મિની.



નમન

રતન તું અમ પામર દીનનું
સુરભિ તું કરમાયલ ફુલનીઃ
વિશદ જ્યોત નરોત્તમ કુલની
નમન અંતરનાં ચરણે ધરૂં.

પ્રકૃતિ કાદવમાં કમળો રચે
મમ ઉરે રચી તેં શુચિ ભાવનાઃ
જીવનની તપ મંગલ સાધના
ઠરી ગઈ તુજ શૈશવને તટે.


કઠણ અંતરમાં અમી હોત તો
કુમળી વેલ ઉખેડત ના વિધિઃ
નવ ગવાડત ગીત વિલાપનાં
નિજ સનાતન ક્રૂર નહોરથી.

તારલી

તુટતી કિરણવેલ પ્રકાશની
ફરી પ્રદિપ્ત બને સ્મૃતિ જાગતાંઃ
કંઇ નિરાશ તણા ઢગલા મહીં
જળી રહ્યા તણખા હજી આશના.

સ્વજન હીણુ સુના ઉરમંડળે
મુજ દિશાપથની ધ્રુવતારલીઃ
નવપ્રકાશ ભરી સ્થિર પાંપણે
જીવનનું ફળિયું અજવાળતી.

પણ પ્રકાશ પરે પડી વાદળી
તિમિરની નિજ પાંખ પ્રસારતીઃ
કિરણ શીતલ સર્વ જળી ગયાં
ભગિનિ; સ્વપ્ન અમોલ ઢળી ગયાં.



અબોલ ઘા

જટિલ અંતર વિશ્વ તણાં ભરી
ક્ષણિક જીવન કયાં અથડાવવું?
અતળ આ જગસાગરને તરી
પ્રલયનું પૂર શેં અટકાવવું?

ઘડીક થોભ પ્રકાશ પ્રભાતના
પ્રકટ વર્તુલ જાગૃત હેતનાં,
સકળ દશ્ય અવિચળ નેત્રનાંઃ
વિચરજે પછી ભૂત જમાતમાં.

મરણના કંઈ ઘાવ ભુલીભુલી
જીવન આમ અબોલ જ વીતશે?
વિધિતણું ક્રૂર શાસન નિરખી
જગતનો ક્રમ કોઇ ન જીતશે?



આભાસછાયા

પવનમાં તરતા તુજ પ્રાણની
જળ સરોવરમાં પડતી પ્રભાઃ
મીટ અબોલ પ્રકાશ મહીં ભરી
જળચરો નિરખે અવકાશમાં.

પવનમાં તરતા તુજ પ્રાણની
સુરભિ સર્વ દિશા પ્રસરી રહેઃ
તરુવરો બની શાંત નમી રહે
સ્મૃતિ પવિત્ર રડે ભૂતકાલની.

પવનમાં તરતા તુજ પ્રાણની
શીતળ છાય ઢળે ભર ગ્રીષ્મમાઃ
વિરમતાં અહીં પંખી રમારમા
શ્રમિત પાંખ ઘડીક પ્રસારતાં.

પડઘા

ઠરી ગયાં સરતાં નીર નેનમાં
બાધર ઉર બન્યું પડઘા ભરીઃ
તનમનાટ ગયો રુદને ગળી
પણ છુટી નહિ અંતર વેદના.

શમી ગયા ઉર શ્વાસ ધીમેધીમે
ઠરી ગઈ નિજ લોચન દીવડીઃ
રમી રહ્યું સ્મિત મુખપ્રભા પરે
ડુબી ગઇ મુજ ચિંતન નાવડી.

ફરી ફરી પૃથિવી અટકી જશે,
જગતનાં સહુ ચક્ર જશે અડીઃ
પણ જડેલ ઉરે સ્મૃતિની કડી
મરણથી ય કદિ નવ તુટશે.

ઈન્દુલાલ ગાંધી

[ચિત્રકાર : કનુ દેસાઇ]

કૉલેજની હડતાળ

વિનીત રાજકીય મતના જમાનામાં એકવાર ઠેઠ બંગાળની ધારાસભા સુધી ખળભળાટ કરનાર એક સાચી હડતાળની કહાણી

સુરેન બાબુ અમારા હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ હતા. સહેજ નીચા અને જાડા હોવાને લીધે ગરદન ખભામાં દબાએલી રહેતી તેથી એ લુચ્ચા ગણાતા. લુચ્ચા એટલે વિદ્યાર્થીઓના માથાના. હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ એટલે અમારી રેસિડેન્શિયલ કૉલેજના ફોજદાર. કૉલેજના કાયદા બહુ આકરા. હદ છોડીને રજા સિવાય ક્યાંય જવાય નહિ; દિવસમાં ત્રણ વખત 'જી હાજર' બોલી હાજરી પુરાવવી પડે; રાતના નવ વાગ્યા પછી નિવાસગૃહ છોડાય નહિ, અને ટપાલ પણ બધી હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટના હાથમાંથી પસાર થાય.

સુરેન બાબુના માથામાં ચકચકિત તાલ હતી. પાણી વિનાની માછલી જીવે તો તેલ માથામાં પુર્યા વગર બંગાળી જીવે. અને સુરેન બાબુના માથામાં તેલ રહે નહિ એટલે માથું બહુ તપે. માથાની ચામડીમાં ખરે બપોરે સૂરજ ચળકતો દેખાય!

એમનાં છોકરાં બહુ મઝાનાં; પણ સુરેન બાબુ એમને વિદ્યાર્થીઓમાં બહુ ભળવા જ ન દે. સુરેન બાબુ હૉસ્ટેલમાં જ એક બાજુએ રહેતા, એટલે વિદ્યાર્થીઓને એમનાં છોકરાંઓ સાથે છુપીછુપી રીતે વાતો કરીને ઘરની નાનીમોટી વાતો પુછી લેવાની બહુ મઝા પડતી.

રવિવારે કૉલેજની હદ છોડવા માટે આગલે દિવસે અરજી કરવી પડતી. રવિવારે રજા આપવા જેવી બાબતમાં પણ સુરેન બાબુ ખુબ પુછપરછ કરતા અને પછી હમેશાં મોં બગાડીને રજા આપતા. કોઇકોઇને તો રજા મળતી પણ નહિ. એ ઉપરથી સમજી લેવાતું કે રજા નહિ મળવામાં એણે અઠવાડિયામાં એકાદ વખત સુરેન બાબુનો રોષ વહોર્યો છે.

ભોજનશાળામાં પણ સુરેન બાબુ વધારેપડતી રીતે અને લગભગ ખોટી રીતે માથું મારતા. વિદ્યાર્થીઓ તરફ જરા પણ સહાનુભૂતિ ન મળે. એમને દરેક વાતમાં કુકું પડી જાય. એટલે વિદ્યાર્થીઓ આડકતરી રીતે એમની મશ્કરી કરી એમના ચાળા પાડતા. એમનાં જ છોકરાંઓ પાસેથી ઘરના છુપી રીતે જાણી લીધેલા પ્રસંગોનું અનુકરણ કરી ખુબ હસતા. એ નીકળે એટલે વાંદરાઓ જેવો 'હૂક' 'હૂક' 'હૂક' અવાજ આખી હૉસ્ટેલમાં નીકળવા લાગતો. ગળામાંથી એ અવાજ એવી ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કાઢી શકાતો કે કોણ એ અવાજ કરે છે તે પકડાવું મુશ્કેલ થઇ પડતું, અને છતાં સુરેન બાબુ દૂરદૂર પહોંચે ત્યાં સુધી આ ગર્જના ઉપરાઉપરી ચાલ્યા કરતી.

ભોજન વિષે વિદ્યાર્થીઓ સુરેન બાબુ પાસે ફરિયાદ કરી શકતા નહિ. રસોયાની હાજરીમાં ઘણી વખત તો ઉલટું વિદ્યાર્થીઓને જ સાંભળવું પડતું. આથી રસોયો માથે ચડી ગયો હતો, ખોરાક સારો થતો નહિ અને વિદ્યાર્થીઓમાં કચવાટ વધી પડ્યો હતો.

સવારમાં સૌને શીરો મળતો, એ શીરા કરતાં સાકરના પાણીમાં બાફેલી રવાની ખીચડીને વધુ મળતો આવતો. એના ગોળા વાળીવાળીને વિદ્યાર્થીઓ હાથમાં લઇ લેતા, અને કૉલેજમાં જતાંજતાં રસ્તામાં જ એ ગોળાને વિદ્યાર્થીઓ ગળે ઉતારી પુરા કરતા. એમાં સ્વાદને સ્થાન ન હતું, પેટ ભરવાનું કાર્ય ફક્ત થતું.

સવારમાં શીરો ખાવાનો ઘંટ થયો. આજે રવો દાઝી ગયો હતો એટલે શીરો કાળો થઈ ગયો હતો અને આખી હૉસ્ટેલમાં દુણાઇ ગયાની વાસ અગાઉથી ફેલાઈ ગઇ હતી. ઠાકુરે (રસોયાએ) જેવો કડછો ભરીને પહેલવહેલો પીરસવા માટે આગળ ધર્યો કે કુલિન બાબુ બોલી ઉઠ્યા. 'એઇ ઠાકુર, આજ આ કઇ વાની ઉતારી છે?' અને એમ કહી હાથમાં લીધેલો પીંડો જોરથી ત્યાં ને ત્યાં પછાડ્યો. પછી તો જોઇ લો તોફાન. એક પછી એક વિદ્યાર્થી હાથમાં શીરાનો ગોળો વાળીને ધડ જમીન ઉપર પછાડે. સાથેસાથે 'હૂક, હૂક, હૂક'ના અવાજો ચારે બાજુ ગાજી રહ્યા.

'હૂકના માથાનું તાલકું;' 'હૂકના માથામાં બૉમ્બ;' 'હૂક, હૂક, હૂક;' 'ઠાકુર ઘી ચોરી ગયો;' 'સુરેનને ઘેર આપી આવ્યો;' એમ તોફાન મચી રહ્યું. પંદર મિનિટમાં તો તાવડામાં ભરેલા શીરાનો જમીન ઉપર મોટો ઢગલો થઈ રહ્યો! દુઃખમાં એકસંપ કરીને ભેગા

વળગી રહેલા રવાના દાણા છુટાછુટા થઇ પોતપોતાની જાત સંભાળીને વિખરાઇ ગયા.

મચી રહેલી હૂકાહૂકની અવાજ સાંભળી સુરેન બાબુ નીચે ઉતરી રસોડાની પરશાળમાં આવી ઉભા રહ્યા અને જ્યોતિન બાબુને ધમકાવી બોલ્યા, 'ગુપચુપ કૉલેજમાં ચાલ્યા જાઓ; અહીં તોફાન નહિ ચાલે.'


પણ એ કાંઇ જ્યોતિન બાબુનું તોફાન ન હતું. ત્યાં આગળ તો આખી હૉસ્ટેલની ટુકડી ભેગી થઇ હતી. જ્યોતિન જરા સ્વભાવે ગરીબ એટલે કંઇ બોલ્યો નહિ, પણ ટોળું બુમાબુમ પાડી રહ્યું, 'ઠાકુરે હલવો બનાવ્યો છે તે તો જુઓ.'

સુરેન બાબુ ઠાકુરને ઠપકો આપવા આગળ વધ્યા પણ ઠાકુરે જમીન ઉપર ફેંદાઇ પડેલા શીરાના ઢગલા તરફ આંગળી બતાવી કહ્યું, 'બાબુજી, આમ તો જુઓ.'

સુરેન બાબુ ક્રોધથી લાલચોળ થઈ ગયા. 'આવું તોફાન સરકારી કૉલેજમાં ચાલશે નહિ;' 'આનો હું આકરો ઉપાય લઇશ;' એમ બોલતા બોલતા પ્રિન્સિપાલ પાસે જવા ઉપડયા.

પ્રિન્સિપાલ હીટન સાહેબ કેટલું ભણ્યા છે તે કોઇ કહી શકતું ન હતું. પણ વ્યવસ્થા રાખવામાં એ બહુ હોશિયાર. વળી દેખાવે પ્રચંડ એટલે દમામ બહુ દેખાય, અને એમની હાજરીમાં ગમે તેવાની જીભ તાળવે ચોંટી જાય. વિલાયતમાં એમનો સસરો કોઇ મોટી પદવી ઉપર હતો એટલે હીટન સાહેબ આ કૉલેજના પ્રિન્સિપાલ બની જવા પામ્યા હતા. વિલાયત છોડતી વખતે એમને એક પાઠ ડોળદમામ રાખવાનો ભણાવી રાખેલો, એટલે ટટ્ટુ નભ્યે જતું. એન્જિનિયરીંગ કૉલેજ, એટલે ભણાવવાનું કામ તો બીજા પ્રોફેસરો કરે, અને દેખરેખ રાખવાનું કામ અમારે હીટન સાહેબ કરે. સાહેબ લોકોની એ જ હોશિયારી છે તો. રૅાફમાં ને રૉફમા પોતાનું ગાડું ચલાવ્યે રાખી શકે.

સુરેન બાબુ કૉલેજના કૉમ્પાઉન્ડમાં પ્રિન્સિપાલ સાથે વાતો કરતા ઉભા હતા એવામાં વિદ્યાર્થીઓનું ટોળું આવી પહોંચ્યું. કોઇ હીટન સાહેબ પાસે જઇ શક્યું નહિ. થોડાક સાહેબને સલામ કરી આગળ ચાલવા માંડયા. તેમની સલામ એક આંગળા વડે તેમણે ઝીલી. થોડાક ધીમા પડી કાંઇક બોલવાનો પ્રયત્ન કરવાના છે એવું સાહેબને લાગ્યું, એટલે 'તમારા ક્લાસમાં જાઓ' એમ આંખો કાઢી મોટે અવાજે ધમકાવી કાઢયા. એ પણ એક જૉન બુલની એક કળા છે.



એક પછી એક વિદ્યાર્થી શીરાનો ગોળો વાળીને ધડ જમીન પર પછાડે.

હીટન પાસે વિદ્યાર્થીઓના ભોજન સંબંધી કચવાટ તો ઘણા વખતથી પહોંચ્યો હતો. તેમણે આડી રીતે સમજી લીધું હતું કે સુરેન બાબુની રીતભાતથી તોફાન શમશે નહિ. અને રેસિડેન્શિયલ કૉલેજના પ્રિન્સિપાલની જવાબદારી પણ ઘણી હતી, એટલે બેપરવાઈ રાખ્યે ચાલે તેમ ન હતું.

બપોરે ભોજનશાળામાં વાત ચાલી કે સુરેન બાબુની બદલી થાય છે અને હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે ચુની બાબુ આવે છે. ચુની બાબુનું નામ સાંભળતાં જ વિદ્યાર્થી-

ઓએ જમતાં જમતાં હુર્રે બોલાવી.

ચુની બાબુ વિદ્યાર્થીપ્રિય હતા. વિદ્યાર્થીમંડળમાં એમની ખ્યાતિ જુદી જ રીતે થઈ હતી. વર્ષો પહેલાં જ્યારે કૉલેજ સ્થપાઇ તે વખતે તેઓ આ જ કૉલેજના વિદ્યાર્થી હતા. એ વખતે તે બહુ તોફાનીમાં ગણાતા. કૉલેજના પટાવાળા પાસેથી ટપાલ સુપરિન્ટેન્ડન્ટના હાથમાં પહોંચ્યા પહેલાં ખુંચવી લઇ શકતા. ઠાકુર એમનું ભાણું બરાબર સાચવતો. રમતમાં એક્કા એટલે કૉલેજનું સમસ્ત મંડળ એમને પૂજતું. એમને વિષે પણ કહેવાતું કે રાતના છેલ્લી હાજરી લેવાઇ ગયા પછી હુગલીને સામે પાર તરીને પોતાને સાસરે એકાદ રાત ગાળી આવતા અને સવારની પહેલી હાજરી પહેલાં તો તરીને પાછા પોતાની રૂમમાં પહોંચી જતા ને પથારીમાંથી રજાઇમાં મોં સંતાડેલું રાખીને 'જી હાજર' બોલી દેતા.

ચુની બાબુ આવ્યા એટલે વિદ્યાર્થીઓને બહુ લહેર પડી. પણ ઠાકુરનો પક્ષ ખેંચનાર કોઇ ન રહ્યું. થોડા દિવસ તો બધું ઠીકઠાક ચાલ્યું. શીરો હવે ઘીવાળો થવા લાગ્યો હતો, ભાત અને મચ્છીમાં સ્વાદ આવવા લાગ્યો હતો અને જમ્યા પછી ભોજનશાળામાંથી પાનની પટ્ટીઓ મળતી તેમાં પણ સુગંધી મસાલો પડવા લાગ્યો હતો. રવિવારની રજા પણ હવે સૌને છુટથી મળતી. રજા લેવા જનાર સાથે ચુની બાબુએ પુછપરછની પ્રથા તો અગાઉની જેમ ચાલુ રાખેલી; પણ પદ્ધતિમાં ઘણો ફેરફાર હતો. મોંમાં લાંબી ચીરૂટ રાખી ધુમાડાના ગોટા વચ્ચેથી એ પુછતા, 'કેમ, હેમન્તબાબુ, ક્યાં જશો?'

'જી, ઘેર જઇશ. માને મળી આવીશ; બ્હેન સાસરેથી આવી છે તેને મળીશ.'

ચુની બાબુને આ સાંભળી સ્મિત આવતું. એ સ્મિતને છુપાવવા ચીરૂટને બે હોઠ વચ્ચે જોરથી દબાવતા અને ધુમાડા કાઢવાની સાથેસાથે બોલતા, 'કે પછી સાસરે આંટો મારી આવશો? જમાઇબાબુ થઇને જવામાં ઓર લ્હેર છે, ખરૂં ને?' અને એમ બોલતાં બોલતાં ધુમાડા વડે જ આંખો મીચાઈ જતી હોય તેવો દેખાવ કરીને ભૂતકાળનું મીઠું સ્મરણ કરીને તૃપ્ત થએલા દેખાતા. પછી આંખો ઉઘાડીને બોલતા, 'ઑલ રાઇટ, જઇ આવો. સોમવારની સવારની હાજરીમાં ગફલત નહિ કરતાં. જરા વહેલા ઉઠી નીકળી આવજો.'

સાસરે જતા વિદ્યાર્થીઓને આવી મશ્કરી ગમે જ એમાં નવાઇ નથી. લગભગ દરેક જણની સાથે નવી નવી ગમ્મત હોય, એટલી એમની પોતાની ભૂતકાળના પ્રસંગોની સમૃદ્ધિ હતી. અને એક વખત પોતે અનુભવેલી સ્થિતિમાંથી પસાર થતા વિદ્યાર્થીઓને જોઇને કોને સહાનુભૂતિ નથી થતી?

પરંતુ વૅકેશન પુરૂં થયા પછી કૉલેજના સ્ટાફમાં વળી પાછો ફેરફાર થયો. ચુની બાબુના એક સીનિયર ઑફિસર રીટાયર થયા એટલે એમને ઉન્નતિ મળી તેવો ના છુટકે એમને પોતાની ડ્રૉઇંગ ઑફિસની જવાબદારી લેવા જવું પડ્યું.

પોતાને વિદ્યાર્થીઓની ખાતર હૉસ્ટેલ છોડવી પડી હતી તે સુરેન બાબુને સાલતું હતું તેથી તેઓ પાછા ત્યાં જવાની હીલચાલ કરવા લાગ્યા અને બીજા ઑફિસરના અભાવે પ્રિન્સિપાલે એમને જ પાછા હૉસ્ટેલમાં મુક્યા. સુરેન બાબુને બદલીને ચુની બાબુને મુક્યા જ ન હોત અને વિદ્યાર્થીઓની અગવડ દૂર કરવા કંઇ ગોઠવણ જ ન કરી હોત તો ઠીક હતું. આ તો વચ્ચે થોડો વખત ચુની બાબુ આવી ગયા એટલે વિદ્યાર્થીઓનો અસંતોષ બેવડા પ્રમાણમાં વધી ગયો.

સુરેન બાબુએ પણ આ વખતે તો તાલકામાં પુષ્કળ ગરમી સંઘરી રાખી હતી, એટલે દરેક કામમાં કડક બનીને ચાલવા માંડ્યું હતું. હૉસ્ટેલના દરેક કાયદાનો અમલ અક્ષરશઃ પળાવવા તેમણે આગ્રહ રાખવા માંડ્યો. કાયદા પ્રમાણે વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુ સિવાય અન્ય કોઈ વસ્તુ હૉસ્ટેલમાં નહિ રાખવા બાબત સખતાઈ ચાલી. પરિણામે બીજી જ સવારે સુપરિન્ટેન્ડન્ટની ઑફિસમાં વાંસળીઓ, પાવાઓ અને ફ્લ્યુટ (હાથનું હારમોનીઅમ) જપ્ત થઇને, બધાંનું ખાસ્સું પ્રદર્શન ભરાયું. રાત્રે ગાવાની મનાઇ થઇ એટલે વિદ્યાર્થીઓની ઘણી યે રાત્રિપ્રવૃત્તિ બંધ થઇ. બંધ ન થઇ શક્યો માત્ર એક 'હૂક, હૂક, હૂક'નો અવાજ. એ બંધ કરવાનો ઉપાય જ ન હતો.

વિદ્યાર્થીઓમાં બધે છુપોછુપો અસંતોષ ફેલાઇ રહ્યો હતો, છતાં આખું સત્ર એમ ને એમ અભ્યાસમાં ને અભ્યાસમાં પુરૂં થવા આવ્યું ત્યાં સુધી બીજું કાંઇ કરવાનું બહુ ઓછાને સુઝતું. પણ ધુંધવાટની આછી છાયા સૌના મુખ ઉપર દેખાતી.

સત્રને અંતે વિદ્યાર્થીઓ એક ઉત્સવ ઉજવતા. એમાં જુના તથા નવા વિદ્યાર્થીઓ મળતા. પ્રોફેસરો ને પ્રિન્સિપાલ પણ આવતા. નાટ્યપ્રયોગો થતા અને જમણવાર ચાલતો. એ કાર્યક્રમ ઘડવા માટે એક કમિટી થતી તેમાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ મુખ્ય રહેતા.

પણ આ વખતે કાર્યક્રમ ઘડવામાં સુરેન બાબુને સહાનુભૂતિથી કામ લેતાં આવડ્યું નહિ. કેટલીએક બાબતમાં પોતાનો અખત્યાર બતાવવાનો તે પ્રયત્ન કરવા લાગ્યા. પરિણામે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં ભંગ પડવા લાગ્યો. કમિટીના સભ્યોએ બન્યું ત્યાં સુધી સુરેન બાબુનું માન સાચવ્યું, પણ સુરેન બાબુને પોતાની માનેચ્છા કરતાં વિદ્યાર્થીઓના માનભંગની વધુ લાલસા હતી.

તેમની આ રીતભાત વિદ્યાર્થી આલમમાં સર્વત્ર પ્રસરી રહી હતી એવામાં વળી પાછી રસોઇ ખરાબ થવા લાગી. ઠાકુર માથાભારે બની જઇને રસોડામાં ચલમ ફૂંક્યા કરતો હતો. તેના હાથ નીચેના રસોયાઓ પણ રસોઈ કરવા કરતાં ચલમ ફૂંકવામાં વધુ રસ લેવા લાગ્યા હતા; એટલે ભાત હમેશાં દાઝી જતો કે કાચો રહી જતો, મચ્છી બરાબર તળાતી નહિ ને અઠવાડિયે એક વખત મટન મળતું તે પણ બરાબર રંધાતું નહિ.

કૉલેજના બધા વિદ્યાર્થીઓનું એક જ રસોડું હતું. એકીસાથે ત્રણ સો વિદ્યાર્થીઓ ભોજનશાળામાં જમવા બેસતા. રસોઇ બગડી એટલે તો વિદ્યાર્થીનો આખો દિવસ બગડ્યો. સત્રાંત ઉત્સવના દિવસો નજીક આવતા હતા. ઉત્સવ સમિતિએ પોતાનું ધાર્યું જ કરવાનો લગભગ નિશ્ચય કરી લીધો હતો અને આજ રાત્રે તો સુરેન બાબુને સ્પષ્ટ સંભળાવી દેવા માટે વિદ્યાર્થીઓ સમિતિના સભ્યોને ઉત્તેજી રહ્યા હતા.

રાતના જમવાનો ઘંટ થયો. એક પછી એક સૌ ભોજનશાળામાં ભેગા થઇ બેસી ગયા એટલે ભાત પીરસાયો. ચારૂ બાબુ પાંચે આંગળીઓ વડે ભાતને રમાડતા હતા એવામાં અંદર કંઇક લાલલાલ દેખાયું. હાથમાં લઇને જુએ છે તો વંદો!


'એઇ ઠાકુર, આ ભાતને શાનો વઘાર દીધો છે, આજ?'

પણ ઠાકુર રસોડામાં ચલમ ફૂંકતો હતો.

ત્યાં તો મણિ બાબુના ભાતમાં બે વાંદા, સુરેશના ભાતમાં પાંચ અને હેમન્તના ભાતમાં સાત નીકળી પડ્યા. બધે હો હો થઇ રહ્યું. ઠાકુર માટે બુમાબુમ પડી રહી. ઠાકુર લાલઘુમ આંખો લઇને આવ્યો ને નીચો વળી જોવા લાગ્યો.


ક્ષિતીન બાબુ ગર્જી ઉઠ્યા, 'એઇ ઉલ્લુ, એમાં જુએ છે શું તારા બાપનું કપાળ?' એમ બોલી તેની ગરદન પકડી ભાતમાં મોં દબાવી દેવા પ્રયત્ન કર્યો. પણ એટલામાં ઠાકુરના રસોયાઓનું લશ્કર આવી પહોંચ્યું અને ઠાકુરને બચાવી લીધો. બે જણ સુરેન બાબુને બોલાવવા દોડ્યા. તે આવ્યા એટલે વિદ્યાર્થીઓએ તેમને ઘેરી લીધા.

(અનુસંધાન પાન ૨૮મે)



દૂરના બારીમાંથી સુરેન બાબુની આકૃતિ નીચે ઉતરતી દેખાઇ એટલે છોકરાઓ વિજળીની બત્તી તરફ દોડ્યા અને મેઇન સ્વિચ બંધ કરી તાર કાપી નાખ્યા.

જંતુસૃષ્ટિનો સાવજ



અત્યંત બેદરકારી ને નિરીક્ષણશક્તિના અભાવે આપણે આપણી સાવ નિકટ વસતા જીવજંતુ કે પ્રાણીઓ વિષે બહુ જ ઓછું જ્ઞાન ધરાવીએ છીએ. આપણે આંખો ખુલ્લી રાખીને આપણી સાથે, આપણા ઘરમાં જ રહેતા જંતુઓનો બારીક અભ્યાસ કરીએ તોપણ ઘણું જ જાણવાનું મળે ને ગમ્મત સાથે જ્ઞાન પણ વધે. દાખલા તરીકે કરોળિયો.

બાલ્યાવસ્થામાં 'કરતાં જાળ કરોળિયો ભોંય પડી ગભરાય' એ કવિતા વાંચીને કેટલાને કરોળિયાની મહત્તાનો ખ્યાલ બંધાયો હશે? કરોળિયો એટલે જાળ બનાવનાર જંતુ, છ પગ અને સફેદ પડ, એટલાથી આગળ આપણી નિરીક્ષણશક્તિ ભાગ્યે જ વધી છે. એનું દૈનિક જીવન, એની રચનાશક્તિ, એનું શરીર-બંધારણ, શિકાર ખેલવાની એની આવડત, એનો ગૃહસ્થાશ્રમ, એના નરમાદાના સંબંધ, એનો બાલઉછેર, જીવન-વિગ્રહની એની આત્મરક્ષક વૃત્તિઓ અને એ સર્વેનાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ નિદાન ને પૃથક્કરણ આપણે કોઇએ ખ્યાલમાં ઉતાર્યાં નથી. સ્કૉટલંડના રાજા બ્રૂસને વિજયપંથે પળવા પ્રેરણા અર્પનાર આ જંતુરાજનું જીવન સાચે જ વિલોકવા જેવું છે.

જાણીને નવાઈ થશે, પણ કરોળિયો ગુણે સ્વભાવે માણસને મળતો આવે છે. માણસની જેમ તે સુંવાળું ને નાજુક પ્રાણી છે, પણ તેનામાં અથાગ શક્તિ અને બુદ્ધિ છે. તેને બીજાં પ્રાણીઓની પેઠે પોતાના સંરક્ષણ માટે ચાંચ, શીંગડાં કે પંજા નથી, એટલે ધારે તો કોઇ નાનામાં નાનું પ્રાણી પણ તેનો નાશ કરી શકે. પરંતુ તે બધાના સામે ટક્કર ઝીલે તેવું વિચક્ષણ હથિયાર કુદરતે તેને બક્ષ્યું છે, અને તેનો તે વિસ્મય પમાડે તેવાં અનેક કામમાં ઉપયોગ કરે છે. એ હથિયાર તે તેની લાળ છે. તે સુંવાળી લાગે છે તેટલી જ ચીકણી ને મજબુત હોય છે; રૂપાળી હોય છે તેટલી જ ઝેરી હોય છે. માણસના ખોરાકમાં કદાચ પડી હોય તો એકદમ ઉલટીઓ થવા માંડે છે.

નિરીક્ષણ કરવાની આપણને બહુ ઓછી ટેવ છે, એટલે આપણે કરોળિયાની એક જ જાત માનતા હોઇએ છીએ. પણ સૃષ્ટિજ્ઞાનશાસ્ત્રીઓએ એની ૧૨૦૦ ઉપરાંત જાતો નક્કી કરી છે. અને એ બધી જુદી-જુદી જાતોમાં લાળમાંથી લાંબા સુંવાળા તાર કાઢવાની, જાળગુંથણી કરવાની, તેમાં શિકારને સપડાવવાની તથા તેમાંથી લાયક ખોરાક બનાવી લેવાની અનેક જુદી-જુદી રીતો હોય છે.

કરોળિયાની સૃષ્ટિમાં ત્રિયારાજ વર્તે છે. માદાઓ જ એમાં બધો કારભાર ચલાવે છે. જાળો ગુંથવાનું, તેને તપાસવાનું, ઘર મજબુત રાખવાનું,—બધું કામ માદાઓ જ કરે છે. શરીર અને બળમાં નર માદા કરતાં હીન અને ઉતરતો હોય છે એટલે તેને ધણિયાણીથી હમેશાં ચેતતા રહેવું પડે છે. માદા બહુ બળુકી હોય છે, અને પ્રેમ કે સ્નેહભાવની ખાસ કશી પ્રેરણા આ જંતુમાં હોતી નથી, એટલે જો બને વચ્ચે તકરાર થાય, અથવા તો ખાવાનું ખુટે તો માદા નરનું જ ભક્ષણ કરી જાય છે!

આ જંતુને ઇંડાં એકસામટાં ૨૦૦ જેટલાં થાય છે. માદા તેમને પોતાની પીઠ પર લઇને ફેરવે છે, અને છ માસ સુધી, બચ્ચાં પુરાં મોટાં ન થઈ રહે ત્યાં સુધી માદાને આમ પીઠ પર જ બચ્ચાં ઉછેરવાં પડે છે. નવાઇ લાગશે કે ૨૦૦ ઇંડાંનાં બચ્ચાં પીઠ પર કેમ રહે? પણ એ મોટી સંખ્યામાંથી બહુ જ ઓછાં બચ્ચાં બચવા પામે છે ને ઉછરે છે. નાગણ જેમ બચ્ચાંને જન્મ આપતી જાય છે ને ભરખતી જાય છે, તેમ કરોળિયામાં માદા પોતે નહિ પણ એ બચ્ચાંઓ

કળાધર કરોળિયો

જ આપસઆપસમાં પોતાનાં ભાંડુને ભરખતાં જાય છે. તેમાંથી જેટલાં બળવાન હોય ને છટકી જવા પામે તે બચે છે. એવો કુદરતી ક્રમ ન હોય તો તો દુનિયામાં કરોળિયાસૃષ્ટિ ઉભરાઇ જ ચાલે ને?

ઉપર કહ્યું તેમ આ બચ્ચાંમાં પણ સ્નેહની કશી પ્રેરણા હોતી નથી. કોઇ વાર કોઇ માદાને બીજી માદા સાથે ઝપાઝપી થવા પામે તો બચ્ચાં માને છોડી આઘાં જઇ ઉભાં રહે છે;—માનો બચાવ કરતાં નથી, એટલું જ નહિ પણ પોતાની માને સામી માદા ઓહિયાં કરી જાય કે તરત જ પેલી ગોઝારણની પીઠ પર આ નગુણાં ચડી બેસી રસ્તે પડે છે. એને સગી કે સાવકી મા જેવો ભેદભાવ હોતો નથી, તેમ માદાને પોતાનાં કે પારકાં બચ્ચાં પરખવા જેટલી પ્રેરણા હોતી નથી!

કરોળિયાનું કદ અને કાઠું જોતાં એ પોતાના ગજા ઉપરવટ કામ કરનાર ભીષણ જંતુ ગણાય. બળીઆ સાથે બાથ ભીડવામાં તે જરા યે આંચકો ખાય નહિ. કદાપિ અંગબળથી કોઇ ઘામાં ન આવે તો તેની જાળમાંથી તો શત્રુ છટકી શકે જ નહિ. તેની લાળમાં સરેસનું જે તત્ત્વ છે તે સ્પર્શતાં જ શત્ર સપડાય છે. જેમ વિજળીના તારને અડ્યા કે આંચકો લાગ્યો જ છે, તેમ કરોળિયાના જાળતંતુ પણ એટલા જ અસરકારક અને અકસીર છે.


એની જાળ એ તો શિલ્પ અને તંતુવિદ્યાનો ઉત્કૃષ્ટ નમુનો છે. જે યત્ન ને ધૈર્યથી તેઓ રચે છે એ ઉપર તો કવિઓએ કાવ્ય લખ્યાં છે. સ્કૉટલંડના પરાજિત રાજા બ્રૂસે ફરીફરી ચડવા માટે નવપ્રયાસ કરનાર કરોળિયામાંથી જ બોધ ને પ્રોત્સાહન પામી, ગએલું રાજ્ય પાછું મેળવ્યું એ તો ઇતિહાસમશહૂર દૃષ્ટાંત છે.

કરોળિયાનો દંશ ઘણો જ ઝેરી હોય છે. તેને પણ સાપની માફક ઝેરી કોથળીઓ અને તીણી સુંઢો હોય છે. શિકાર હાથ આવ્યો કે તેને દંશ દઇ અંદરથી એવું ઝેર શિકારના શરીરમાં દાખલ કરી દે છે કે જાણે ક્લૉરોફૉર્મ સુંઘાડ્યું! મડદાની માફક પછી તે જંતુ હલીચલી શકતું નથી. આમ એકસાથે તે આખો શિકાર કબજે કરી લે છે. પછી તેના ઉપર મન ધાર્યો હાથ મારે છે! વળી આ જંતુ અકરાંતિયો પણ ગજબ છે. એના પેટની ગુફા એવડી મોટી હોય છે કે અનેક પામર જીવોને તે હજમ કરી જાય છે.

આઠ આંખો કોઇને સાંભળી છે? કરોળિયાને હોય છે! પણ બીલકુલ પોપચાં વિનાની. અને એની શક્તિ પણ ઝાઝી નહિ. માત્ર આકાર, રંગ અને ગતિ વડે તે કળી શકે છે એટલું જ. જોવા ઉપરાંત સાંભ-ળવાની અને ગંધની સામાન્ય શક્તિ પણ એનામાં છે. એની સ્પર્શશક્તિ ઘણી સતેજ હોય છે. પણ આ બધા કરતાં અતિ તીવ્ર અને વિલક્ષણ તો છે એની આત્મરક્ષણની શક્તિ. શિકારી પક્ષીઓ અને ભમ-રાઓના ભોગ થતાં બચવું એ એને માટે જીવનભરનો પ્રશ્ન છે. પણ તેને પહોંચી વળીને તેમની નજર આગ-ળથી સદા અદૃશ્ય રહેવા માટે એની તેજસ્વી બુદ્ધિ અવનવા ચક્રવ્યૂહ રચી લે છે.

પોતાના બચાવ માટે તે બહુ કાળજી રાખે છે. અખતરો કરવો હોય તો એકાદ જાળામાં બેઠેલા કરોળિયાને સહેજ આંગળી અડકાડી જોજો. આંગળી અડતાં જ પોતાનું તમામ બળ એકઠું કરી જાળા પર આમતેમ એટલી ઝડપથી દોડવા માંડશે કે ઘડી-ભર તમને ભ્રમ થશે કે તે અદૃશ્ય જ થઇ ગયો!

પાસિફિક મહાસાગરના કાંઠાના પ્રદેશોમાં કેટ-લાક કરોળિયા દરિયાના કાંઠા ઉપર રેતીમાં જ રહે છે. તેમનું ભરતી વખતે શું થતું હશે? ભરતી સામે એ ઝીક ઝાલતા હશે, કે નાશ પામતા હશે કે નાસી જતા હશે? કાંઈ જ નહિ. તે અદ્ભુત રીતે પોતાનો બચાવ જ કરી લે છે. ઓટ વખતે જે દરમાં પોતે રહેતા હોય છે તે જ દરમાં તેઓ પડી રહે છે; માત્ર ભરતીનાં પા-ણી આવવાનાં થાય એટલે એ દરનાં મોં ઉપર ઢાંકણાં રચી નાખે છે. પો-તાની જીભમાં-થી જળનિર્લેપ (વૉટરપ્રુફ) ચીકણો પદાર્થ



કુદરત અને કરોળિયાની સંયુક્ત કલા

કાઢીને તેનાં એવાં તો ધાટાં ને મજબુત પડ વડે દર બંધ કરી દે છે કે ભરતીઓનાં પાણી ગમે તેટલા ઉછાળા મારે પણ લેશમાત્ર અસર પહોંચે નહિ.

કરોળિયાને તેના શિકાર પકડવામાં અજબ સરળતા કરી આપનાર તો તેણે પોતાના જાળા–મહેલમાં ગોઠવેલી ટેલિફોનની રચના છે. તેણે તેની જાળની એવી ગુંથણી આસપાસ કરી રાખી હોય છે કે તેનો શિકાર દૂર હોય ત્યાં જ તારના હલનચલનથી તેને એ હર્ષ–વર્તમાન મળી જાય છે. કરોળિયો તેના દીવાનખાનામાં બેઠો હોય છે, ત્યાં દૂરદૂર જાળના પડેથી તારનો ઝણઝણાટ આવે છે. આપણે આતુર બની જેમ ટેલિફોન ઉપર દોડી જઇએ, તેમ આ જાળતંતુઓનાં આંદોલનોનો સંદેશો સાંભળવા કરોળિયો લાગલો સજ્જ થઇ ધસી આવે છે અને એકાદ પ્રાણી સપડાએલું તેની નજરે પડે છે! પછી તે નાનું હોય કે કાનકરડિયા જેવડું મોટું હોય, તેને બાંધી જીવનમુક્ત બનાવે છે. નાનું હોય તો એને તરત જ પોતાના ઝેરથી ઠાર કરી આરોગી જાય છે. પણ કાનકરડિયા જેવડા મોટા પ્રાણીને ઠાર કરવું કાંઇ સહેલ છે? પરંતુ કરોળિયો પોતાનાં ઝેરી સાધનો અને બુદ્ધિવડે એનો ઝપાટાબંધ નાશ કરી શકે છે. શિકારની પીઠ પકડી ઝેર છાંટી તેને બેહોશ કરતો જાય છે અને પોતાના શરીરમાં રહેલાં આઠસો છિદ્રોની ચીકણી લાળ છ મોટા ધોરિયા વાટે વહેવડાવી ઝપાટાબંધ તેની આસપાસ જાળ ગુંથવા માંડે છે. શિકારનું પ્રાણી જરા સળવળતું જણાય કે ઝેર છાંટતો જાય છે અને પાછલા પગના ઑપિયા વડે તેને આમતેમ ઉથલાવતો જાળ વડે જકડતો જાય છે. કાનકરડિયું ફાંફાં મારીમારી થાકે છે અને અંતે મરણશરણ થાય છે. તેની જાળ યમની જાળ જેટલી જ ભયંકર હોય છે. શિકાર મૃત્યુ પામ્યા પછી તેમાંથી અરોગવા જેટલું આરોગાઈ બાકીનો ભાગ ફેંકી દેવાય છે, અને તુટેલી જાળની પાછી મરામત કરી બીજા કોઇ મુમુક્ષુ જીવના સપડાવાની રાહ જોતો અષ્ટનેત્રી કરોળિયો પોતાની શિકાર સમાધિમાં લીન થાય છે.

કરોળિયાની બધી જાતોમાં વરૂ કરોળિયાની જાત બહુ બળવાન હોય છે. તે જાળાં બાંધ્યા વગર જ રખડે છે; પણ તેની પાસે લાળના દોરડાં તો તૈયાર જ હોય છે. તેની શિકાર પકડવાની રીત પણ જુદી હોય છે. શિકારને તે જાળમાં ન સપડાવતાં તરાપ મારીને પકડે છે ને પછી લાળ વડે તેને જકડી લે છે.

વળી જીબ્રા નામની ચટાપટાવાળી કરોળિયાની એક જાત થાય છે. ઘરની ભીંતે ઘણીવાર એ બેઠો હોય છે. અદૃશ્ય રીતે તેની લાળ તૈયાર જ હોય છે. તમે જરાક આંગળી અડકાડો અને ઉડીને ભાગે ત્યારે જ એ લાળે ઝુલતો તમને જણાય. લાળનો એક છેડો ભીંત ઉપર ચોંટેલો હોય છે. શિકાર હાથ લાગે કે તરાપ મારી પકડીને નીચે પડે. આપણને લાગે કે એ નીચે પછડાયો; પણ એ તો લાળે લટકતો જ હોય!

આ ઉપરાંત કેટલાક ઝેરી ને મોટા રાક્ષસી કરોળિયા થાય છે. તે તો વખત આવ્યે માણસ ઉપર પણ હુમલો કરતાં ડરતા નથી. પ્રાણી તથા જંતુશાસ્ત્રનો વિખ્યાત અંગ્રેજ વિદ્વાન હડસન તેવો એક પ્રસંગ વર્ણવે છે કે 'કરોળિયાના એક જાળા પાસેથી પસાર થતાં મારી પાછળ એક ઝેરી જંગી કરોળિયો પડેલો. તે મારા ઘોડા પાછળ દોડતો હતો. તેને દૂર કરવા માટે મેં ચાબુક મારતાં તે તેના પર ચડી આવ્યો. અંતે તેના ઝેરી દંશથી બચવા મારે ચાબુક જ ફેંકી દેવી પડી, નહિ તો મને ફટકાવ્યો હોત!'

એકવાર એવા બે ઝેરી કરોળિયા વચ્ચે યુદ્ધ જામેલું. તેઓ શરૂઆતમાં લાળ ફેંકતા નહોતા. માત્ર હુમલો કરવાનો લાગ શોધતા તેઓ એક બીજા પર તરાપ મારતા હતા. અંતે એકજણ દાવ ચુકયો અને સામેનો તેના પર ચોંટી પડ્યો તથા તેની ચારે બાજુ એટલી ઝડપથી ફરવા માંડ્યું કે જોનારને તો એ એકને બદલે બે કરોળિયા દેખાય! થોડીવારમાં તો તેણે પોતાના દુશ્મનને લાળના કોકડામાં એવો તો જકડી લીધો કે તે જરા પણ ચસકવા ન પામે. પછી તેને પોતાના ઝેરી પગથી ખુબ ગુંદ્યો ને બચકાં ભરવા લાગ્યો. આખરે જ્યારે શત્રુ મુઓ ત્યારે જ તે જંપીને બેઠો.

કરોળિયાની જાળગુંથણી તેની અક્કલ ને શક્તિનું અદ્દભુત દર્શન કરાવે છે. ઘણી જ બુદ્ધિ ને યુક્તિપૂર્વક તે જાળાં બનાવે છે. અમુક અંતરે બરાબર સમચોરસ ભાગ–ખાનાં–એવી સુંદર રીતે પાડે છે કે કુદરતમાં મધમાખી સિવાય બીજા જંતુઓમાં જવલ્લે જ એ શક્તિ મળે છે.

કરોળિયાની એક મહાસિદ્ધિ એ છે કે તેનો બધો ઇજનેરી અસબાબ તેના શરીરમાં સાથે લઇને જ એ ફરે છે. એ ઈજનેરી અસબાબમાં શું શું હોય છે? લાળ, જે હવા લાગવાથી રેશમ જેવી જામી જાય છે તે. ને કાંતવા તથા વણવાનું પણ સાથે જ હોય. લાળને કાંતવા માટે તેના પેટને છેડે છ મસા હોય છે. તે છ ચરખા જ સમજો. ઘોરિયા જેવા આ ચરખા ફર્યા જ કરે છે અને આ ષટપંખામાંથી લાળ નીકળવા લાગે છે. દરેક પંખે એકસો ને ત્રીસ ત્રીસ તકલીઓ હોય છે, જેના ઉપર એ નીકળતી લાળ કંતાતી અને વીંટળાતી જાય છે. એટલે એક સાથે ૭૮૦ જેટલી તકલીઓ કામે લાગે છે અને જેવો જાડોપાતળો તાર કાઢવો હોય, તે પ્રમાણે જોઈતી તકલીના તારો એકઠા કરીને ઠરડી લે છે. ત્યારે એનો અર્થ એ થયો કે કરોળિયાની તકલીનો મુળ તાર તો જણાય છે તેથી આઠસો ગણો બારીક હર્યો. આ આઠસો તારને ઠરડવાનું કામ તેનો એકાદ પગ કરે છે.

કરોળિયાએ આવીરીતે ઠરડેલો ઝીણામાં ઝીણો તાર·૦૦૬૮ (અડસઠ દસ સહસ્રાંશ) મિલિમીટર ઝીણો હોય છે. એટલે કે આવા ઠરડેલા (મુળ તાર નહિ) ૩,૭૩૨ તાર ભેગા થાય ત્યારે એક ઇંચ જેટલા થાય! ત્યારે મુળ તાર તો એક ઇંચ જગ્યામાં ૩૦ લાખ જેટલા થાય! આવી લલિતલાલિત કળા બીજા કયા પ્રાણીને વરી હશે? ખુબીની વાત તો એ છે કે આ જાળ ગુંથતાં તેને એક કલાક પણ લાગતો નથી. તમને આ બધો અટપટો હિસાબ યાદ ન રહે તો કાંઇ નહિ, પણ એ તાર માણસના વાળના સોમા ભાગનો હોય છે એટલું તો યાદ રહેશે ને?

માણસ કે મીલ એકીસાથે એક કે બહુબહુ તો દસ પુણી કાંતી શકે; અને એકસાથે એક કે ૨૫ તાર ઠરડી શકે. બારીકમાં બારીક સોથી પાંચસો અને વિરલ અપવાદ રૂપે હજારથી ઉપર નંબરનું સુતર ભાગ્યે જ કાંતી શકે. ત્યારે કળાધર કરોળિયો એક સાથે છ લોઢવાના ચરખા ચલાવી, ચરખે ચરખે ૧૩૦ તકલી ગોઠવી, તકલીએ તકલીએ ઇંચના ત્રીસ લાખમા ભાગ જેટલો સૂક્ષ્માતિસૂક્ષ્મ તાર ખેંચી, એક પગ વડે જ એ આઠસો તકલી પરના તાર ઠરડી, ૧૧ હજાર નંબરનો તાર (અથવા ઈંચના ૩,૭૩૨મા ભાગ જેટલો બારીક તાર) બનાવે છે!

રૂપાનો જે બારીકમાં બારીક તાર માણસ યંત્ર વડે કાઢી શકે છે તેના કરતાં યે આઠગણો ઝીણો એ ઠરડાએલો તાર હોય છે. વળી એ તાર રૂપાના તાર કરતાં તો ક્યાં યે મજબુત હોય છે. એ તાર પાંચથી દસ ગ્રામ જેટલું વજન ઉચકી શકે છે! કામસ્કાટકાની કળાધરિણી સ્ત્રીઓ એ બારીક જાળતંતુનાં હાથમોજાં ગુંથે છે ને પશ્ચિમની લલનાઓ મોંઘાં મૂલ દઇ તે કળા માણે છે એ તો અગાઉ 'કુમાર'માં વાંચ્યું હશે.

પોતાના રહેઠાણની વચ્ચે આવતા કોઈ ખાડા ઉપર જવાઆવવા માટે કરોળિયો લાળનો પુલ પણ બનાવે છે. તળાવમાં ઉંચી લાકડી ખોડીને તે ઉપર કરોળિયાને મુકયો હોય તો તે જમીનને પહોંચે ત્યાં સુધીનો લાંબો તાર ગુંથવા માંડે છે ને પુલ તૈયાર કરવા મંડી જાય છે. કરોળિયા લાળ પણ બે જાતની કાઢે છે: ચિકાશવાળી અને ચિકાશ વગરની. જે જાળામાં સામાન્ય માખી અડતાં વેંત જ સપડાઇને મૃત્યુ પામે છે તેમાં કરોળિયાએ પોતાને ફરવા જેટલો ચિકાશ વગરનો સાદો સીધો રસ્તો પણ રાખેલો હોય જ છે!

જ્યારે જાળામાં કોઇ મોટું જીવડું ભરાઇ પછાડા મારીને જાળનો નાશ કરે એવું લાગે છે ત્યારે તે અટકાવવાને કરોળિયો એકાદ તાર તોડી નાખી તેને છુટો કરી દે છે. એ સમજે છે કે જાળાનો સમુળગો નાશ થાય તેના કરતાં એકાદ બાકોરૂં પડીને અટકે તે સારૂં.

અભ્યાસીઓનો અભિપ્રાય છે કે પૂર્વે કરોળિયામાં જાળ ગુંથવાની આ શક્તિ સહસા નહિ આવેલી. માણસની જેમ તે પણ ભટકદશા (Nomadie age) પસાર કરી ગયો છે. અગાઉ તે માત્ર એક લાંબો તાર કાઢી બેસતો ને પવનના ઝાપટાની રાહ જોતો અને પવન સાથે લાળ કાઢતો આગળ ધપતો. એમ એ નદી સરોવર અને ખાઇ ખાડીઓ પણ ઓળંગી ગયો છે. એ વિશ્વવ્યાપી છે. પક્ષીઓથી નીચે અને જંતુઓથી ઉંચામાં ઉંચે તે વસી શકે છે. એથી એ વાયુસખા હોય તેમ જણાય છે. માઉન્ટ એવરેસ્ટ ઉપર ચડનાર સાહસિકોની નજરે ૨૨,૦૦૦ ફુટનાં ઉંચાં ગિરિશૃંગો ઉપર પણ કરોળિયાની વસ્તી નજરે પડી હતી!

એક પાટા વાળી રેલગાડી (મોનો રેલ્વે)ની જેમ લાળને આધારે પ્રાથમિક દશામાં પર્યટન કરતા કરોળિ-

યાને પછી ધીમેધીમે એ લાળનો નવો ઉપયોગ સ્ફૂર્યો. પોતાનાં ઇંડાંના રક્ષણનો સવાલ ઉભો થયો. એ લાળનું કોચલું પદડીને જોસ્તાન જેવું કંઇક બનાવ્યું અને તેમાં ઈંડાં રાખી સેવવા માંડ્યાં. પછી બચ્ચાં થયાં એટલે તેની રક્ષા કરવાનો પ્રશ્ન ઉભો થયો. કરોળિયો બખોલો કે બાકાંમાં પેસી ઉપર તાર ગુંથવા લાગ્યો. આમ બખોલ બાકાંમાં દર કે ઘર કરી રહેવા લાગ્યો તો ખરો, પણ આહારવિહાર માટે તો બહાર આવજા કરવી પડે. એટલે પછી બારણાની શોધ કરી. અને બારણા માટે જાડી તથા મજાગરા માટે પોચી લાળ વાપરી. રશિયાના સાઇબીરીયાના વેરાનમાં આવાં ગુફા-દ્વારો પુષ્કળ છે. એ દ્વાર તેના વજનથી જ, પસાર થતાં આપોઆપ દેવાઈ જાય છે. મધ્ય ઓસ્ટ્રેલિયા અને માડાગાસ્કરમાં કરોળિયા એક ઝાડથી બીજે ઝાડે પંદર પંદર ફુટ લાંબી અને ૬ ફુટ પહોળી જાળ-નાં થાન ગુંથે છે તેમાં પક્ષીઓ સુદ્ધાં ઝડપાય છે.

કરોળિયો જેમ બહુ ખાઉધરો અને અકરાંતિયો લાગે છે તેમ તે સંયમી પણ જણાય છે. તેને તો 'મળે ત્યારે ઇદ નહિતર રોજા' જેવો હિસાબ છે. કરોળિયો દીર્ઘકાળપર્યંત વાયુ આહારી (પવનાહારી) રહી શકે છે. એક ટીખળી વિજ્ઞાનચિકિત્સકે દસ માસ સુધી કરોળિયાને રોજા કરાવ્યા હતા, છતાં બહાદુર કરોળિયો જીવ્યો હતો!

કરોળિયાની જાળ સાંઠીકડા કે વળેલા સોટા કે સળોંથા ઉપર વીંટી તે વડે ટ્રેઝરી આઇલૅન્ડના જંગલીઓ માછલાં પકડે છે. ટ્રીબ્રીઆન્ડ અને ફીજી બેટના અસલીઓ પણ છૈયાં, બરૂ કે ડાળખાં ઉપર એક કે વધારે જાળ વીંટી મચ્છીજાળ બનાવે છે અને તેમાં ત્રણથી ચાર રતલી માછલાં આવી સપડાય છે. અમેરિકાની ઝૂલૉજિકલ સોસાએટીની એક પત્રિકામાં ડબલ્યુ ગજ્જર (Gudjer) જણાવે છે તેમ ન્યૂગીએનામાં તો ત્યાંના વતનીઓ કરોળિયા પાસે વરદીબંધ જાળ ગુંથાવે છે. તેઓ મોટાં ટેનિસ બૅટના આકારમાં વાંસની ખપાટ વાળીને બાંધે છે. ને તે ચોકઠાં ઘેરી ઝાડીમાં ગોઠવે છે. કરોળિયા લાગ આવ્યો જાણી દિલ દઇને જાળ ગોઠવે છે અને આ જંગલીઓ પેલા ભલા કરોળિયાની કારીગરી લુંટી જાય છે!

('સૌરાષ્ટ્ર' અને બીજાં અંગ્રેજી લખાણો પરથી સંકલિત)



ગોંડળ કોષ

એક કરોડ માણસોને મુખે બોલાતી ગુજરાતી ભાષામાં એક લાખ ને ત્રેપન હજાર શબ્દો છે એ હકીકતની જાણ કોઇ પણ આત્મભાનવાળા ગુજરાતીને ગર્વ અને હર્ષ ઉપજાવનારી છે. પોતાની ભાષાની એ સમૃદ્ધિનું ભાન ગુજરાતી જનતાને કરાવવાનો યશ 'ગોંડળ-કોષ'ને વરશે.

આજ સુધી થએલા બધા કોષોની એમાં સહાય લેવાઇ છે એ હકીકત સ્વીકારવા છતાં પણ એના પ્રયત્નનો યશ ઓછો થતો નથી. નર્મદાશંકર, લલ્લુભાઈ પટેલ, ગુ. વ. સોસાએટી અને ભરતરામના કોષોના શબ્દોની સંખ્યા બેતાળીસેક હજારની હતી; તેમાંથી દોઢ લાખ સુધીની સંખ્યાએ પહોંચવા માટે જે ખંત, ચોકસાઇ અને નિષ્ઠા જોઇએ તે બધાં ગોંડળ કોષની પાછળ એક દેશી રાજ્યને ખુણે ખરચાઇ રહ્યાં છે તેની જાણ બહારની દુનિયાને બહુ ઓછી છે.

શબ્દસંખ્યાની દૃષ્ટિએ તેની સમૃદ્ધિ ગણીએ તો તો આ કોષ પ્રથમ સ્થાન ભોગવશે એ નિર્વિવાદ વાત છે; પરંતુ ગુણની દૃષ્ટિએ નાણી જોનારને પણ કસોટીમાં એ ઓછો ઉતરતો ન લાગે એવા પ્રયત્નો થાય છે. જેમ એની સંખ્યાની બાબતમાં, ગુજરાતી ભાષામાં વપરાતો એક પણ શબ્દ ખુણે-ખાંચરે પણ ન રહી જવા પામે તેની કાળજી કેળવણીખાતાના ગામડેગામડાના છસ્સો મહેતાજીઓના સૈન્યની સહાયથી લેવાય છે તેમ જ, એની શુદ્ધિ ને શાસ્ત્રીયતા જાળવવા માટે ગુજરાતી ભાષાના બની શકે તેટલા સાક્ષરો ને માન્ય વિદ્વાનોની નજર તળે એને કાઢવાનો પ્રયત્ન થાય છે, અને એની સર્વદેશીયતા સચવાય તે માટે કોમેકોમ ને ધંધેધંધાના ખાસ શબ્દો, સોની કંસારા વગેરેના સંજ્ઞાશબ્દો (ફારસીઓ) વગેરે પણ તેનાં સાચાં મુળ પકડીપકડીને એકઠા કરવામાં ખુબ મહેનત કરાય છે. આમ ગુજરાતી ભાષાની તળિયાઝાટક શબ્દશુમારી કરવાનો આ પ્રયત્ન ખરેખર સમર્થ લાગે છે.

આવા મહાભારત પ્રયત્નના પ્રયોજક તરીકે એક દેશી રાજ્યના નરેશનું નામ મુકાએલું જણાય ત્યારે સ્વાભાવિક રીતે સૌને એમાં દુન્યવી શિષ્ટાચાર જ લાગે. જેમ પુસ્તકોની અર્પણપત્રિકાઓ માત્ર તેનું મુદ્રણખર્ચ (આખું અથવા હિસ્સાથી) આપનાર રાજાસાહેબોને એમનાં અસંખ્ય ગુણકીર્તન સહિત લખાય છે, તેવું આ કોષના પ્રયોજક મહારાજાને વિષે નથી એ વસ્તુસ્થિતિની ખરી જાણ થનારને આશ્ચર્ય થાય છે. કોષ જેવા દુર્ઘટ કાર્યના સંપાદનને માટે જે આગ્રહભરી ચોકસાઈ, નિષ્ઠા ને ઝહેમત જોઈએ તે બધી અબાધિત નાણાંખર્ચ સાથે એ જાતમહેનતથી પુરતો રસ લઇને ખર્ચે છે. ગુજરાતી વાઙ્મય ઉપરનું એમનું એ ઋણ સદા યાદગાર રહેશે.


ગુજરાતનું સૌન્દર્યકેન્દ્ર : સુરપાણ



લેખક અને ફોટો લેનાર **શ્રી સુરેશ દીક્ષિત** બી. એ., એમ. એસસી.

દેવોથી વસેલી, ઋષિઓના આશ્રમોથી છવાએલા તટવાળી નર્મદાનું માહાત્મ્ય સતયુગથી ગવાયું છે. અઢાર પુરાણમાં નર્મદા પુરાણ એક ભાગ છે. 'નર્મદાના કંકર તેટલા શંકર' એવી દેવ આજ્ઞા ગણાઈ છે. આપણા દેશની મધ્યમાં કટિમેખલા જેવી પડેલી ૮૦૦ માઇલ લાંબી એ અમરકંટકની પુત્રી અનુપમ લાવણ્યમયી છે. દક્ષિણમાં વસેલા દસ્યુથી ઉત્તરમાં વસેલા આર્યોના આવાસને સીમારૂપ એ સરિતાનું માહાત્મ્ય એના એ સૌંદર્યથી જ ઘડાયું છે. એને તીરે શુક્લતીર્થ–કબીરવડ, અનસૂયા, ૐકારનું જ્યોતિર્લિંગ જેવાં પવિત્ર ક્ષેત્ર છે.

ગુજરાતનો દરિયાકિનારો દક્ષિણ જેટલો મનોહર નથી. તે રમણીય કરતાં ભયંકર વધારે છે. આઘેઆઘે દરિયામાં અનંત વ્યોમ સાથે ભળી જતાં, નદી ખાડી કે અખાતનાં પાણીકાદવની રમણીયતા રાક્ષસી છે. આબુ અને પશ્ચિમ ઘાટ વચ્ચે કોઇપણ ડોક લંબાવતો ગગનચુંબી પર્વત નથી; મોટાં સરોવર કે ઝરણાં નથી. શિયાળે હરિયાળાં ખેતર, પણ ઉનાળે તો વાયે ઉડતા વંટોળ. ઉના પાણીના કુંડ ગુજરાતમાં ઘણા છે, પણ તે માનવ વસ્તીમાં ગંદા થયા છે. આપણા સાહિત્યમાં દેહ સૌંદર્યનો ખ્યાલ છે તેટલો સૃષ્ટિ સૌંદર્યનો નથી. પરદેશનાં સૌંદર્યભર્યાં સ્થળોનાં વર્ણનો વાંચી આપણે ત્યાં જવા લલચાઇએ છીએ. બ્રાઇટન, મોન્ટે કાર્લો અને હ્લૅકવૂડનાં વર્ણનો આપણા દેશમાં આયાત થયાં છે. આપણો દેશ જોયા પહેલાં પારકો દેશ આપણે જોઇએ છીએ. ત્યાંના કૉકટેઇલ કે પાસામાં આપણાં મન ભરાય છે. આ વિપરિત મનોદશા છે. હિમગિરિના બરફમાં દટાવા માર્વિન જેવા આપણે ત્યાં આવે છે, અને શિવાલિક પર્વતમાળાઓમાંથી હાડકાંના ટુકડા વીણવા કે જીવન શોધવા અમેરિકાથી રૂઝવેલ્ટ જેવા આ દેશની સફર ખેડે છે. સંસ્કૃતિનું એ કરજ કેમ–ક્યારે અદા થશે?



'હરણફાળ' આગળ નર્મદા

અને નાનાં છોકરાં, નાનીશી નાવ, ટાંપી બેઠેલાં બગલાં, સ્વછંદે ભમતી કોઈ સારસજોડ કે સૂર્યાસ્તે પાણી પીતાં ગાયભેંસનાં ધણ—એ સૌ અનુપમ સૌંદર્યનાં તત્ત્વો છે. ત્યાંથી ચાળીસ માઇલ આવેલું સુરપાણ ગુજરાતના સૌંદર્યકેંદ્ર જેવું છે. ઉંચાનીચા પહાડમાં ઉંડાં નિર્મળ નીર ઉપર, પનાઈ (નર્મદામાં ચાલતી હોડી)માં દિવસના દિવસ વટાવતાં થકાય જ નહિ. નર્મદાને બંને તટે તાડનાં ઝાડ, જારબાજરીનાં ખેતર અને શિવાલયો જડાયાં છે.

વિંધ્યાને વેધીને, સાતપુડાની સોડે સોડે વહી આવી ખંભાતના અખાતમાં પડતી નર્મદા ભરૂચ પાસે પોતાનું સૌંદર્ય સંકેલે છે. ત્યાં પાણી મેલાં–ખારાં થાય છે. મોટી નદીઓ ઉંચા પ્રદેશની નીકો જેવી છે. દેશદેશનો મેલ તે સાફ કરે અને પૃથ્વીમાં ન સમાતા જળને લઇ જાય. આથી જ, નદીની સંભાળ રખાય તો તે કામધેનુ જેવી છે; નહિ તો કોપેલી ચંડી જેવી છે. વહેતું પાણી નિર્મળ જ હોય એમ નથી. જાતજાતના રોગનું તેમાં ઘર પણ હોય.

નદીઓ માનવ આક્રમણની જળવાટ છે અથવા તો તેને થંભાવતી જળઆડ છે. નર્મદાએ આર્યાવર્તમાંથી આર્યોનાં પૂર દક્ષિણમાં જતાં ખાળ્યા છે. મહીનાઓ સુધી મોગલ અને મરાઠાઓનાં લશ્કર થંભાવ્યાં છે. યુદ્ધ વેળાએ જળપ્રવાહ મોટો ભાગ ભજવે છે. નર્મદાનું મહત્ત્વ એ દ્રષ્ટિએ પણ મોટું છે. તેને કિનારે આજે પણ મોટાં લશ્કરી થાણાં છે.

ચાણોદથી આગળ નર્મદાનો તટ મનમોહક છે. આઘે ખેતરમાં એકાદ ઝુંપડી પાસે ઘાસની ગંજી, તટ ઉપર બળતું એકાદ શબ, પાણી ભરતાં બૈરાં

તીલકવાડા છોડ્યા પછી તો જગતનો કોલાહલ અને તેની જડ સંસ્કૃતિનાં રડ્યાખડ્યા જ અવશેષો મળે. નદીનો પટ ક્યાંક પહોળો તો ક્યાંક તદ્દન સાંકડો; પાણી ક્યાંક છીછરાં તો ક્યાંક અગાધ ઉંડાં; વહેણના વેગ ક્યાંક હાથીને પણ ઘસડી જાય એવા તો ક્યાંક કીડી પણ ઉભી રહે એવા સ્થિર.

સુરપાણ જતી વેળા નદીના વેગની સામે અને પાણીની ઉંચી સપાટી તરફ જવાનું હોવાથી પનાઇને કાં તો રિક્ષાની પેઠે ધકેલવી પડે કે ઉચકીને ચડાવવી પડે! પનાઇની સામાન્ય ઝડપ કલાકના માઇલ



નર્મદાની હોડી 'પનાઇ' કહેવાય છે. સુરપાણની મુસાફરી કરતી એવી એકની છાવણી



નર્મદાના પ્રવાહમાં આવતા 'વાઘણુ' નામના પત્થરના ખડકો અને ત્યાંની વનસ્પતિ

બે માઇલની, કે પવન આવે તો ત્રણ ચાર માઇલની તો હદ. નદીના વહેણમાં પત્થરના મોટા ખડક પાસે જો હોડી એકાદ તસુ આઘીપાછી થઇ અને કાબુમાં ન રહી તો પાટીએ પાટીઆં છુટાં સમજી લેવાં! આવા પત્થરના ખડકોને માછીઓ 'વાઘણો' કહે છે. નદીનો કાંઠો પણ વારેવારે કંઇકંઇ અજબ રંગ બદલે છે. ઘડીમાં કાદવ તો ઘડીમાં ઉડતી રેતી; કયાંક નાનાનાના બેશુમાર પથરા તો કયાંક માટીના ટેકરા કે કાળા ખડકની હારો. છતાં એ બધું જોતાં જરા યે કંટાળો ન આવે. આ જ નદીને કિનારે, આગળ, જબલપુર પાસે છે તેવા ચાંદની રાતે ચાંદી જેવા ચમકતા આરસના પહાડ અહીં નથી; અહીં તો છે અમાવાસ્યાનું સૌંદર્ય;–ઘોર ને રુદ્ર.

ભગવી માટીની ઉંચીનીચી ભેખડોમાં જાણે તોપના ગોળા વાગ્યા હોય એવી, 'મંકોડી' નામનાં કાળાં પક્ષીઓએ માળા માટે કરેલી બખોલો, અથવા તો, જાણે કદિ યે તરશ ન છીપતી હોય એવા સદા ય પાણીમાં ઉગતા જાંબુડી, છીણ કે અવળચંડીના છોડવા જગતમાં વણાએલી જીવનની જાળની અજબ ઝાંખી અહીં કરાવે છે. કયાંક બાવળ બોરડી ઉપર તુંબડાં જેવા લટકતા સુઘરીના માળા, તો કયાંકકયાંક વૃક્ષોનાં શરીરમાંથી બધો યે રસ ચુસી લેતી જળો જેવી આકાશવેલની કમળાથી પીડાતી હોય તેવી પીળી દોરીઓ સરખી વેલો, નજરે ચડી ચાલ્યાં જતાં જણાય. મહામહેનતે ઝાડ કે પત્થર ઉપર ચડી પાણીમાં લટકતી વેલીઓ, વહેણમાં નમી પડતા મોથના છોડ, કે પાણીમાં સંતાઇ ડોકિયાં કરતા જળસરપોલિયાના છોડ ઠેકઠેકાણે પથરાઓને બાથ ભીડી વહેણ સ્હામે અજબ ટક્કર ઝીલી રહેલા જણાય. અહીં જ તેમનું જીવન. પાણી હોય ત્યારે ફાલે; નહિ તો કરમાય.



મોખડી આગળનો નર્મદાનો ધોધ

વિંધ્યાચળની હારોમાં સંતસાધુ વસે છે. તેમની સાથે વાઘ, વરૂ અને રીંછ પણ વાસો કરે છે. મોટા મોટા મગર પાણીમાં નાક ઉંચાં રાખી આળસુ એદી જેવા પડી રહેલા જોવા મળે. નિર્જન વનવગડામાં ભૂતપ્રેત પણ ફરતા કહેવાય છે. લોકો માને છે કે કુરુક્ષેત્રમાંથી વિદાય લઇ અશ્વત્થામા અહીં ફરે છે. ભૂતપ્રેતના દેવ 'કાળ ભૈરવના' દહેરા પાસે નારીએળ વધેર્યા વિના કે બાધાના માટીના ઘોડા મુકયા સિવાય માછી



દશાવતારનું મંદિર : આધુનિક બાંધણી

હોડી લઇ આગળ જવા હીમત જ ન કરે!

આ પ્રદેશમાં ગામ બંધાયાં નથી. પર્વતની ટેકરીઓ ઉપર છુટાંછવાયાં બબ્બેચચ્ચાર છાપરાં બાંધી ભીલ લોકો રહે છે. આર્યોના આક્રમણ પછી આ ભીલ લોકો જંગલમાં આવી સંતાયા છે ત્યાંના ત્યાં જ છે. ગૌરવર્ણા આર્યોએ કાળી ચામડીના એ નાગ લોકોને હાંકી કાઢી અહીં હજારો વર્ષથી પુરી રાખ્યા છે. ગાયભેંસ અને નહિ જેવી ખેતી ઉપર પેટ ભરતાં શીખવી તેમને સંસ્કૃતિની સીમા બાંધી આપી છે. માનવ સરખી માનવ જાતિને એ સંસ્કૃતિનો દેશવટો દેવાના પાપનું પ્રાયશ્ચિત્ત જ આટલું ગંભીર આપણે ભોગવવું પડતું હશે. ઝાડનાં થડ કોરીને તેની હોડીઓ કરી તેઓ તેમાં નદીપ્રવાહ ઓળંગે છે. શરીરને ઢાંકયું ન ઢાંકયું કરી તેઓ ફરે છે. જગત અને જીવન તેમને મન પ્રભુનો સરજ્યો કોયડો છે. એ પ્રજા બુદ્ધિમાં માનતી નથી; શરીરે ચોપગાં પ્રાણી નથી. આથી વધુ કરુણ ઘટના દુનિયા પર બીજી કઇ હોઇ શકે ?

સુરપાણ પહોચતાં પહેલાં આવતા, ઘુઘવતા 'ઘોરઘાટ', જનવિહોણો 'કાળભૈરવ' કે પટ સંકોરતા 'હરણ ફાળ'ના પ્રતિઘોષ આપતા ખડકો સૌંદર્યનાં બિંદુ સમા છે. એ સ્થળોએ ગાજતું સરિતાનું સંગીત કોઈ કવિ ગાઇ શકે, ત્યાંનું અવર્ણનીય સૌંદર્ય કોઇ ચિત્રકારની પીંછી ઉતારી શકે,—બીચારો કૅમેરા! તેતો પ્રાણ વિનાના ખોખા જેવી જ છબી લઈ શકે. પુષ્પનું સૌંદર્ય ચુંટી શકાય, દેહનું સૌંદર્ય માણી શકાય પરંતુ સૃષ્ટિસૌંદર્ય તો બ્રહ્મચારી રહેવા સર્જાયું હશે! ન તે લૂંટાય કે લઈ જવાય.

સુરપાણ પાસે નર્મદાનો ધોધ છે. ધોધ તો નાનો છે. નાસિક પાસેનો ગોદાવરીનો ધોધ, કારવાર પાસેનો ગેરસપ્પાનો ધોધ કે ખંડાલા પાસે પડતી પ્રચંડ જળધાર જેવું અહીં ભવ્ય કશું નથી. ચક્કર આવે એટલી ઉંચાઇ નથી; સંગીતનો ઘોર આલાપ નથી;—પણ અહીં છે તેવું બીજે કયાંય નથી. વલોવાતી છાશમાં તરતા નવનીત જેવાં શ્વેત નીર ઉપર, ઉકળતા પાણી પેઠે ઉછળતાં એ જળ ઉપર, પગ પાસે આવી ફુદડીઓ ફરી જતાં એ પાણી ઉપર નજર ચોંટી તે ચોંટી. તમને ખસેડવાનું મન જ ન થાય. જળકણો ઉપર સૂર્યનાં શ્વેત કિરણ પડી મેઘધનુષ્યના રંગમાં વિખરાતાં તેમાંથી મોરપીંછની જ્યોતિર્લેખા આલેખાઇ રહે છે. મોટીમોટી શિલાઓ કોરીને આવતી, વનવગડાનાં અનેક વૃક્ષોને ઉખેડી સ્વચ્છંદે નાચતી શૈલબાળા જેવી નર્મદા અહીં ખડક પરથી નીચે પડે છે, પછડાય છે. જાણે ઉગ્ર બની અટ્ટહાસ્ય કરે છે! તેની પાસે જવાય એમ પણ નથી કે તેને મનાવાય એમ પણ નથી. તેના આલાપ કોઇ માનવ ગવૈયો ગાઇ શકે એમ નથી. કેટલું અલૌકિક! કદિ કોઇ કાળરાત્રિએ બાજુમાં જ અહીં એકાદ પહાડ દાવાનળે અગ્નિસ્નાન કરતો હશે ત્યારે તો અહીં પ્રભુનું વિરાટ દર્શન થતું હશે.

> यथा नदीनां बहवोऽम्बुवेगाः
> समुद्रमेवाभिमुखा द्रवन्ति ।
> तथा तवामी नरलोकवीरा
> विशन्ति वक्त्राण्यभिविज्यलंति ॥ (ગીતા:૧૧-૨૮)

(જેમ નદીઓના અનેક જળપ્રવાહો સમુદ્ર તરફ જ દોડી જાય છે તેમ મનુષ્યલોકના આ વીર પુરુષો —જગલોક—તમારા તરફ આવી પ્રજ્વલિત મુખમાં પ્રવેશ કરે છે.)

શી અજબ પ્રદેશ! આ પ્રદેશમાં નર્મદા અને

તાપી વચ્ચે પચ્ચીસ માઇલનું જ છેટું છે. વચ્ચે ધુમ્મસમાં વીંટળાએલી સાતપુડા ને વિંધ્યાની પર્વતમાળાઓ છે. અહીંની ભૂમિમાં ખનીજ અને વનમાં વૃક્ષલક્ષ્મી છે. અકીક, મૅંગેનીઝ અને શોધે તો બીજાં અનેક ખનીજ જડી આવે. સુરપાણમાં સ્લેટના પત્થરનાં પડ પર પડ બાઝેલાં છે. મેઘધનુષ્યના રંગ જેવા નર્મદાના નાના નાના પથરાઓના રંગ છે. અહીં પોપટ વસે છે. તેમના માળા વિખેરી ભીલો આઠ આને ને રૂપીએ બચ્ચાં વેચવા લઇ જાય છે. આ ભીલો વાઘથી પણ ડરે એવા નથી. વાઘને મીણીઆ કોદરા ખવડાવી લાકડીથી જ પુરો કરે છે.

મોખડીના ધોધથી ચારપાંચ માઇલ દૂર સુરપાણેશ્વર (શૂલપાનેશ્વર?) મહાદેવનું મંદિર છે. મંદિર જર્જરિત દશામાં છે. અહીં દર વર્ષે ચૈત્ર વદમાં મોટો મેળો ભરાય છે. હજારો ભાવિકો ત્યારે અહીં આવતા હશે ને આ નિર્જન પ્રદેશને કોલાહલથી ભરી દેતા હશે.

ધર્મને નામે કરાતી આત્મહત્યાને આપણે પાપ નથી ગણતા. કાશીનું કરવત કયાં જાણીતું નથી? નર્મદાને મળતી દેવ નદીને આરે 'ભૈરવજપ' નામની ઉંચી જગ્યા છે. (ગિરનાર પર્વત ઉપર પણ આ જ નામનોઆવો જ ભીષણ કરાળ પત્થર છે,) ત્યાંથી પડતું નાખી આ જીવનના પાપમાંથી મુક્ત થવાય છે. એવી આત્મહત્યા કરનારની સદ્‌ગતિ થતી મનાય છે. એ તો ખરૂં જ છે કે એ આત્મહત્યા છે તો સૌંદર્યને ખોળે.

નર્મદાને કિનારે ડગલેડગલે દેવમંદિર છે. કેટલાંક પવિત્ર, આકર્ષક અને પ્રાચીન સંસ્કૃતિનાં ગૌરવભર્યાં સ્મરણચિહ્નો છે; જયારે થોડાંક તો કોઇ ભિખારીઓએ ત્રાંબાપિત્તળનાં રમકડાં ગોઠવી નાણાં ઉઘરાવાની દુકાન કાઢી હોય એવાં જ છે. ચાણોદમાંની શેષશાયીની મૂર્તિ અને રામપુરા પાસેની દશાવતારની મૂર્તિ સૌંદર્ય અને શિલ્પકળાની પ્રતિમા છે. ચાણોદની મૂર્તિ ચક્રપાણિના આરામાંથી નીકળેલી અને દશાવતારની મૂર્તિ ખેતર ખેડતાં કોઇ ખેડુતના હળને અથડાએલી. કાળજુની નર્મદાનાં પથરાએલાં પડોમાં શાં યે જવાહીર સંતાયાં હશે!

સૌંદર્યમાં પ્રભુનો સાક્ષાત્કાર હોય તો નર્મદા તે કરાવે છે. તેના ધોધનું સલિલસંગીત ગૌરજ સમયે સાંભળતાં જાણે કૃષ્ણની દિવ્ય બંસીનું ભાન થાય છે.

આર્યાવર્તની પુણ્યશ્લોક સરિતા! તને આ સૌંદર્ય અંજલિ દેતાં—'નમામિ દેવી નર્મદે!'

વિદ્યાર્થી ફોટોગ્રાફરો તૈયાર રહો

આ વર્ષની ત્રણે ફોટોગ્રાફીની હરીફાઇ અમે અત્યારથી એકસામટી જ જાહેર કરી દઇએ છીએ, કે જેથી દરેક પ્રસંગ માટે તમે ખુબ વિચાર ને યોજનાપૂર્વક કામ કરી શકો; ને તૈયારી માટે સારો વખત મળવાથી મનમાન્યાં પરિણામ લાવી શકો.

૧ લી હરીફાઈ: આનું પરિણામ ફાગણ અંકમાં જાહેર થશે. તેમાં ફોટોગ્રાફીની વસ્તુ તરીકે 'વિદ્યાર્થીજીવનનું કોઈપણ દશ્ય' આપવાનું છે. વિદ્યાર્થીના ટેબલથી માંડીને તે શાળાના મેદાન સુધી અનેક ચિત્રો મળવાનો સંભવ છે. એ વિશાળ ક્ષેત્રમાંથી તમને એકાદ આકર્ષક ને વિચારપ્રેરક ચિત્ર જરૂર મળશે. ચિત્ર મોકલવાની છેલ્લી તારીખ ફેબ્રુઆરીની ૨૫મી છે. આ હરીફાઈ માટેના ફોટોગ્રાફો તે પહેલાં મળી જવા જોઇએ.

૨ જી હરીફાઈનું પરિણામ શ્રાવણ અંકમાં પ્રસિદ્ધ થશે. વિષય: 'ગ્રામ્ય જીવનનું કોઈપણ ઉઠાવદાર દશ્ય.' તમારી લાંબી વૅકેશનોમાં દેશનું સાચું સ્વરૂપ શોધવા અથવા શહેરની ધમાલથી કંટાળીને આરામ લેવા નહિ જાઓ? ત્યાં તમને નદી કે તલાવડીને કાંઠે, કુવાકાંઠે કે ચોરા પાસે, દેવની દેરી આગળ, ગામને પાદરે કે ઝાંપે, પશુ પ્રાણી અને નરનારીનાં અનેક ચિત્રો, પાત્રો ને દશ્યો મળી રહેશે. તમારી આંખ કેવાં ચિત્રો જોઈ શકે છે તેની ખાતરી કરી આપો. આ હરીફાઈનાં ચિત્રો ૨૦મી જુલાઇ પહેલાં મળી જવાં જોઇએ.

૩ જી હરીફાઇનું પરિણામ દીવાળી અંકમાં દેખા દેશે. વસ્તુ તરીકે 'પ્રાણીપ્રેમ'નું દશ્ય આપવાનું છે. પાળેલાં જનાવર સાથે માણસજાતે કેવો નાતો કેળવ્યો છે તેનાં મનોહર ચિત્રો તમે ઘણાં યે જોતા હશો, પણ તેને અમર કરવાને તમારો કૅમેરા કોઇક જ વાર ધર્યો હશે. આ વખતે તમારી બધી અવલોકનશક્તિ વાપરી એવા વિરલ દશ્યનો ફોટોગ્રાફ પાડી મોકલો. આ હરીફાઈનાં ચિત્રો ૧૫મી સપ્ટેમ્બર પહેલાં તંત્રીને કુમાર કાર્યાલયમાં મળી જવાં જોઇએ. **શરતો** નીચે મુજબ: (૧) ગ્રાહક-બીન ગ્રાહક સૌ આમાં ભાગ લઇ શકશે. (૨) ફોટોગ્રાફો માઉન્ટ કરેલા ન હોવા જોઇએ અને દરેકની પાછળ, પાડનારે પોતાનું પુરૂં નામઠામ તથા ફોટોની વિગતો જણાવવી. (૩) ધંધાદારીઓ ભાગ નહિ લઇ શકે. (૪) ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટો હોવો ન જોઇએ. (૫) ઈનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલાશે નહિ. (૬) બાકીના ફોટોગ્રાફો પાછા મેળવવા ઈચ્છનારે સાથે પોસ્ટેજ મોકલવું.

સપ્તસિંધુના સંસ્કારસમૃદ્ધ દેશમાંથી સ્વાધીનતાનો શંખનાદ કરનાર

રાષ્ટ્રપતિ જવાહરલાલ નેહરૂ

(અનુસંધાન પૃ. ૮થી)

પરંતુ એમનું પરિવર્તન સાચું તો થયું પંજાબના 'મારશ્યલ લૉ'ના અમલથી. ૧૯૧૪–૧૮ના યૂરોપીય મહાયુદ્ધમાં અંગ્રેજોની કુમકે રહી હિંદે પોતાની સંપત્તિ અને શૂરવીરોને લડાઇના ખપ્પરમાં હોમ્યા તેનો બદલો અંગ્રેજોએ મોંટેગ્યુ–ચૅમ્સફર્ડ જેવા સુધારાથી આપ્યો. દેશે આ ટુકડાનો ઇનકાર કરવાની હામ ભીડી એટલે રૉલેટ કાયદો અને માર્શલ લૉ ની હિંદને ભેટ મળી. જલિયાંવાળાના ભીષણ હત્યાકાંડથી સરકારે રાષ્ટ્ર-શરીર પર જે ઘા કર્યો તેણે પ્રત્યેક દેશપ્રેમી દિલમાં હોળી પ્રગટાવી. પંડિતનું પ્રકૃતિથી શાંત ખમીર ઉકળ્યું અને એમણે પંજાબ પ્રતિ પ્રયાણ માંડ્યા. ત્યાં એમણે મહાસભાએ મારશ્યલ લૉના અત્યાચારોની તપાસ કરવા નિમેલી સમિતિના કાર્યમાં મહાત્માજીને પડખે રહી ખડે પગે કામ કર્યું. ત્યાંના નિર્દોષ દેશબાંધવોની કમકમાટીભરી કેફિયતો સાંભળી એણે નિશ્ચય કરી લીધો કે આ શાસનપ્રણાલિને કાં તો સુધારવી અથવા વધેરવી. એ જ દરમ્યાન અયોધ્યા પ્રાંતમા 'ટેનન્સી લૉ' સામે-ની હીલચાલ જાગી. સંયુક્ત પ્રાંતના જમીનદારોના જુલમ નીચે રીબાતી ખેડુત પ્રજાના રક્ષણ માટે પંડિત માલવીયજીએ ૧૯૧૫માં કિસાન સંઘ (ખેડુત સંઘ) સ્થાપ્યો હતો અને તેના આશ્રય નીચે ખેડુતોના ટંટા ચુકવવા તથા માર્ગદર્શન કરાવવા ગામડેગામડે પંચાયતો નીમી હતી. આ પંચાયતોનું ખેડુતોમાં એટલું માન હતું કે તેનો નિર્ણય તેઓ વંદ્ય ગણતા. કોઇ તેની વિરૂદ્ધ વર્તી શકતું નહિ. ભલા તાલુકદારોને પણ તે મુજબ વર્તવાની ફરજ પડતી. આ પંચાયતોએ ખેડુતો-ના કલહ ઓછા કર્યા ને અદાલતોમાં અંધકાર ફેલાવ્યો. એ હીલચાલના મુખ્ય નેતાઓ હતા બાબા રામચંદ્ર અને પંડિત ગૌરીશંકર મિશ્ર. ૧૯૧૮માં પંડિત જવાહર-લાલ તેમાં શામેલ થયા. અંગ પર એકમાત્ર પહેરણ પહેરી ટાઢ તડકાની પરવા કર્યા વિના આ રાજવંશી સરખા નબીરાએ ગામડે ગામડે ભટકી ખેડુતોના શ્રેય માટે શ્રમભેર કામ કર્યું. ખેડુતોનો પીરસેલો કાચોપાકો રોટલો તે ખાતા અને તેમનાં સુખદુ:ખના ભાગીદારની પેઠે રંજ ખેડતા. યુક્ત પ્રાંતના કિસાનો જવાહર પર વારી જવા લાગ્યા.

રાયબરેલીની પંચાયતે ત્યાંના એક તાલુકદાર અને તેની પત્ની વચ્ચેના કલહનો ચુકાદો સ્ત્રીની તરફેણમાં આપ્યો. પણ તાલુકદારે તે ન સ્વીકારતાં પંચની વિરુદ્ધ-માં પોલિસને ફરિયાદ કરી. આખા પ્રાંતમાં જોશભેર અફવા ઉડી કે બાબા રામચંદ્રને સરકારે પકડ્યા છે. એ ફેલાતાં વેંત હજારો ક્રોધભર્યા ખેડુતો રાયબરેલી દોડી આવ્યા. પ્રસંગ કટોકટીનો હતો. નદીની એક બાજુ પચાસ હજાર કિસાનોનો સાગર ખળભળતો હતો. સામે કિનારે સરકારે આ 'મુશ્કેલી' સામે મોરચો માંડવા મિલિટરી ગોઠવી હતી. ટોળાંએ બાબા રામ-ચંદ્રની અને સરપંચની માગણી કરી. સરકારે તેમને વેરાઇ જવાની—અને તેમ ન કરે તો ગોળીબાર કર-વાની ધમકી આપી. મામલો ગંભીર બન્યો.

તારથી સમાચાર પામી પંડિત જવાહરલાલ તા-બડતોબ ત્યાં પહોંચ્યા. પણ પોલિસે તેમને પણ સામે કિનારે જતાં અટકાવ્યા;—એ ઇરાદાથી કે તે જઇને ટોળાંમાં ખળભળાટ મચાવશે. લોકો અધીરા બન્યા. પોલિસે ગોળીબાર શરૂ કર્યો ને નિરાધાર, રક્ષણ વિનાના ખેડુતો ટપોટપ પડવા લાગ્યા. એ એકએક ગોળી જવાહરને પોતાના હૃદય સોંસરી જતી લાગી. આજે પણ એ બનાવ યાદ આવતાં તે કંપી ઉઠે છે. કેટલા ય નિર્દોષ લોકો માર્યા ગયા અને ઘાયલ થયા. જવાહર-લાલે આર્દ્ર હૃદયે એ સૌની સેવા કરી અને ભરણ-પોષણની જોગવાઈ કરી.

૧૯૨૦માં જવાહરલાલ પોતાનાં માતા બીમાર હતાં તેમને લઇને પોતાનાં પત્ની સાથે મસૂરી હવાફેર માટે ગએલા. ત્યાં જે 'હૉટેલ સેવૉય'માં તે ઉતર્યા હતા એ જ હૉટેલમાં સુલેહ પરિષદ માટે આવેલા અફ્-ઘાન પ્રતિનિધિ પણ ઉતરેલા. સરકારને શંકા પેઠી કે જવાહર રખે એમને મળી કાંઇ કાવતરૂં રચે! સરકારે મનાઇ હુકમ કાઢ્યો કે તમારે અફઘાન પ્રતિનિધિઓ સાથે મળવુંહળવું નહિ; અને તેમ નહિ કરો એવી બાંહેધરી આપો. જવાહરે કહ્યું હું તેમને પિછાનતો નથી ત્યાં આવી વિચિત્ર બાંહેધરી કેમ આપું? થયું. ૨૪ કલાકમાં એમને મસૂરીથી હદપાર કરવામાં આવ્યા. ફરી એમણે સરકારને જણાવ્યું કે મારાં માતા બીમાર છે અને મારે મસૂરી આવવું જોઇશે. તમે મારી સા-મેનો હદપારીનો હુકમ ખેંચો યા નહિ, પણ હું તો

આવવાનો. સરકારને પાછળથી સદ્બુદ્ધિ સુઝી ને હુકમ પાછો ખેંચી લીધો. આ બધા પ્રસંગો એમનો હૃદયપલટો વધુ ને વધુ તીવ્ર કરતા જતા હતા.

એ જ વર્ષમાં પંજાબકેસરી લાલાજીના આધિપત્ય હેઠળ કલકત્તાની યાદગાર મહાસભા મળી અને એ મહાસભાએ ભારતના ઇતિહાસનું પાનું ઉજ્જ્વળતો અસહકારનો કાર્યક્રમ યોજ્યો. જવાહરલાલે વકીલાત છોડી અને એ કાર્યમાં ઝંપલાવ્યું. ત્યારથી આજસુધી પંડિત જવાહરલાલ કટ્ટર અસહકારી રહ્યા છે. એમણે એ કાર્યક્રમની પૂર્તિ માટે નથી જોઇ રાત કે નથી જોયો દિવસ. તે પછી એમણે મહાસભાની સેવામાં પોતાનાં ગાત્ર ગાળ્યાં છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

વકીલાત છોડીને એમણે યુક્ત પ્રાંતની મહાસભા સમિતિના પ્રમુખ તરીકે ત્રિવિધ બહિષ્કારનું, ખાદીપ્રચારનું, દારૂનિષેધનું, ગ્રામપંચાયતનું ને ઠેરઠેર પ્રાંતિક સમિતિનાં થાણાઓ નાખવાનું કાર્ય જોશભેર ઉપાડ્યું. સવારના પાચથી તે રાતના અગિયાર સુધી તે પહેરણની બાંહ્યો ચડાવીને અવિશ્રામ જહેમત કરતા. બીજી બાજુ, આ જ અરસામાં પંડિત મોતીલાલજીએ અસહકારની પ્રવૃત્તિને વેગ આપવા માટે, લોકજાગૃતિને માટે ‘ઇન્ડિપેન્ડેન્ટ’ નામનું રાષ્ટ્રીય દૈનિક પત્ર શરૂ કર્યું. જવાહરલાલનો હાથ એમાં ન હોય તે તો કેમ બને? દેશદાઝથી ધગી રહેલા એમના અંતરની જ્વાળાઓ એ પત્રને પાનેપાને આલેખાએલી આજે પણ જોઈ શકાય છે. સરકારને એ લખાણો ફિતુરી લાગે એમાં નવાઇ નહિ. તે આરોપસર એણે જવાહર પાસે માફી મંગાવવાનો પ્રયત્ન કર્યો પણ જવાહર માફી માગે? અંતે એમને તો કાંઈ ન કર્યું, પણ પત્રના તંત્રી રંગા આયરને એક વર્ષની સખ્ત મજુરીની કેદ ઠોકી.

અસહકારનો દવ ચોમેર લાગ્યો હતો એવા આ અરસામાં પ્રિન્સ ઑફ વેલ્સ હિંદની મુલાકાતે આવ્યા. બહિષ્કાર વિના એમને માટે અસંતોષી હિંદીઓ પાસે બીજું સ્વાગત નહોતું. ઠેરઠેર હડતાલો પડી અને જ્યાંજ્યાં પાટવીકુમારનાં પગલાં થયાં ત્યાંત્યાં સ્મશાનભૂમિની શાંતિ દેખાઇ. સરકારે પણ આ હીલચાલને ફિતુરી અને ગેરકાયદેસર ઠરાવી બહિષ્કાર સૈન્યના સ્વયંસેવકો પર દરેક સ્થળે દમનનીતિ માંડી. જવાહરલાલે અલ્લાહાબાદમાં પોતાના શાળાજીવનના આ સહાધ્યાયીના બહિષ્કાર–સ્વાગતની તૈયારીઓ કરી. મહાસભાના સ્વયંસેવક બનીને એમણે ભાષણો અને પત્રિકાઓથી જોશભેર પ્રચારકાર્ય આરંભ્યું. ૧૯૨૧ની છઠ્ઠી ડિસેમ્બરે અલ્લાહાબાદ પર સરકારનો ખોફી પંજો પડ્યો ને નેહરૂ કુટુંબમાંથી મોતીલાલ, જવાહરલાલ, મોહનલાલ ને શ્યામલાલને તથા બીજા નેતાઓ શ્રી પુરુષોત્તમદાસ ટંડન, ગૌરીશંકર મિશ્ર વગેરેને ગિરફતાર કર્યા.

સૌની સાથે જવાહરને છ માસની આસાન કેદ મળી. પિતાને ચિંતા થઇ કે લક્ષ્મીના ખોળામાં ઉછરેલો મારો લાડકવાયો જેલનાં દુઃખ કેમ ખમી શકશે? પણ પુત્રે તો શ્રીમંતાઈની સુંવાળપ કે દહાડાની ફગાવી દીધી હતી. સંપૂર્ણ આસાનીથી એણે જેલજીવન સ્વીકારી લીધું. પરંતુ અરધી સજાય પુરી નહિ થઇ હોય ત્યાં તેમને છોડી મુકવામાં આવ્યા.

બહાર આવ્યા ત્યાં સાંભળ્યું કે ગાંધીજી પકડાયા છે. જવાહરલાલ સીધા અમદાવાદ આવ્યા અને મુકદ્દમો ચાલતાં સુધી ગાંધીજીની ભલામણો લેવા અમદાવાદમાં રહ્યા. ગાંધીજી જેલમાં ગયા અને એમણે અલ્લાહાબાદ જઇ વિદેશી માલના બહિષ્કારનો કાર્યક્રમ આરંભ્યો. તેને સબળ અને વ્યવહારૂ બનાવવા એમણે તરત (૧૯૨૨માં) અલ્લાહાબાદમાં ‘વ્યાપારી મંડળ’ની સ્થાપના કરી. મંડળમાં સૌ વેપારીઓને ભેળવ્યા અને પરદેશી કાપડ બંધ કરવાના શપથ લેવડાવ્યા. જે કોઇ પરદેશી માલ મંગાવે તેનો દંડ કરવાનું મંડળને હસ્તક સોંપાયું અને પરદેશી કાપડની ચોકી શરૂ કરી. વ્યાપારી મંડળનું કામ જોશભેર ચાલ્યું અને સરકાર જવાહરલાલ પર વિફરી. એ વ્યાપારીઓને ભય બતાવવાના અને અનિચ્છાએ કામ કરાવવાના ગુનાહ માટે એમને ૧૮ માસની સજા થઇ. પણ આઠ જ માસ બાદ બીજા રાજદ્વારી કેદીઓ સાથે એમનો ફરી છુટકારો થયો, અને ફરી પાછી યુક્ત પ્રાંતની મહાસભા સમિતિ હાથમાં લીધી.

પણ એમના જીવને કદિ જંપ ન વળે. ક્યાંયથી પણ દુઃખની આહ સંભળાઈ કે પંડિતજી ખડે પગે પહોંચ્યા જ છે. ઇ. સ. ૧૯૨૩ના ઉત્તરાર્ધમાં દિલ્હીની મહાસભા પુરી થઇ કે તરત નભા રાજ્યમાં અકાલી શીખો પર સીતમ ગુજર્યો અને પંડિતજી પ્રો. કૃપાલાની તથા શ્રી સંતાનમની સાથે એમની વહારે ધાયા. પરંતુ

પંડિતજીની હાજરી કોઇ રીતે સરકાર સહન કરી લે એમ નહોતું, એટલે જઇતુ પહોંચતાં જ એમને રાજ્ય છોડી જવાનો હુકમ મળ્યો. જવાહરલાલે એ કાગળને ફૂંક મારી ઉરાડી દીધો અને શહેરમાં પ્રવેશ કર્યો. પોલિસે તરત પકડી હાથકડી પહેરાવી જેલમાં પુર્યા અને હુકમનો અનાદર કરવા માટે છ માસની તથા કહેવાતા એક કાવતરામાં ભાગ લેવા માટે બીજા આઠ માસની એમને સજા મળી. પરંતુ કોણ જાણે કેમ, સરકારની સજાઓ ભોગવવા એ સરજાયા જ નથી. એમને તરતજ મુક્ત કરવામાં આવ્યા. પરંતુ આ વખતે જેલની ટુંક મુદતમાં પણ એમની તબિયત બગડી અને ટાઇફૉઇડથી પીડાતા લાંબો વખત પથારીવશ રહ્યા.

ઇ. સ. ૧૯૨૩ની કોકોનાડાની મહાસભામાં તેઓ મુખ્યમંત્રી તરીકે ચુંટાયા અને ત્યારથી તે આજ સુધી તે હિંદી મહાસભાના મુખ્ય મંત્રીના સ્થાને રહ્યા છે. આ વરસે એ કર્મસચીવની પદવી છોડીને મહાસભાના સભાપતિ બને છે. એમણે છ વર્ષ કર્મસચીવ તરીકે કરેલા કાર્યનો સરવાળો કાઢી એની તૂટ પુરવા વિધિએ મહાસભાનું સુકાન એમને હાથ સોંપ્યું છે અને એમણે દેશને આઝાદીને માર્ગે પ્રયાણ કરાવવાના કોલ દીધા છે. એ છેલ્લાં છ વર્ષ દરમ્યાન તો પંડિત જવાહરલાલનો દેશે ઠીકઠીક પરિચય કરી લીધો છે.

હિંદના જુવાનોને Live Dangerously—બડિયામાં ખાંપણુ લઇને---ભીષણ અગ્નિ જીવન જીવવાનો મંત્ર આપનાર જવાહરલાલના જીવનમાં એ સૂત્રનું પાલન એમનો હૃદયપલટો થયા પછી તો કોઈપણ પળે પ્રત્યક્ષ થાય છે. ઇ. સ. ૧૯૨૪માં, છ વર્ષના લાંબા ગાળા પછી હિંદુસ્તાનનો મહાન કુંભમેળો ભરાવાનો હતો અને ત્રિવેણીસંગમનાં પુણ્ય મેળવવા લાખો ભાવિક યાત્રાળુઓ એકઠા મળવાના હતા. ત્રિવેણીના સંગમ આગળ ઉંડાણુ હોવાથી તે જગ્યામાં રેતી અને પત્થર નાખા તે ભયરહિત અને છીછરી બનાવવાની જરૂર હતી, જેથી યાત્રાળુઓ સરળતાથી નહાઇ શકે. પણ તેમ કરવા જતાં ખુબ પૈસા અને મહેનતની જરૂર પડે તેવું હતું, તેથી સરકારની કાર્યવાહક સમિતિએ ત્યાં આગળ કિનારા ઉપર આડા બંધ બાંધી જાત્રાળુઓને નહાવાની જ બંધી કરી! પં. મદનમોહન માલવીયજીએ આ બાબતમાં સરકાર સાથે ખુબ પત્રવ્યવહાર કરી જોયો. પણ પરિણામ શૂન્ય આવ્યું. અંતે જવાહરલાલ ધાર્મિક પ્રેરણાથી નહિ પણ દેશબાંધવોના હક્ક ઉપર મરાતી તરાપ જોઇને મહાસભાનું સ્વયંસેવક દળ લઇને ત્યાં ધસી આવ્યા. માલવીયજી તોડ લાવવા મથતા હતા તે દરમ્યાન તો આ નવજુવાનોએ સત્યાગ્રહ આરંભવાનો નિરધાર જાહેર કર્યો. કલાકોની મહેનત પછી જ્યારે માલવીયજીના પ્રયત્નનું કંઇ ફળ ન આવ્યું ત્યારે એક પળના પણ વિલંબ સિવાય જવાહરલાલે હાથમાં રાષ્ટ્રીય ધ્વજ લઈને આડા ઉભા કરેલા બંધની દરકાર કર્યા વગર નદીમાં ઝંપલાવ્યું. પાછળ સ્વયંસેવકો અને તેમની પાછળ યાત્રાળુઓનાં ટોળાં! સરકારની ઘોડેસવાર પોલિસ અને પાયદળ તો આભાં જ બની ગયાં! આવા સત્યાગ્રહ સામે સમાધાન ન કરે તો બીજું શું કરે? થોડા સમયમાં તો રેતી નાખીને જગ્યાને છીછરી બનાવી દેવામાં આવી. ધર્મપ્રેમી યાત્રાળુઓને ત્રિવેણી સ્નાન કરાવ્યાનું પુણ્ય બાંધી જવાહરલાલ અને તેના સ્વયંસેવકો પાછા વળ્યા!

૧૯૨૩માં જેલમાંથી છુટીને તેઓ શ્રી પુરુષોત્તમદાસ ટંડનની જગ્યાએ અલ્લાહાબાદ મ્યૂનિસિપાલિટીના પ્રમુખ ચુંટાયા. અહીં તેમણે અનેક જુના કુધારા કાઢી નાખ્યા, ખાદી અને ચરખાને પ્રાધાન્ય આપ્યું અને ત્યાંની મહિલા વિદ્યાલયને સારી એવી મદદ આપી. ભાગ્યે ત્રણેક વર્ષ તેમણે આ સેવા બજાવી હશે ત્યાં તો પત્નીના મંદવાડને કારણે તેમને યૂરોપની સફરે ઉપડવું પડ્યું.

ઇ. સ. ૧૯૨૬–૨૭નો ઘણોખરો ભાગ એમણે યૂરોપમાં ગાળ્યો—વિશેષાંશે એમના તથા એમનાં પત્નીના આરોગ્યને માટે; છતાં એમણે તો રાતદિવસ ત્યાંયે રટણ કર્યું છે ભારત-સ્વાતંત્ર્યનું જ! સ્વિટ્ઝર્લાંડ અને ઇટાલિમાં તબિયત સુધાર્યા પછી ફ્રાંસ, હૉલંડ, જર્મની, બેલ્જિયમ અને ઇંગ્લંડમાં ભ્રમણ કરવાની સાથોસાથ ભાષણો અને લેખો દ્વારા હિંદના પ્રશ્નનો યૂરોપીય દેશોને પરિચય કરાવવામાં એમની લેખિની અને કંઠ વિરમ્યા નથી. આ સફરમાં તેમને દેશવટો ભોગવતા હિંદીઓ વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, રાજા મહેન્દ્રપ્રતાપ, સ્વ. મૌલવી બરકતુલ્લાહ, શ્યામજી કે. વર્મા, ચંપકરામન પિલૈ વગેરેની મુલાકાતો થઇ.

ઇ. સ. ૧૯૨૭માં એમણે, જગતને પોતાના પરિવર્તન વડે ચકિત કરી રહેલા રશિયાની મુલાકાત લીધી. ત્યાં સોવીયેટ સરકારની સ્થાપનાના પ્રથમ દસકાની ઉત્સવ ઉજવણીમાં ભાગ લેવા નેહરૂ પિતાપુત્રને આમંત્રણ હતાં. એ મુલાકાતનું પરિણામ તે એમણે હિંદને રૂસની રાજ્યક્રાંતિનો પરિચય કરાવવા લખેલો 'સોવીએટ રશિયા'નો નાનકડો ગ્રંથ.

યૂરોપની તેમની આ સફર દરમ્યાન બીજી પણ એક અગત્યની કાર્યવાહીમાં એમણે સાથ પુર્યો. ૧૯૨૮ના ફેબ્રુઆરીમાં 'સામ્રાજ્યવાદ વિરોધી આંતરરાષ્ટ્રીય મહાસભા' (International Congress against Imperialism)નું પહેલું અધિવેશન ભરાયું, તેમાં હિંદી મહાસભા તરફથી તે પ્રતિનિધિ ચુંટાયા હતા. આ મહાસભામા જગતભરની પરતંત્ર અને કચડાતી પ્રજાઓના પ્રતિનિધિઓએ ખુબ ભાગ લીધો હતો. જવાહરલાલનો કાર્યવાહક સમિતિમાં પણ હિસ્સો હતો અને એક બેઠકના તો તે પ્રમુખ પણ નીમાએલા. એ મહાસભાની પાંચ નાનીનાની બેઠકો ઠરાવાઇ હતી અને તેના પાંચ જુદાજુદા માનદ પ્રમુખો નીચે મુજબ ચુંટાયા હતા: (૧) જવાહરલાલ નેહરૂ–હિંદ, (૨) એઇન્સ્ટીન–જર્મની, (૩) રોમાં રોલાં–ફ્રાંસ, (૪) શ્રીમતી સન્ યતસેં–ચીન, (૫) જ્યૉર્જ લૅન્સબરી—ઇગ્લંડ. આ ઉપરથી એમની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો ખ્યાલ આવશે. અહીં એમણે હિંદ અને પૂર્વના દેશોના દર્દનો ખરો ચિતાર રજુ કર્યો અને જ્યાં સુધી આઝાદી નહિ મળે ત્યાં સુધી એ દુઃખ નાશ પામવાનું નથી એ સ્પષ્ટ કરી દીધું.

હિંદ-સ્વાતંત્ર્ય માટેની એમની ધગશ, દેશના રાજકીય ધ્યેય સંબંધી એમના વિચારો, બહુ જ સ્પષ્ટ છે. યૂરોપથી પાછા ફરીને તરત મદ્રાસની મહાસભામાં એમણે સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરી અને કલકત્તામાં એમણે એ ધ્યેય સ્વીકારાવવા આકાશ પાતાળ એક કર્યાં. મદ્રાસમાં એમને વિજય ન મળ્યો. કલકત્તામાં પણ મૌલિક દૃષ્ટિએ વિજય તો ન મળ્યો; પરંતુ નૈતિક વિજય તો એમનો જ હતો. પણ છેવટે લાહોર વખતે મહાત્માજી જેવા અસાધ્ય આશાવાદીની બ્રિટિશ પ્રજાની ન્યાયવૃત્તિમાં ચોંટેલી શ્રદ્ધા પંડિતજીના સચોટ સ્વાતંત્ર્યવાદે છોડાવી અને મહાત્માજીનું આજે સ્વાતંત્ર્યવાદીમાં થએલું પરિવર્તન એ જ જવાહરલાલનો મહાન વિજય! કલકત્તામાં એમના મંત્રીપદે દેશે જે ન સ્વીકાર્યું તે આજે એમના નેતૃત્વ હેઠળ લાહોરમાં સ્વીકાર્યું!

આમ દરેક રાજકીય ક્ષેત્રમાં પોતાનો ફાળો આપ્યે જતા હતા તેનો સાથેસાથ યુવકો તરફથી તેમની દૃષ્ટિ ખસી ન હતી. તેઓ સંયુક્ત પ્રાંતના યુવકોના આત્મા સમ છે. અને દેશની સમાજવાદી યુવક પરિષદ, અખિલ બંગાળ વિદ્યાર્થી પરિષદ, પૂનાની મુંબાઇ ઇલાકા યુવક પરિષદ તથા રાજકોટની કાઠિયાવાડ યુવક પરિષદના પ્રમુખ તરીકે એમણે યુવકોના કર્ણધાર તરીકે બહુ પ્રોત્સાહન અને પ્રાણ પુર્યા છે. અલ્લાહાબાદના યુવકસંઘના તો તેઓ પ્રણેતા છે.

એક વખત સમૃદ્ધિની વિપુલતામાં આળોટતો આ લક્ષ્મીપુત્ર આજે સામાન્યમાં સામાન્ય હિંદી જનની માફક સાદાઇમાં રહે છે. ટુંકી બંડી અને ખાદીના પહેરણમાં સજ્જ થતા આ અમીરની અમીરી આજે તો એના દેશને દુઃખે દુઃખી એવા અંતરમાં રહી છે. કામદારો અને ખેડુઓને માટે મરી ફીટતો, જગતને દુઃખે દુબળો આ મુઠ્ઠીભર હાડકાંનો માણસ આજે રાષ્ટ્રપતિને યોગ્ય સ્થાને વિરાજ્યો છે. હિંદી રાષ્ટ્રપતિ તરીકે વિરાજેલા સૌ પ્રમુખોમાં ગોખલેજી સિવાય જવાહરલાલ નાનામાં નાના પ્રમુખ છે. પરંતુ યૌવન એ એમની ઉણપ નથી. એમની લાયકાત એમના ભગીરથ ત્યાગમાં, એમની અથાગ કાર્યશક્તિમાં રહી છે. અને રાષ્ટ્રનો નિરધાર કેટલો સાચો નીવડ્યો છે એ તો લાહોરમાં પુરવાર થઇ ચુક્યું છે. એમની રાષ્ટ્રપતિ તરીકેની પસંદગીની અસર ઇગ્લંડ અને સામ્રાજ્યના ધુરંધરો પર કેવી થઇ છે એ હકીકત દીવાની જ્યોત જેવી સ્પષ્ટ છે.

લાહોરમાં જવાહરને પ્રમુખ તરીકે મળેલું માન તો અનુપમ હતું. રાજામહારાજાઓ અને ભલભલા ચમરબંધો જેની વાંચ્છના કરે એવી અપ્રતિમ લોકપ્રીતિએ જવાહરને વધાવ્યો. લાહોરની એની પધરામણી વેળાનું સરઘસ, કોઇ વિજયી સેનાની વિજયયાત્રાનું ભાન કરાવતું: વડા પંડિતજીએ પોતાના પુત્રની કૂચ પુષ્પવૃષ્ટિથી વધાવી એ દૃશ્ય અદ્ભુત હતું. પોતાના ગાદીવારસને પોતાની ગાદીનો એ વારસો સોંપતાં એમના દિલમાં કેવી લાગણીઓ થઇ હશે!

મહાસભાને પ્રમુખપદેથી એમણે રાષ્ટ્રને ચોક્કસ માર્ગદર્શન કરાવ્યું છે. એમનું ભાષણ બહુ જ હૃદયસ્પર્શી અને તન્મયતાથી ઉભરાતું હતું. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો 'એ ટુંકા, મુદ્દાસર ને જોરદાર ભાષણમાં એમણે પોતાના ઉગ્ર વિચારો સૌમ્ય ભાષામાં ઉતાર્યા હતા. પોતાના વિચારો ઉગ્ર હોવા છતાં દેશે શું કરવું જોઇએ એ સંપૂર્ણ તટસ્થપણે બતાવવાની એમનામાં શક્તિ છે તે એ બતાવી આપે છે.' ભાષણને અંતે 'સરકાર સામે ખુલ્લું કાવતરૂં' જાહેર કરીને સૌ દેશબાંધવોને તેમાં સાથ પુરાવવા માટે નોતરી 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'–Long Live Revolution–અમર રહો ક્રાન્તિની એમણે ઘોષણા કરી. પણ એ કાવતરા અને ક્રાન્તિમાં હિંસાવાદીઓનાં નહિ પણ સંયમી અસહકારીઓનાં પૂર જોઇશે એ એમણે જણાવી દીધું.

મહાસભાને મોખરે આજે એક 'યુવક' વિરાજે છે તે વેળા પોતાના એ પ્રતિનિધિને માટે હિંદના યુવકોએ ગરવા બનવાનું રહે છે; પરંતુ સાથે જ એમના પર એટલી જવાબદારી ઉભી છે કે વર્ષને આખરે મહાસભાએ નક્કી કરેલ ધ્યેયને પહોંચવાના કાર્યક્રમ માટે એ પ્રમુખ જ્યારે પોતાના નેતૃત્વ હેઠળ આવવાની હાકલ દે ત્યારે સજ્જ થઇ સૌ એનો સાથ પુરે.

આપણે ઇચ્છીએ કે મહાત્માજીનાં વચનો જેમ જવાહરલાલ ખરાં પાડતા આવ્યા છે તેમ પાડે કે 'તે સ્ફટિક સમ સ્વચ્છ છે. તેના સત્યમાં કોઇને સહેજ પણ શંકાનું સ્થાન નથી. તે સુભટ છે. હિંદ તેના હાથમાં સહીસલામત છે. . . . પ્રભુનો આશીર્વાદ તેમના પર ઉતરો અને એમના અમલ દરમ્યાન દેશ પોતાનું ધ્યેય પ્રાપ્ત કરો.' (સંકલિત)

લેખકો તથા પ્રકાશક સંસ્થાઓને વિનતિ

સને ૧૯૨૯ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના આખા વરસનાં ગુજરાતી પુસ્તકોના વાર્ષિક સમાલોચના કરવાનું કામ ગુજરાત સાહિત્ય સભા તરફથી મને સોંપાયું છે. તો સર્વ લેખકો ને પ્રકાશનસંસ્થાઓ પોતાનાં પુસ્તકો મને મોકલી મારૂં કામ સરળ કરી આપશે તો સર્વનો આભારી થઇશ.

માદલપુર : અમદાવાદ **રામનારાયણ વિ. પાઠક**

પંજાબ યૂનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે ગ્રૅજ્યુએટોએ 'ક્રાન્તિ દીર્ઘાયુ હો' એવી ઘોષણા કરી. પંજાબના જુવાનોનું માનસ જાણવાને આ પ્રસંગ પુરતો છે.

કૉલેજની હડતાળ

(અનુસંધાન પૃ. ૧૩થી)

તે વખતે તો સુરેન બાબુએ ઠાકુરને બોલાવી ઠપકો આપ્યો. ઠાકુર માથું ખજવાળતો બોલ્યો, 'બાબુજી રસોડામાં વંદા બહુ થઇ ગયા છે. માંજેલાં વાસણમાં છાનાછાના ઘુસી જાય છે તે કેમે કર્યાં નથી નીકળતા. બાબુજી, વંદા બહુ ત્રાસ આપે છે. આજે જ કોણ જાણે કેમ ભુલથી આંધણ મુકાઈ ગયું તે પહેલાં વંદાને નસાડવાનું યાદ ન રહ્યું.

ભાત સિવાય બીજું કાંઇ ખવાનું બંગાળી માટે હોય નહિ એટલે ફરીથી ભાત ઓરાયો. મોડી રાત્રે વિદ્યાર્થીઓ જમવા પામ્યા.

પણ બીજે દિવસે ભાત કાચો રહી ગયો! ઠાકુરે દલીલ કરી કે 'બાબુજી વાંદાને નસાડતાં આજે બહુ મોડું થઈ ગયું એટલે ઉતાવળમાં ભાત કાચો રહી ગયો!'

આવી દલીલ સુરેન બાબુને તો શું પરંતુ ઠાકુરના બાપને પણ ગળે ઉતરે નહિ. હમેશાં કાંઇ ત્રણસો વિદ્યાર્થીનો ભાત બબ્બે વખત ઓરાય? ભોજનવ્યવસ્થા સરકારને હાથ હતી એટલે એવા બેવડા ખર્ચનો હિસાબ કયાં માંડવો? મોદીખાના–રજિસ્ટરમાં ત્રણસો પાંસઠ દિવસને બદલે ત્રણસો છાસઠ દિવસનું કૉલમ પણ છાપેલું નહિ કે એટલા ચોખા તે દિવસે કાઢયા એમ લખાય! પરિણામે વિદ્યાર્થીઓ તે દિવસે અરધા ભુખ્યા ઉઠયા.

સુરેન બાબુનું દરેક વૈચિત્ર્ય સહન કરી લેવાય પણ ખાલી પેટ તો ગમે તેવા ડાહ્યા માણસને પણ બે ઘડી ચીડવી શકે છે. વિદ્યાર્થીઓ એમ ને એમ પ્રિન્સિપાલને બંગલે પહોંચ્યા. પ્રિન્સિપાલે સવારે તપાસ કરી બધું ઠીક કરી અપવા દિલાસો આપ્યો.

પ્રોફેસર કિંગ બંગાળી વિદ્યાર્થીઓમાં બહુ જ રસ લેતા. તેમની મડમને એક પગે ખોડ હતી. તે હૃદયની બહુ પ્રેમાળ હતી, એટલે આ દંપતી તરફથી વિદ્યાર્થીઓને મીઠો આવકાર હમેશાં મળતો. રસ્તામાં કોઇ પણ વિદ્યાર્થી મળે તો પાંચ મિનિટ આડીઅવળી વાત કર્યા વિના તેઓ રહેતાં જ નહિ. બેપાંચ ગરીબ વિદ્યાર્થીઓ એમને આશ્રયે નભી જતા. આથી બીજે દિવસે પ્રિન્સિપાલે પ્રોફેસર કિંગને આ વાત કરી.

તેમણે થોડા દિવસ વિદ્યાર્થીઓ સાથે બેસીને જમવાનું કબુલ કર્યું અને ઠાકુરને ઠપકો આપી દંડ કર્યો. પ્રોફેસર કિંગ સાથે બેસીને જમે તોતો વિદ્યાર્થીઓ કાચા ને કાચા ચોખા આનંદથી કકડાવી જાય, વિદ્યાર્થીઓને તો બહુ જ ઉમંગ આવી ગયો. ઠાકુર પણ સમજ્યો હતો એટલે રસોઇમાં કાળજી રહેતી હતી. ઉત્સવ સમિતિમાં પ્રોફેસર કિંગને ભેળવ્યા એટલે સુરેન બાબુ બહુધા ચુપ જ રહેતા.

ઉત્સવના દિવસો આવી પહોંચ્યા. સૌ ખુબ હળ્યા મળ્યા અને રમ્યા. યૂરોપીયન પ્રોફેસરો પોતાની મડમોને લઈને ખુબ નાચ્યા અને પ્રિન્સિપાલ પણ પોતે બરાબર રસ લે છે એવું બતાવવા દરેક ક્રમને અંતે તાળીઓ પાડવાનું ચુક્યો નહિ.

પરંતુ પ્રો. કિંગ કાંઇ હમેશાં હૅાસ્ટેલમાં જમી શકે એમ હતું નહિ. ઉત્સવો પુરા થયા એટલે પ્રો. કિંગ પોતાને બંગલે જઇ જમવા લાગ્યા. વૅકેશન પડવાને હજી એક માસની વાર હતી અને ભોજનશાળાની વ્યવસ્થા થોડા દિવસથી સુધરવા લાગી હતી. તોપણ ઠાકુર એનો એ ગંજેરી રહ્યા અને સુપરિન્ટેન્ડન્ટ એના એ સુરેન બાબુ ફોઝદાર રહ્યા.

વળી પાછી રસોઇ બગડવા લાગી. પ્રિન્સિપાલે વસ્તુસ્થિતિ સમજવામાં બે વખત ભુલ કરી. તેને પહેલી વખત ચુની બાબુને મુકયા પછી બધું જ સુધરી ગયું છે એમ લાગેલું. બીજી વખત ઉત્સવમાં જોએલા ઉત્સાહ ઉપરથી માની લીધું કે કિંગ સાહેબે બધું ઠીકઠાક કરી લીધું છે. પરંતુ એ બંને ફેરફારથી તો ઉલટો પ્રત્યાઘાત થયો હતો અને વિદ્યાર્થીઓને પોતાના અસંતોષનું પાકું ભાન થઇ ચુકયું હતું.

વિદ્યાર્થીઓ એકવાર ભેગા થઇને પ્રિન્સિપાલ પાસે જઈ આવ્યા. એ સાહેબને તો આશ્ચર્ય થયું કે રસોઇ સંબંધે બબ્બે વખત વ્યવસ્થા સુધારવા ગોઠવણ કરી છે છતાં વારંવાર વિદ્યાર્થીઓ આમ ફરિયાદ લઇને આવે છે જ શા માટે? એમને આ વાત જ ગમી નહિ. એટલે ભવાં ચડાવી વિદ્યાર્થીઓની હીલચાલથી પોતાને કંટાળો આવ્યો છે એમ બતાવવા પ્રયત્ન કર્યો. પોતાની પાસે આમ વિદ્યાર્થીઓ સીધા ચાલ્યા આવે એ એમને ધોરણ બહારની વાત લાગી અને સુરેન બાબુની મારફત અરજી મોકલવાનું કહી પોતે મોટરમાં બેસી કલબ તરફ બીલિયર્ડ રમવા રવાના થઇ ગયા.

પ્રિન્સિપાલ પાસેથી નીકળી વિદ્યાર્થીઓ કિંગ સાહેબ પાસે આવ્યા. તેમણે સહાનુભૂતિ દર્શાવી, પરંતુ પ્રિન્સિપાલના હુકમ વિના તેઓ વચ્ચે પડી શકે નહિ એ સ્પષ્ટ હતું.

ખરાબ રસોઈ ખાઇખાઇને વિદ્યાર્થીઓ ત્રાસી ગયા હતા. લગભગ હમેશાં સુરેન બાબુ પાસે ફરિયાદ જતી હતી તેથી તેમનું માથું તો ફરી જ ગયું હતું. એવે વખતે ફરીથી પાછા વિદ્યાર્થીઓ તેમની પાસે ગયા. તેમણે વિદ્યાર્થીઓને ઘણાં કડવાં વચન સંભળાવ્યાં. વિદ્યાર્થી અવસ્થામાં જીભને આટલા સ્વાદ ન જોઇએ એ વિષે લાંબું એવું ભાષણ કર્યું. વિદ્યાર્થીઓએ વારંવાર જાણ્યા છતાં આજ ફરી એકવાર સમજી લીધું કે હવે સુરેન બાબુ પાસેથી લાભની આશા રાખવા જેવું નથી. તે જ રાત્રે સૌએ નિશ્ચય કરી લીધો કે આવતી કાલે કોઇએ કૅાલેજને રસોડે જમવું નહિ.

સવારમાં તો વાતાવરણ એકદમ બદલાઇ ચુકયું. શીરાને બદલે કોઇકોઈ વખત પુરી ને શાક મળતાં તેમ આજે પણ પુરી જ થઇ હતી. સૌને શીરા કરતાં એ વધારે ઠીક પડતી, પણ આજે તો કોઇએ રસોડા તરફ નજર સરખી યે ન કરી. ઠાકુર પુરીના ઢગલા પાસે રાહ જોતો બેસી રહ્યો અને સૌ કૅાલેજ તરફ રવાના થઇ ગયા.

ઠાકુર સુરેન બાબુ પાસે જઈ આવ્યો. સુરેન બાબુએ બપોર સુધી શુ થાય છે તે જોવા માટે રાહ જોઇ. પણ બપોરના ભોજનનો ઘંટ થતાં પણ કોઇ જમવા નીકળ્યા નહિ. સવારનાં પુરી ને શાક એમ ને એમ પડ્યાં હતાં. બપોરના ભાત એમ ને એમ પડી રહેવાનાં ચિહ્નો સ્પષ્ટ હતાં, એટલે સુરેન બાબુએ એકાદ બે વિદ્યાર્થીઓને બોલાવી વાતચિત કરી સમજાવવાના મિથ્યા પ્રયત્ન કરી જોયો. પરંતુ વિદ્યાર્થીઓને આજનું જ દુઃખ ન હતું. લાંબા વખત સુધી સહન કરેલા દુઃખનું આજે આ પરિણામ આવ્યું હતું, તેથી સુરેન બાબુના બે ઘડી ઉપરઉપરથી બોલાએલા મીઠા શબ્દોથી કોઇ ફોસલાય તેમ હતું જ નહિ.

ભુખ કોઇથી સહન થઈ શકતી જ નથી. શરૂઆતમાં ભુખ ધીમોધીમો ધુંધવાટ ઉત્પન્ન કરે છે.

પછી એ ધુંધવાટ થોડાએક અસ્પષ્ટ અને અનિયમિત તીખાં વચનોમાં બદલાય છે અને અંતે જ્યારે ભુખનો ઉપાય નજરે પડતો નથી ત્યારે માણસ પોતાના સ્વભાવ ઉપરનો અંકુશ ગુમાવી બેસે છે. સવારના નાસ્તા વિના બપોર સુધી તો ચાલ્યું, પરંતુ બપોરના ભોજન વિના રાત સુધી ચાલે એ અસંભવિત હતું.

રાત્રે સુરેન બાબુ હાજરી લેવા નીચે ઉતર્યા. સુરેન બાબુના નિવાસને કાચની બારીઓ હતી અને એક બારી બરાબર દાદરની પાસે જ હતી. એટલે રાત્રે જ્યારેજ્યારે સુરેન બાબુ દાદર પરથી ઉતરી નીચે આવવા નીકળતા ત્યારે તેમનો પડછાયો વિદ્યાર્થીઓને હૉસ્ટેલમાંથી સ્પષ્ટ દેખાતો. એ તાલકા માથાની કાળી છાયા છબી પેલી બાજુના દીવાના તેજ વડે ભૂતના ગોળાની જેમ કાચ ઉપર પડતી અને ધીરેધીરે નીચે ઉતરી જતી દેખાતી.

સુરેન બાબુની આવી આકૃતિ નીચે ઉતરતી દેખાઇ એટલે સડસડાટ પાંચસાત છોકરાઓ વિજળીની બત્તીના તાર તરફ દોડ્યા. એક જણે મેઈન સ્વિચ બંધ કરી અને બીજાઓએ તાર કાપી નાખ્યા. ચારે તરફ અંધકાર છવાઇ રહ્યો.

પછી તો સીસોટીઓ, હૂકાહૂક અને ચિત્રવિચિત્ર અવાજો થવા લાગ્યા. સુરેન બાબુએ નીચે ઉતરી દરવાનને મીણબત્તી અગર ફાનસ લાવવા હુકમ કર્યો અને દરવાન ફાનસ લઇ આવ્યો.

દરેક બ્લૉકની હાજરી લેવાઇ. ચાર જણ ગેર-હાજર જણાયા. ખરી રીતે તેઓ તોડેલા તારની પાસેથી દૂર ખસી જઇ શક્યા નહિ, કેમકે સુરેન બાબુ બરાબર તેમની સામેના ભાગમાં ઉભા હતા! એ ચારે વિદ્યાર્થીઓને કૉલેજમાંથી રસ્ટિકેટ–રદ કરવાનો હુકમ સવારમાં વ્હેલો બહાર પડી ચુક્યો.

હૉસ્ટેલમાં ગરબડ વધી પડી હતી. વિદ્યાર્થીઓ એકદમ આકળા બની જઇ હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ ઉપર ખીજાઇ ગયા હતા. સુરેન બાબુએ પ્રિન્સિ-પાલને ખબર આપ્યા કે વિદ્યાર્થીઓ જમવા આવ્યા નથી. તેમણે પ્રો. કિંગને એક વાર મોકલી જોયા પણ હવે વાત બહુ આગળ વધી ગઇ હતી. બપોર પછીનું કૉલેજનું કામ શરૂ થવાનો સમય નજીક આવ્યો હતો. કૉલેજનો ઘંટ વાગી ગયો હતો, છતાં કોઇ વિદ્યાર્થી કૉલેજમાં જવા બહાર નીકળ્યો નહિ.

અમે ચાર વિદ્યાર્થીઓ કૉલેજમાં કચ્છી તરીકે ઓળખાતા. અમને કૉલેજની ભોજન વ્યવસ્થા સાથે કાંઇ જ સબંધ ન હતો. કાયદેસર તો અમારે કૉલેજને રસોડે જમવું જ જોઇએ, પરંતુ અમને બંગાળી રસોઈ ફાવે તેમ ન હતું, કેમકે તેઓ માંસમચ્છી ખાય ને અમે શાકાહારી હતા. એટલે અમારે અમારી જમવાની જુદી વ્યવસ્થા કરવાની રજા મેળવવા માટે ઠેઠ બંગા-ળની સરકાર સુધી લખવું પડેલું અને ખાસ દાખલા તરીકે અમારી બાબતમાં આટલી પરવાનગી મળેલી.

હવે તો હૉસ્ટેલની—એટલે કે કૉલેજના બંગાળી વિભાગની—હડતાલ શરૂ થઇ ચુકી હતી. અમારે આ વખતે બંગાળીઓની સાથે જ હૉસ્ટેલમાં રહેવાનું હતું, એટલે બંગાળીઓએ અમને આ હડતાલમાં જોડાવા આગ્રહ કર્યો. અમારી સ્થિતિ કંઇક કફોડી હતી. અમારે પોતાને તો ખાસ કાંઇ ફરિયાદ ન હતી, અને છતાં આ હડતાલમાં ન જોડાઇએ તો બંગાળીઓની સાથે રહેવું ભારે થઈ પડે એવું હતું; તેથી અમે પહેલે દિવસે તો ગુપચુપ અમારી રૂમમાં જ બેસી રહ્યા.

બપોર પછી ગિરીશ મીઠાઇ પુરી વગેરે હૉસ્ટેલમાં વેચવા આવતો. કૃષ્ટો ચણામમરા લાવતો. આજે એ બંનેના ટોપલા ઉપર હલ્લો થયો અને પાંચ મિનિટમાં તો બંનેના ટોપલા વેચાઇ ગયા.

કૉલેજમાં બંગાળીઓ ન આવ્યા તેથી બીજા યૂરોપીઅન વિદ્યાર્થીઓના વર્ગ પણ ચાલ્યા નહિ. પ્રિન્સિ-પાલે નોટીસ કાઢી કે સાંજના જેમને કૉલેજને રસોડે જમવું હોય તેમણે ચાર વાગ્યા પહેલાં હૉસ્ટેલ સુપરિ-ન્ટેન્ડન્ટને ખબર આપવા. ભોજન સબંધી જે કાંઇ ફરિયાદ હોય તે લેખિત રજુ કરવી અને એનો નિર્ણય તરત કરવામાં આવશે. પણ વિદ્યાર્થીઓએ સમજી લેવું જોઇએ કે ધોરણ અને વ્યવસ્થા બહારની કોઇ પણ હીલચાલને કૉલેજમાં સ્થાન રહેશે નહિ.

એ નોટીસ સૌએ વાંચી અને જાણી, પરંતુ એના અમલની કશી આશા રાખવી વ્યર્થ હતી. લગભગ આખું સત્ર કૉલેજના અમલદારોએ કાંઇ પણ ફેરફાર કરી બતાવવાની તસ્દી લીધી ન હતી. એટલું જ નહિ પણ ચાર જણને ગેરહાજર ગણી કૉલેજમાંથી રદ

કર્યા હતા એ વાત તો સૌને અસહ્ય થઇ પડી હતી.

હૉસ્ટેલના કાયદાનો ભંગ ધીરેધીરે શરૂ થઇ ગયો હતો. સુરેન બાબુને કોઇ પુછતું નહિ. સૌ પોતપોતાની ખાવાની વ્યવસ્થા કાચુંકોરૂં બહારથી લાવીને કરવા લાગ્યા હતા. દિવસ અને રાત હૉસ્ટેલમાં ગરબડ મચી રહેતી હતી. કોઇ સ્વચ્છંદે ગાતા ફરતા હતા, કોઇ બુમો મારતા હતા, કોઇ નાનામોટા અવાજ કર્યા કરતા હતા. સુરેન બાબુએ પહેલો દિવસ તો જેમતેમ હૉસ્ટેલમાં કાઢ્યો, પરંતુ બીજે દિવસે તેઓ ત્યાંથી સહકુટુંબ વહેલા નીકળી ગયા!

બીજે દિવસે સ્વચ્છંદ વધી ગયો. રસોડું બંધ થયું હતું. કાયદા પ્રમાણે કૉલેજ વહેલી બંધ થઇ શકે નહિ અને છતાં કૉલેજનું કોઇ પણ કામ ચાલતું ન હતું! અમે સવારમાં હુગલી કિનારે નહાવા ગયા ત્યારે પ્રિન્સિપાલ 'કૉમન રૂમ મિટિંગ' ભરીને બેઠા હતા. અમને જોઇને તે કૉમન રૂમમાંથી બહાર આવ્યા. અમને બધી હકીકત પુછી જોઇ તથા અમે કૉલેજમાં કેમ ન આવ્યા તે સબંધી ખુલાસો માગ્યો. અમે અમારી સ્થિતિ તેમને સમજાવી.

એનો અર્થ કૉમન રૂમમાં એમણે એવો કર્યો કે અમને હૉસ્ટેલમાં અમારી ઇચ્છા વિરૂદ્ધ રોકી રાખવામાં આવ્યા છે અને અમારે બંગાળીઓથી ડરીને ભરાઈ રહેવું પડ્યું છે. યૂરોપીયન પ્રોફેસરોએ અમારી દયા ખાધી અને અમને કાંઇ મદદની જરૂર હોય તો તે આપવી જોઇએ એવી તેમણે દરખાસ્ત પણ મુકી.

હૉસ્ટેલની બુમાબુમનો અર્થ વિદ્યાર્થીઓ તોફાને ચડ્યા છે એવો થયો. વસ્તુતઃ હૉસ્ટેલમાં એવું તોફાન થયું ન હતું કે જેનાથી કશું પણ નુકસાન થયું હોય; પણ છતાં પ્રિન્સિપાલે સરકારમાં રીપોર્ટ લખી મોકલ્યો કે હડતાલમાંથી હુલ્લડ થવાનો ભય રહે છે!

હડતાલનો ત્રીજો દિવસ ખુબ તોફાન અને યુવાનોને અતિ સામાન્ય એવી અશાંતિમાં ગયો. તોફાને નવું સ્વરૂપ તો અવશ્ય પકડ્યું હતું. ગિરીશની મીઠાઇ વગર પૈસે ખલાસ થઇ હતી; ક્રિષ્ટોના ચણામમરાનો ટોપલો પણ ખાલી થઇને વિદ્યાર્થીઓની ઠોકરે ચડી હવામાં ઉડ્યો હતો.

રીતસરના ભોજન વિના કદિ તૃપ્તિ થતી નથી. અને તેમાં ય આવા અસંતોષને આવે પ્રસંગે કાચુંકોરૂં ખાઇ લેવામાં વિદ્યાર્થીઓ સારાસારનો વિવેક ભુલી જાય તો નવાઈ નહોતી મીઠાઇ અને ચણામમરા ખાઇ જવામાં ગિરીશ અને ક્રિષ્ટોને પૈસા નથી આપવા એવું તો ભાગ્યે જ કોઈનો મનમાં આવ્યું હશે; તોપણ એ બંને જણ લુંટાયા એવી જાતના ખબર સર્વત્ર ફેલાઇ ગયા હતા અને એ હકીકત કોઇકોઈ છાપાંમાં પણ છપાઇ.

સરકારમાંથી જવાબ આવી ગયો હતો. જવાબની રાહ બંને પક્ષે આતુરતાથી જોવાઈ રહી હતી. વિદ્યાર્થીઓની આવી હીલચાલ સામે સરકારે પોતાનો રોષ જાહેર કર્યો હતો. જોકે વિદ્યાર્થીઓએ તો એવી આશા પોષેલી કે આપણું દુઃખ સરકાર જરૂર મટાડશે અને લાંબા વખતથી ચાલતા આવતા ઝગડાનો નિકાલ આવી જશે. પણ જ્યાં રીપોર્ટ કરનાર પ્રિન્સિપાલ હોય ત્યાં વિદ્યાર્થીઓની દલીલ રજુ કરનાર કોણ?

પહેલી નોટીસ પ્રિન્સિપાલે બહાર પાડી તેમાં હડતાલ બંધ કરી સૌએ કૉલેજનું કામ નિયમિત ચાલુ કરવા માટે હાજરી આપવી અને પછી જે કાંઇ ફરિયાદ કરવાની હોય તે પોતાના તરફથી એક કમિટી નીમી તેમની મારફત રજુ કરવી એવું જણાવ્યું.

વિદ્યાર્થીઓને પહેલી શરત રૂચે તેમ ન હતું, કેમકે એક વાર હડતાલ તુટી એટલે પછી એટલા જ ઉત્સાહથી લડત આગળ ચલાવવામાં જોખમ હતું.

કોઇએ આ નોટીસની દરકાર કરી નહિ, અને વિદ્યાર્થીઓએ સરકાર તરફથી મદદ મળવાની આશા છોડી એટલે તેમનો ધુંધવાટ એટલો બધો વધી ગયો કે તેમને તોફાન કરવાનું જ સુઝ્યું.

હૉસ્ટેલનાં બારી બારણાં રાતદિવસ ભડાભડ ભટકાતાં હતાં. કેટલીએક બારીઓના કાચ તુટી પડવાના અવાજ વખતોવખત સંભળાતા હતા. હૉસ્ટેલમાંથી બહાર નીકળી હુગલી કિનારે વિદ્યાર્થીઓનું મોટું મંડળ એકઠું થઇને બુમબરાડા પાડતું હતું. હડતાલને અંગે કોઇકોઇ કાવ્યરસિક બંગાળી વિદ્યાર્થીઓએ કાવ્યો રચી કાઢ્યાં હતાં તે ગવાતાં હતાં.

કૉલેજ પાસેથી નીકળનારને આ સર્વ દશ્યો ભીષણ લાગે એવાં હતાં. અંદરઅંદર પણ કાબુ વિના સ્વચ્છંદ વ્યાપ્યો હતો, એટલે વચ્ચેવચ્ચે ક્વચિત વિદ્યાર્થીઓ

દંદ કરતા પણ દેખાતા હતા. જોકે એવા અંદરઅંદરના છુટાછવાયા નાનાનાના કલહો મચતા હતા છતાં બહારથી હડતાલ ચાલુ રાખવાનું લક્ષ્યબિંદુ કોઇ ચુકયા ન હતા.

બપોર સુધી પહેલી નોટીસનું કાંઇ પરિણામ ન આવ્યું એટલે પ્રિન્સિપાલે છેવટનો નિર્ણય બહાર પાડ્યો કે કૉલેજની હદ છોડીને હડતાળીઆઓએ સૌસૌને ઘેર ચાલ્યા જવું. ઘેર જવાની તો સૌની મરજી હતી છતાં માત્ર આવા હુકમનો અનાદર કરવા ખાતર કોઇ હૉસ્ટેલ છોડવાની હીલચાલ કરતું દેખાયું નહિ.

પ્રિન્સિપાલ આ અનાદરથી ખરેખરા મુંઝાઇ ગયા. એમણે ટેલિફોન કરી, જરૂર પડે તો હૉસ્ટેલ ખાલી કરાવવા માટે મિલિટરીની ટુકડી બોલાવવાની તૈયારી રાખી અને એક છેલ્લી નોટીસ (આલ્ટિમેટમ—આખરીનામું)—બહાર પાડી કે આવતી કાલે સવારે જે કોઇ વિદ્યાર્થી હૉસ્ટેલમાં રહેલો માલુમ પડશે તેને મિલિટરીની મદદ વડે બહાર કાઢવામાં આવશે.

આ નોટીસ છેક સાંજના બહાર પડી. હવે વિદ્યાર્થીઓએ સમજી લીધું કે માત્ર ત્રણસો છોકરાઓ કાંઈ હથિયારબંધ મિલિટરી ટુકડીની સામે ટકી શકે જ નહિ. એટલે ટ્રંકો પૅક થવા લાગી અને બિસ્તરા બંધાવા લાગ્યા. કેટલાએક રાત્રે ને રાત્રે રવાના થઇ ગયા અને છેક મોડી રાત સુધી આ હૉસ્ટેલ છોડવાની ધમાલ ચાલી. સવારના જે આઠદસ જણ બાકી રહ્યા હતા તેમણે પણ કૂચ કરી અને નવ વાગ્યે તો જ્યારે પ્રિન્સિપાલ પોતાની મોટરમાંથી મિલિટરી ઑફિસર સાથે હૉસ્ટેલના ચોક વચ્ચે ઉતર્યો ત્યારે માત્ર અમે ચાર 'કચ્છી' તેમને ગુડ મૉર્નિંગ કરવા નીચે આવ્યા. કાયદેસર તો અમારે પણ હૉસ્ટેલ છોડવી જોઇતી હતી, પણ અમને જોતાં જ પ્રિન્સિપાલે હડતાળીઆઓની વ્યાખ્યામાંથી અમને બાદ કર્યા અને 'હવે કોઇ રહ્યું છે કે?' એમ અમને પુછ્યું.

અમે પણ તે રાત્રે ઘર તરફ આવવા નીકળી ગયા.

વૅકેશન ત્રણ માસ ચાલ્યું. કૉલેજ ઉઘડવા અગાઉ થોડા જ દિવસે ઘેરેઘેર પ્રિન્સિપાલ તરફથી નીચેની રજિસ્ટર્ડ નોટીસ વિદ્યાર્થીઓનાં માબાપને મળી ગઇ:

(૧) તમારા છોકરાને કૉલેજમાંથી રજા આપવામાં આવી છે. (૨) તેને ફરી દાખલ કરવો હોય તો હડતાલમાં ભાગ લેવા બદલ રૂ. ૧૦ દંડના ભરી દાખલ કરી શકાશે. (૩) તેણે ભરેલું ડીપોઝીટ (કૉશન મની) જપ્ત કરવામાં આવ્યું છે. (૪) તેણે ફરીથી હડતાલમાં ભાગ નહિ લેવા બદલ એક કરારપત્ર ઉપર સહી કરવી પડશે.

અમારી નોટીસમાં પાંચમી કલમ ઉમેરવામાં આવી હતી કે ઉપરની ચારે કલમ તમને લાગુ પડતી નથી અને તમને બીનશરતે દાખલ કરવામાં આવશે.

કૉલેજ ઉઘડી ગઈ હતી. લગભગ દરેક વિદ્યાર્થીએ દંડ ભરી દીધો હતો. અમારે સીધી રીતે હડતાલ સાથે કાંઈ જ સબંધ નહોતો, છતાં અમારી ઉપર દર્શાવેલો પક્ષપાત અમને ખુચી રહ્યો હતો. પણ અમે કરીએ શું?

ત્રણ માસનો વૅકેશનનો સમય ગમેતેવો ઉત્સાહ મંદ પાડી શકે એ પરિસ્થિતિનો લાભ પ્રિન્સિપાલને મળી ગયો એમ કહીએ તો ચાલે.

કૉલેજ શરૂ થઇ ત્યારે ઠાકુરને તથા બધા જુના રસોયાઓને રદ કરવામાં આવ્યા હતા અને ભોજન અગાઉ કરતાં સારૂં થવા લાગ્યું હતું.

કદાચ પ્રિન્સિપાલની આમાં ફતેહ ગણાતી હશે; પરંતુ સુરેન બાબુ તો ફરી હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ ન થયા તે ન જ થયા.

મસ્તરામ પંડ્યા

પાટણના વિદ્યાર્થીમંડળે તૃતીય સંમેલનના કાર્ય રૂપે (આ અંક સાથે જોડેલી) જે પ્રશ્નમાળા દેશ સામે મુકી છે તે દરેક વાંચનાર ધ્યાનપૂર્વક જોઇ જાય; અને તેના દિલમાં આ કાર્યની ધગશ જાગે તો તેના જવાબો પુરા પાડીને પાટણના મંડળને સહાય કરવાનો બંધુધર્મ જરૂર બજાવે એવો અમારો આગ્રહ છે. એ પ્રશ્નના જવાબો તમે આપી ન શકો તો આપી શકે એવા માણસ આગળ લઈ જાઓ; વડીલો, વાલીઓ, શિક્ષકો, અમલદારો, વ્યાપારીઓ કે કારીગરો સામે એ પ્રશ્નમાળા ધરો અને તેમને અંતઃકરણથી જવાબ આપવા દો કે હાલની સ્થિતિ જરા ય સંતોષકારક છે ખરી? સ્વરાજ્યના પાયા તો ઉછરતી પ્રજામાં જ માંડવા પડશે. એને સ્વરાજ્ય અને સ્વનિમંત્રણના પાઠો આપનારી કેળવણી કોણ શરૂ કરશે?



સ્થળ-સંકોચને લીધે આ મહીને આપી શકાઇ નથી.



ખોડો લુહાર

ખોડા લુહારની કોડ ગામની આથમણી દિશાએ. રતના ભગતની ખડકી મુકી, મનજી સુતારના ઘર પાસે જઈ ખોડા લુહારની કોડ પુછવી. ખોડો લુહાર કોડે બેઠો હોય.

ખોડો વહેલો ઉઠનારો. ઉઠી કરી, ઝાડાજંગલથી પરવારી પહેલું કામ ચુલામાં કોલસા નાખવાનું. કોલસા નાખી દેવતા પાડી ખોડો કોડ વાળવા માંડે. ઘરથી જ ખોડો કામગરો ને કારીગર. પંડમાં તલભાર આળસ નહિ. જીવો લુહાર જીવતાં ખોડો બધું કામકાજ શીખી ગએલો.

કોડ વાળી ખોડો દાતણપાણી કરી શીરાવી લે. વજુ લુહારણે કયારના રોટલા ઘડી નાખ્યા હોય. વખતે વાડીનાં તાજાં રીંગણાંનું શાક પણ કર્યું હોય.

શીરાવી કરીને ખોડો કોડમાં બેસે. ત્યાં તો ચુલો ધખધખ ધીકતો હોય. તરત ખોડો લોઢાનો ધરો તપાવવા મુકે. શામજી એકાવાળાનો ધરો ગઇ કાલે વળી ગયો હતો. હાથેથી સીધો થાય એમ નો'તો. ખોડા વિના બીજાના ભાર નો'તા. શામજી રાતે કહી ગએલો કે 'ખોડા, કાલ ને કાલ આ ધરો સરખો કરી દેજે.'

ધરો તપતો થાય ત્યાં ખોડો સાણસી, ને ઘણ, ને સમાણી, ને બીજાં લુહારી હથિયારો સરખાં કરીને મુકે. એરણ સાફ કરી નાખે. ધમણને લુછી નાખે.

ત્યાં તો ધરો લાલચોળ થઈ જાય. એટલામાં તો વીરો કોળી આવી પહોંચે. ખોડો મોટા સાણસીથી ધરો પકડીને બહાર કાઢે ને વીરો તેને એરણ પર પકડી રાખે. ખોડો ધડ ધડ ઘણ પછાડવા માંડે. ટણંગ, કણંગ, લોઢું ખખડે. કોડમાં તડાફડ થઇ રહે. લોઢામાંથી લાલ અંગારા ઉડે તે પડખેની પાણીની કુંડીમાં પડે ને છમછમ થઇ ઓલવાઇ જાય.

ધરાને સરખો કર્યો. પહેલું કામ પુરૂં. પણ હજી તો બીજાં કેટલાં ય કામ દિ' આખામાં કરવાનાં હોય. રામ ડોસાની સાણસીને જડ દેવી છે. ગોપા સુતારે ત્રણ સાંકળો તૈયાર માગી છે. માધા દાદાએ બે સગડી કરાવવા નાખી છે. રોજ આંટાફેરા ખાય છે, પણ પાછા જાય છે.

ખોડો એક પછી બીજું કામ ઉપાડચે જાય છે. વચ્ચે વચ્ચે ચુલામાં કોલસા નાખે છે. વીરો ધમણ ધમી કોલસા સળગાવે છે. ખોડો લોઢાં તપાવી તપાવીને ટીપે છે. ડીલે પરસેવો વહ્યા જાય છે. પરસેવો રેલા થઇ એની મેળે હેઠે પડે છે. ખોડા પાસે રૂમાલ નથી; ખોડો પરસેવો લુવા નવરો પણ નથી. ખોડો લોઢા સાથે લડાઇ કરે છે.

ઓહોહો ! બપોર થઈ ગયા ! કોડ ઉપરથી ખોડો ખાવા ગયો. વીરો પણ બપોરાં કરવા ગયો. ઘડી અધઘડી ચુલાને, ધમણને, એરણને, હથોડાને વિસામો મળ્યો.

ખોડો લુહાર કારીગર પણ ખરો. ખોડો પગના તોડા પણ ઘડે, હાંસડી ઘડે, રૂપાની તોડીઓ પણ ખોડો ઘડે. સવારે લોઢાનું કામ ને બપોરે રૂપાનું કામ. અધવચ પરચુરણ.

જમીને ખોડો આવ્યો ને છાણાનો ગોળ આઢ ખડકયો. વચ્ચે લોઢાનો વાટો મુકયો ને ફરતાં છાણાં ગોઠવ્યાં. એનું નામ આઢ. મુકયો દેવતા ને છાણાં સળગ્યાં. ઘડીકમાં તો હડ હડ હડ બળવા લાગ્યું. છાણાં બળી રહ્યાં. ત્યાં મહીં પાટો લાલ હીંગળોક જેવો થઈ ગયો. પાટો ગાડીના પૈડાને ચડાવવો હતો. એને તપાવ્યો એટલે પકતો થયો. પછી એ ધગધગતો ને ધગધગતો પાટો પૈડા પર ચડાવ્યો ને ઉપર પાણી રેડયું. પાણી રેડયું ઇ ભેગી ચુસ લાધી ને પાટો

સાંકડો થઇને પૈડાને ચોંટી ગયો. ગાડીના પાટા ચડાવવાની આ જ રીત.

પાટા ચડાવી ખોડો કોડે આવી બેઠો. હળવેથી રૂપાની પાટ કાઢી ને તોડા કરવા માંડ્યા. સવારનો ખોડો ને અત્યારનો ખોડો જાણે નોખાનોખા. સવારે તો જાણે લોઢાનો કાળ. ધડીંગ કડીંગ કરતો આખી કોડ ગજવી મુકે. અત્યારે તો નાની એવી ગાદલી નાખી, નાનકી મજાની એરણ ઉપર ટચુકડી હથોડીથી ધીમે ધીમે ટપટપ કરતો અંકોડાને સરખા કરતો હોય. એ પુરૂં થાય એટલે કંદોરાનો વાળો જતરડામાં નાખી વીરા પાસે તણાવતો હોય.

ખોડો કામગરો ને કારીગર; પણ મગજનો ભારે ઠંડો. કોઇ દિ' ખોડો કોઇના ઉપર તપે નહિ. લોઢાને તપાવીતપાવીને જાણે પોતે તો ટાઢો બોળ થઈ ગયો હતો. ને અથરો ઉતાવળો પણ જરાકે નહિ. બધું કામ ધીરેધીરે નીરાંતથી કર્યે જાય.

ખોડો ઉંચો ને કદાવર. એનાં બાવડાં જોયાં હોય તો ધોકા જેવાં, ખોડાનું કાંધ બળદ જેવું. ને વાંસો પાટડા જેવો. પગની પીંડીઓ જોઇ હોય તો લોઢા જેવી.

ખોડો સાંજે વાળુ કર્યા પહેલાં ચોરે જાય. જાર મુકે, રામજીને પગે લાગે ને ઘેર આવે. રાતે વાળુપાણી કરી નવરો થઇ ખોડો ફળિયામાં તંબુરો લઇને બેસે ને બેપાંચ ભજન બોલે. ગમે તેટલું કામ કર્યું હોય ને ભલે થાકીને લોથ થઈ ગયો હોય, પણ રાતે તંબુરો તો ખરો. એકતારો તંબુરો. ખોડો કબીરનાં ભજન જાણે, મીરાંનાં ભજન પણ બોલે. ખોડો ને કલો, રતનો ને જીવો, માધો ને શામો વારાફરતી ભજન બોલ્યે જાય. માળા બધા ય દિવસના કામગરા ને રાતના ભજની. બારના ટકોરા થાય એટલે ખોડો તંબુરો કોરે મુકે. 'હે ભગવાન તુંથી બધું છે'; 'હે મારા નાથ લાજ રાખજે' કરતો ઉઠે ને ખાટલીમાં જઇ પડે. ખાટલીમાં પડ્યો કે વહેલી પડજે સવાર.

ખોડો હજી ય એ રહ્યો. હવે તો ઘરડો થયો છે; પણ ઘરડો છે તો ય કનો ઇ છે. એક ફક્ત મોટો ઘણ નથી ઉપાડતો. હવે ધણીંગ ધણીંગ ઘણ નથી પડતો. તો ય ખોડો ઈ ખોડો. જુનું કાટલું. દિ પડ્યે રૂપિયારોડાનું કામ તો કરે જ કરે.

ગિજુભાઇ

શીતળાનું સાચું નૈવેદ્ય

શીતળાનો રોગ ચેપી અને ભયંકર છે. એનો ચેપ ઝપાટાથી ફેલાય છે ને એનો ભોગ થઈ પડનાર અસહ્ય વેદના ભોગવવા ઉપરાંત રોગને અંતે શરીરે વિરૂપ થઇ જાય છે; ઘણીવાર અંધાપો કે શરીરની કોઇ અપંગતા આવી જાય છે ને કેટલીક વાર મૃત્યુ પણ નીપજે છે. હમણાં થોડા સમયથી, ગુજરાત-કાઠિયાવાડમાં જ નહિ પણ મુંબાઇ ઇલાકા ને હિંદના ઘણા ભાગોમાં શીતળાનો કોપ પ્રગટી ઉઠ્યો છે. એની શાંતિ માટે અનેક નૈવેદ્યો લોકરીતિએ ધરાય છે, પણ સાચું નૈવેદ્ય તો સ્વચ્છતા ને સાવચેતી છે. નીચલા ઉપાયો ને અગમચેતીઓ લેનારને ઘણે ભાગે હરકત નથી આવતી.

(૧) શીતળાનું સાચું નૈવેદ્ય સ્વચ્છતા છે. અંગ અને આંગણું સ્વચ્છ રાખજો; ઘરમાં દરરોજ લીમડાનાં પાનનો ધૂપ કરજો; કબજિયાત જણાય તો જુલાબ લઇ લેજો; બાળકોને અવારનવાર સાદો જુલાબ આપતા રહેજો.

(૨) શીતળામાંથી બચવાને માટે સૌથી પહેલો ઉપાય તે શીતળાની રસી ટંકાવવાનો. એક વખત ટંકાવેલી હોય તોપણ ફરીથી ટંકાવવી લાભકારક છે અને તેમાં પણ ૧૦ વર્ષની અંદરનાં છોકરાં માટે તો ફરીથી ટંકાવવી લાભપ્રદ ને જરૂરી છે.

(૩) તાવ આવે તો માથા પર ઠંડા પાણીનાં પોતાં મુકવાં, એકાદ હલકો જુલાબ આપવો ને ઉના પાણીમાં ૧૦ ઘઉંભાર પોટાશિયમ પરમેંગેનેટ નાખી તે પાણીથી બાળકને સ્નાન કરાવી સ્વચ્છ કપડામાં વીંટી સુવાડી દેવું. મોં ખુલ્લું રાખવું.

(૪) ચોથે દિવસે દાણા દેખાયા બાદ તાવ ઉતરી જાય છે અને જો બીજો બહારનો ચેપ, તે પાકતાં ન લાગે તો ફરીથી તાવ બીલકુલ આવતો જ નથી.

(૫) શરીર ઉપર ચળ પુષ્કળ થાય છે અને તેથી બાળક બહુ હેરાન થાય છે. માટે પોટાશિયમ પરમેંગેનેટ નાખેલા ગરમ પાણીથી બાળકને સ્નાન કરાવી, પછી તલના સારા અને સ્વચ્છ એક આઉંસ તેલમાં કારબોલિક ઍસિડ એક ડ્રામ નાખી, બરાબર મિશ્રણ કરી તે આખા શરીર પર હળવે હાથે લગાવવું. ત્યારબાદ સ્વચ્છ પથારી પર ચોકખી ચાદર પાથરી તે પર નીચે લખેલો પાઉડર નાખવો અને બાળકને તે પર સુવાડવું. તેના શરીર પર પણ તે પાઉડર છાંટવો. એથી ચળ મટે છે અને દાણા પાક ઉપર ચડતા નથી, પણ વહેલા સુકાઈ જાય છે ને બહારનો ચેપ પણ લાગતો નથી. પાઉડર નીચે પ્રમાણે બનાવવો: બોરીક ઍસિડ એક આઉંસ; ઝિંક ઑકસાઇડ એક આઉંસ, સેલીસેલિક ઍસિડ અર્ધો આઉંસ, બધાનું બરાબર મિશ્રણ કરવું. (સૌરાષ્ટ્રમિત્ર)



માધુકરી

ઉદયોન્મુખ આગે ધપતી
અમ સેના ચાલી જાય,
ડગ માંડે રટતી રટતી
એક જ શ્રદ્ધા ઉર માંય:
'સ્વાતંત્ર્ય તણા સાચા આશકના પડશે એવા ઘાવ,
પૃથ્વીપટ પરથી જાલિમ દળનું કરશે કામ તમામ!'
ગાઓ વિપ્લવનાં ગાન! (સૌરાષ્ટ્ર)

ખુદીરામ બોઝ

ઇ. સ. ૧૯૦૮ની ૩૦મી એપ્રિલ ભારતના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેવાની. તે દિવસથી જ ભારતીય વિપ્લવકારી દળે બૉમ્બના ભીષણ નિનાદ દ્વારા હિંદમાં વિપ્લવવાદની પ્રથમ ઘોષણા કરી હતી. એ ઘોષણાસ્થળ હતું મુઝફ્ફરપુર, અને તેના શ્રીગણેશ માંડનાર હતો સત્તર જ વર્ષનો બંગાળી નવયુવક ખુદીરામ બોઝ.

એ બનાવને તો આજે લગભગ બાવીસ વર્ષ વીતી ગયાં છે, છતાં હજી ઘણાં યે હૃદય એ સ્મૃતિ વિસરી શક્યાં નથી, કદિ વિસરી શકશે પણ નહિ.

મુઝફ્ફરપુરના જજ કિંગ્સફોર્ડ સાહેબના બંગલાની સામે આવેલા અંટાઘરવાળા મેદાનમાં, ત્યાંની કૉલેજિયેટ સ્કુલના વિદ્યાર્થીઓ હમેશાં સાંજે રમતો રમવા એકઠા થતા. તેઓ ઉપલી ઘટનાના થોડા દિવસ પહેલાં બે બંગાળી નવયુવકોને તે મેદાનમાં વારંવાર આવીને બેસતા જોતા. પણ તે નાના છોકરાઓને શી ખબર કે તેઓ કોણ હશે અને દરરોજ ત્યાં આવીઆવીને શા માટે બેસતા હશે? તેઓ તો પોતાની રમતમાં મશગૂલ રહેતા. પણ થોડા દિવસ બાદ હૃદયદ્રાવક બૉમ્બકાંડ બની ગયા પછી તેઓએ કદિ પણ તે યુવકોને જોએલા નહિ. બસ, તે ઉપરથી ખ્યાલ બાંધી શકાય કે તે બંને ખુદીરામ બોઝ અને પ્રફુલ્લચંદ્ર ચાકી હોવા જોઇએ.

મિ. કિંગ્સફોર્ડ જ્યારે કલકત્તામાં મુખ્ય મેજિસ્ટ્રેટ હતા ત્યારે તેમણે ત્યાંના કેટલાક સ્વદેશપ્રેમી બંગાળીઓને રાજદ્રોહાત્મક લેખો લખવા માટે કડવી સજાઓ ફરમાવેલી. એ કારણે વિદ્રોહી દળે કિંગ્સફોર્ડ સાહેબને આ સંસારમાં નહિ રહેવા દેવાનો નિશ્ચય કર્યો અને તે કાર્ય પાર પાડવા માટે ઉપરોક્ત બે યુવાનોને પસંદ કરી મુઝફ્ફરપુર મોકલ્યા.

મુઝફ્ફરપુર પહોંચી તેઓએ સ્ટેશન પાસેની ધર્મશાળામાં મુકામ કર્યો અને દસબાર દિવસ સુધી સારા યે શહેરમાં ઘુમીઘુમીને ઉપયોગી માહીતી મેળવી લીધી. કિંગ્સફોર્ડ ક્યાં રહે છે, ક્યારે ક્યાં જાયઆવે છે ત્યાંથી માંડીને તે તેનાં ગાડી, ઘોડા વગેરેની ઝીણામાં ઝીણી બાબતોનો તેમણે પત્તો મેળવ્યો, અને બૉમ્બ ફેંકવાનો અવસર શોધવા લાગ્યા.

મિ. કિંગ્સફોર્ડના મકાનથી થોડે દૂર ગોરાઓની એક કલબ છે. ત્યાં દરરોજ સાંજના સમયે કિંગ્સફોર્ડ તથા બીજા ગોરા અમલદારો એકઠા મળતા. એ સમય પેલા બંનેને જજ સાહેબનો ઘાટ ઘડવા માટે ઉચિત લાગ્યો.

૩૦મી એપ્રિલની કાળી અંધારી રાત હતી. સમય સાડાઆઠનો હતો. આખા યે શહેરમાં શાંતિ પ્રસરી રહી હતી. અચાનક પ્રલયકાળ સમો ભયંકર અવાજ થયો અને તેના પડઘા શહેરઆખામાં ગાજી ઉઠયા. થોડી જ ક્ષણમાં વિજળીની ત્વરાએ વાત પ્રસરી ગઇ કે કોઇએ કેનેડી વકીલ સાહેબની ગાડી ઉપર બૉમ્બ ફેંક્યો છે જેથી તેમની સ્ત્રી તથા પુત્રીને સખત ઇજા થઇ છે ને ગાડીવાન તો ત્યાં જ મરણ પામ્યો છે.

એમ જણાય છે કે તેઓ બંને કલબથી થોડે દૂર ઝાડની અંધારી ઘટામાં લપાઇને પોતાનો લાગ શોધી રહ્યા હતા. બરાબર તે જ સમયે કેનેડી સાહેબની ગાડી ત્યાંથી નીકળી. કિંગ્સફોર્ડના સારા નસીબે અને કેનેડી સાહેબના કમનસીબે બંનેની ગાડીનો રંગ એક હતો. જજની ગાડી સમજી બૉમ્બ ફેંકવામાં આવ્યો. એક જ ધડાકે ગાડીના ચુરેચુરા થઇ ગયા. કિંગ્સફોર્ડ મુઓ સમજી બંને ખુશ થતા ત્યાંથી મુઠીઓ વાળીને પોબારા ગણી ગયા.

પણ ધાર્યું હતું કંઇક ને થયું બીજું મારવા હતા કિંગ્સફોર્ડને અને હત્યા થઈ બે નિર્દોષ અબળાની.

શહેરને ચારે બાજુએથી ઘેરી લેવામાં આવ્યું; પણ ગુનેહગારો તો ક્યારના યે છટકી ગયા હતા. આ બાજુ રાતો-

રાત પચ્ચીસ માઇલ પગે ચાલીને ખુદીરામ વૈની ગામ પહોંચી ગયો; ચાકી ભાગતાંભાગતાં સમસ્તીપુર જઇ પહોંચ્યો. ખુદીરામ અને ચાકીના કૃત્યની ખબર ચારે તરફ પહોંચાડવામાં આવી હતી ને તેમને પકડવાનાં વૉરન્ટ પણ નીકળી ચુકયાં હતાં.

ખુદીરામ મોદીની દુકાનેથી કંઇ ખાવાનું ખરીદી રહ્યો હતો. દુકાન સ્ટેશનની પાસે જ હતી. સ્ટેશન માસ્તર પોતાનાં માણસોને કહી રહ્યા હતા કે 'જુઓ, મુઝફરપુરમાં બે અબળાઓની હત્યા કરીને હત્યારો નાસી છુટયો છે. સંભવ છે કે તે આ ગાડીમાં પણ જતો હોય.'

આટલા શબ્દો કાને અથડાતાં જ ખુદીરામ ચમકયો. આવેશમાં ને આવેશમાં તેનાથી અકસ્માત બોલી જવાયું, 'ત્યારે શું કિંગ્સફોર્ડ નથી મર્યો?'

બસ, પાસે ઉભેલાં માણસોએ જાણી લીધું કે આ છોકરો જ હત્યારો છે. તે ત્યાંથી એકદમ ભાગ્યો. લોકો તેની પાછળ દોડયા. પોલિસ તો તેને પકડવા કયારની છુટી મુકવામાં આવી હતી. ત્રણ માઇલ સુધી બે કોન્સ્ટેબલોને તેણે ખુબ હંફાવ્યા, પિસ્તોલથી ડરાવવાની કોશિશ કરી, પણ વ્યર્થ. આખરે તે પોલિસને હાથ આવ્યો. કહેવાય છે કે આ વખતે તેની પાસે એક મોટી પણ ખાલી અને એક નાની ભરેલી પિસ્તોલ તથા ત્રીસ કારતુસો હતી. વૈનીથી તેને મુઝફરપુર લાવવામાં આવ્યો ત્યાં આ નાના પણ ભયંકર હત્યારાના દર્શન માટે સ્ટેશન પર બેશુમાર ભીડ જામી હતી.

આ બાજુ પ્રફુલ્લ ચાકી ભાગતાં સમસ્તીપુર જઇ પહોંચ્યો. પરંતુ અદષ્ટ તેની પણ સાથે જ હતું. તેને ટ્રેનમાં જોઇને પોલિસ સબ ઈન્સ્પેકટર મિ. નંદલાલ બૅનરજીને શક પડયો અને તેને ગિરફતાર કરવા પોલિસને હુકમ આપ્યો. ચાકીએ પકડવા આવનાર પર ગોળી ચલાવી, પણ બાર ખાલી ગયો. હવે તેને બચવાનો એકે આરો દેખાયો નહિ. બીજાને હાથે મરવા કરતાં તેણે આત્મહત્યા ઉચિત ધારીને બીજી ગોળી પોતા પર ચલાવી અને પોતાની માનવલીલા સંકેલી લીધી.

યથા સમયે ખુદીરામ પર મુકદ્દમો ચાલ્યો. સરકાર તરફથી તો મોટા ધુરંધર બૅરિસ્ટરો ઉભા થયા; પણ એક હત્યારા તરફથી કોણ ઉભું થાય? પણ છેવટે બાબુ કાલિદાસ બોઝ ખુદીરામ તરફથી તૈયાર થયા અને તેના બચાવ માટે પોતાથી બનતું સર્વ કર્યું. મુકદ્દમો આઠથી દસ દિવસ ચાલ્યો. પરંતુ છેવટે જે થવાનું હતું તે જ થયું. ખુદીરામને ફાંસીની સજા થઇ. અપીલ છતાં પણ તે સજા બહાલ રહી. આખરે ૧૯૦૮ની અગિયારમી ઑગસ્ટને દિવસે, હાથમાં ગીતા તથા મોં ઉપર હમેશના નિર્દોષ હાસ્ય સાથે, કાળા ગુંચળિયા વાળથી દેવ-કુમાર સમ દીપતો ખુદીરામ ફાંસીને માચડે જઇ ઉભો રહ્યો; અને તે જ નિર્દોષ હાસ્ય સાથે ગીતાસ્તવન કરતાં કરતાં તે બાલ તપસ્વીએ પોતાના અમોલા પ્રાણની આહૂતિ આપી.

મુકદ્દમો ચાલ્યો ત્યારથી કે અંત સુધી તેના પ્રફુલ્લ વદન પર કોઇને ગ્લાનિની રેખા સરખી પણ જણાઇ નહોતી. તેણે તો હથેળીમાં જીવ મુકી બાજી ખેલી હતી. મરણ પછી પણ તેની અધખુલ્લી આંખોમાં માનવ જીવન-જ્યોતિ ઝબકી રહી હતી.

તેને ફાંસીની લેશપણ પરવા નહોતી તે નીચેના રમુજી દાખલા પરથી સ્પષ્ટપણે સમજાય છે. જેલના કેદીની દેખરેખ રાખનાર ડૉકટરે તેને ફાંસીના આગલા દિવસે એક પાકી કેરી ખાવા માટે આપી. ખુદીરામે તે ચુસીને સાફ કરી ને તેની છાલને ફુલાવી તેની જગ્યાએ મુકી દીધી. ડૉકટરે કેરીને જેમની તેમ પડેલી જોઇ પુછ્યું 'ખુદીરામ, તેં હજી સુધી કેરી કેમ નથી ખાધી?' તેણે કહ્યું 'કેરી તો હું ખાઇ ગયો છું.' 'પણ હું તો તેને ત્યાં જ પડેલી જોઉં છું.' ઉત્તરમાં ખુદીરામે કહ્યું, 'જરા ત્યાં જઇને બરાબર ખાતરી તો કરો.'

ડૉકટરે પાસે જઇને જોયું તો ફક્ત ફુલાવેલી છાલ જ પડી હતી. ખુદીરામ ડૉકટર સામું જોઇ ખડખડાટ હસી પડયો. ડૉકટર સાહેબ તો સડક જ થઇ ગયા, કે જે આવતી કાલે તો ફાંસીએ લટકવાનો છે તે આટલો બધો ખુશમિજાજ! પણ તેથી યે વધારે દંગ થયાં હતાં એ લોકો કે જેઓએ તેને તપસ્વીની જેમ હસતાંહસતાં ફાંસી પર લટકતો જોયો.

અને તેની ઉમર પણ કેટલી હતી? ફક્ત સત્તર જ વર્ષની! હજી તેના દુધિયા દાંત પણ પુરા પડયા નહોતા. તેની છબી જોનારને એમ ન લાગે કે એ હત્યારો હશે. પણ તેણે જાતે જ વીરતાથી કબુલ કરેલું કે 'મેં પોતે બૉમ્બ ફેંકી હત્યા કરી છે.' અને સરકારે તેને સજા પણ તેવી જ કરી. પરંતુ હત્યા કરીને ફાંસીની સજા થવાથી પણ તે આટલો પ્રસન્ન, આટલો મગ્ન કેમ રહી શકયો? આ પ્રશ્નનું રહસ્ય આજે સમજાવવું પડે એવું છે? (હિંદી ઉપરથી)

દાતણ કે ટૂથબ્રશ?

અત્યારના આ સુધરેલા જમાનામાં ટૂથબ્રશનો ઉપયોગ ખુબ જ વધ્યો છે. તેમાં યે ખાસ કરીને મોટાં શહેરોમાં તેનો બહુ જ મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. કેટલાક તો તેને ફૅશન માનીને ખાસ વાપરે છે. પણ તેનાથી દાંતને કેટલું નુકસાન થાય છે તેનો કોઈ વિચાર સરખો ય કરતું નથી. જર્મનીના એક દાંતના ડૉકટરે કહ્યું છે કે 'તમે ગમે તેવી ભારે કીમતનું દાંતનું બ્રશ વાપરશો તોપણ તેમાં જંતુઓ તો ભરાઈ રહેવાના જ. એ જંતુઓનો નાશ કરવા માટે તેને હમેશાં કારબોલિક ઍસિડમાં પલાળી રાખવું જોઇએ. પણ આમ કરવાથી બ્રશની આવરદા થોડા જ દહાડામાં આવી રહે છે.

પણ વાત તો એ છે કે હિંદુસ્તાન જેવા ખેતીપ્રધાન દેશમાં માણસે બ્રશ વાપરવું જ શા માટે જોઇએ? વનસ્પતિથી ઉભરાતા આ દેશમાં જોઇએ તેટલી જાતનાં ઝાડ થાય છે. બાવળ, આવળ, લીમડો, વડ કરેણ, ચીખલી વગેરે અનેક ઝાડનાં દાતણ થઈ શકે છે. જે જુદાંજુદાં ઝાડનાં ઉપર નામ આપ્યાં તેમાં બાવળનું દાતણ આપણા દેશમાં ઉત્તમ મનાય

છે. જેને કડવાશનો વાંધો ન આવતો હોય તેવા માણસો માટે લીમડાનું દાતણ પણ ઉત્તમ છે. આ દાતણની જો ટેવ પાડવામાં આવે તો પછી મોઢાને તેની કડવાશ નથી લાગતી તે મારા જાતિ અનુભવની વાત છે. પ્રયોગ કરી જોનારાને ખાતરી થશે. આપણા વૈદ્યરાજો તો દાંતના દરદીઓને વડલાની વડવાઇનું દાતણ કરવાની ભલામણ કરે છે. બ્રશ કરતાં દાતણમાં બીજો એક ગુણ એ છે કે તેની અંદર ટૅનિક ઍસિડ હોવાથી તે સાથોસાથ દંતમંજનની પણ ગરજ સારે છે, અને કુચો પણ મનમાન્યો થતો હોવાથી દાંત બહુ જ સાફ રહી શકે છે.

દાંતને હમેશાં ઉભા દાતણથી સાફ કરવા જોઇએ. દાતણનો ઝીણો બ્રશ જેવો કુચો કરીને ઉભો ઘસવાથી દાંત બરોબર સાફ થાય છે. બ્રશ વાપરનારાઓ પણ આવી રીતે બ્રશ ઘસી શકતા નથી, અને તેથી તેઓને વહેલી ડૉકટરોની શોધ કરવી પડે છે. વળી બ્રશ વાપરનારાઓને ઊળ ઉતારવાને માટે બીજું જુદું સાધન રાખવું જ પડે છે; અને કેટલાક આળસુ લોકો તો ઊળ ઉતાર્યા વગર એમ ને એમ જ ચલાવી લે છે!

જેને દાંતને બુઢ્ઢાપણા સુધી સાચવી રાખવા હોય તેણે દાંત ઉપરાંત ખાસ તો પેઢાંને દાતણથી ખુબ ઘસવાં જોઇએ. બ્રશ વાપરનારાઓ જો પેઢાં ઉપર બ્રશ ઘસવા જાય તો લોહી જ નીકળે. આથી તેઓ પેઢાં સાફ કરી શકતા નથી. આવા લોકોના પેઢાં ધીમેધીમે નબળાં પડતાં જાય છે, અને બ્રશના કડક વાળને લીધે દાંતની વચ્ચે પણ પોલ પડતી જાય છે. આવી પોલોમાં પછી અનાજના રજકણ ભરાઈ રહે છે અને તે કોહી જઈ દાંતને ખુબ નુકસાન કરે છે. જ્યારે દાતણ વાપરનારો માણસ દાતણના સુંવાળા કુચાથી દાંત તથા પેઢાં બંનેને સારી પેઠે ઘસી શકે છે. વળી દાતણનો કુચો સુંવાળો હોવાથી દાંત વચ્ચે પોલ પણ પડતી નથી.

કેટલાક વળી એવી દલીલ કરનારા મળી આવશે કે દાતણ ન મળે ત્યારે શું કરવું? આવાઓએ સમજવું જોઇએ કે બ્રશથી તો દાંત બગડે જ છે, માટે બીજો કાંઈ ઉપાય શોધવો જોઇએ. જે દિવસે દાતણ ન મળે તે દિવસે આપણા હાથની આંગળીથી દંતમંજન ઘસી લેવાથી બ્રશના કરતાં વધારે લાભ થાય છે પણ આજની ફૅશનમાં તણાતા માણસોને આ વાત ગળે નહિ ઉતરે. ટૂથ બ્રશમાં ઉત્પન્ન થતા એન્થ-રૅક્સ જંતુઓથી ઘણાના દાંત ગયાના દાખલા રોજ ચોપાનિયામાં આવે છે. પશ્ચિમના દેશોમાં તો આવી જાતનાં હલકાં જંતુઓવાળા ટૂથબ્રશ ત્યાંની સરકારને બાળી નખાવવાં પડે છે. આવું જોખમ વહોરવા કરતાં જ્યાં કુદરતે કૃપા કરી છે અને પુષ્કળ ઝાડ દાતણ માટે આપ્યાં છે એવા આ દેશમાં શા માટે બ્રશ વાપરી દુઃખના કુવામાં ઝંપલાવવું?

ટૂથબ્રશ વાપરનારાઓ વળી પાછા તેની સાથે હલકી જાતના અને વિલાયતી પાઉડરો—દંતમંજનો પણ વાપરે છે. આજે આપણા દેશમાં કેટલી યે જાતનાં દંતમંજનો આવે છે. તેમાં કયાં સારાં અને કયાં ખરાબ તેની તારવણી કરવી ઘણી જ મુશ્કેલ થઇ પડે. નાનપણથી બરાબર કાળજી રાખી નિયમિત રીતે ઉપર કહ્યું તેમ જો ઉભા દાંત તથા પેઢાં ઘસવામાં આવે તો આવા કોઇપણ દંતમંજનની જરા યે જરૂર પડતી નથી. પણ હિંદુસ્તાનમાં બેદરકાર માણસો કયાં શોધવા જવા પડે એમ છે? આવા માણસો પહેલેથી દાંતની સંભાળ ન રાખે એટલે દાંત ઉપર પીળી છારી બાઝી જાય જાય છે; અને પછી એ દૂર કરવા માટે દાતણ સાથે દંત-મંજનની જરૂર રહે છે.

દરેક દંતમંજનમાં મુખ્ય ભાગે તો ચાક જ હોય છે. તે ચાક દાંત ઉપરની પીળી છારી ધીમેધીમે ઉખેડી નાખે છે અને દાંતને કોઇ પણ જાતની ઇજા કર્યા વગર સાફ રાખે છે. દાડમની છાલને બાળીને તેને ઝીણા કપડાથી ચાળીને વાપરવાથી તે પણ આ ચાકનું કામ કરે છે; અને ઉપરાંત તેનામાં બીજા રોગ તથા દુર્ગંધ અટકાવવાની શક્તિ છે. પણ એવા કોલસા તે કોણ દાંતે ઘસવાનું હતું? દક્ષિણ તરફના લોકો થોડેઘણે અંશે આ ભુકી વાપરે છે; અને તેથી તેઓના દાંત ગુજરાત કઠિયાવાડના લોકો કરતાં સારા હોય છે. બીજું કાંઈ નહિ તો સાદું મીઠું અને ચાલુ કોલસાની ભુકી બંનેને ચાળીને વાપરવાથી પણ દાંત સફેદ રાખી શકાય છે. અને મીઠું તો મોટામાં મોટું જંતુહારક છે.

દંતમંજનોની ઘણી જાત હોય છે. તેમાં કઈ સારી અને કઈ નરસી તેની ખબર ન પડતી હોય તેમણે ઉપર બતાવ્યું તે પ્રમાણે, અથવા આ નીચે થોડી રીતો આપી છે તે રીતે ઘેર જ બનાવી લેવાં એ ચોકખાઇ, ખાતરી અને કરકસરની દૃષ્ટિએ ઉત્તમ છે.

(૧) કપુર એક ભાગ અને બારીક ચાક (પ્રેસિપિટેટેડ ચૅાક—દવાવાળાને ત્યાં મળે છે તે) નવ ભાગ લઈ બંનેને બરાબર મેળવીને બારીક લુગડાથી ચાળીને વાપરવું. આ દંતમંજન સૌથી સસ્તું અને વળી સારૂં છે.

(૨) પલ્વ. સૅપન આલ્બા નામના સાબુનો ભુકો ભાગ ૧, બારીક ચાક ભાગ ૮, ઍસિડ કારબોલિક ભાગ ૧/૮ અને ઑઇલ યુકૅલિપ્ટસ ભાગ ૧/૧૬ મા બધાને બરાબર મેળવીને વાપરવું.

(૩) ક્રીમ ઑફ ટાર્ટર આઉંસ ૬, મિલ્ક સ્યુગર આઉંસ ૬, કારમીન ગ્રેઈન ૫, અને પિપરમેન્ટનું તેલ ટીપાં ૧૫; આ દંતમંજન બનાવવામાં પહેલાં મિલ્ક સ્યુગર અને કારમીન બરાબર ભેળવી લેવાં અને ત્યાર પછી જ તેમાં બીજી ચીજો નાખવી. પિપરમેન્ટના તેલનું ટીપું પાડતા જવું અને બરાબર હલાવતા જવું. આવી રીતે ભેળવીને ચાળીને વાપરવું.

(૪) પલ્વ. સૅપન આલ્બા નામના સાબુનો ભુકો ડ્રામ ૨, ઇરીડિસના ભુકો આઉંસ ૧/૨, ટંકણખારનો ભુકો (બોરૅક્સ) ડ્રામ ૨, બારીક ચાક આઉંસ ૨, ઍસિડ કારબોલિક ડ્રામ ૧/૨, યુકૅલિપ્ટસ તેલ ડ્રામ ૧/૨;—આ બધી ચીજો બરાબર ભેળવીને ચાળીને વાપરવું.

(૫) બારીક ચાક આઉંસ ૬૬, કારમીન ડ્રામ ૨, ગુલાબનું અત્તર ટીપાં ૫૦, પીમેન્ટોનું તેલ ટીપાં ૫૦, લવીંગનું તેલ ટીપાં ૫૦, તજનું તેલ ટીપાં ૨૦, લીંબુનું તેલ ટીપાં ૨૦, કસ્તુરી ગ્રેઇન ૧૦. પહેલાં કસ્તુરી અને કારમીન થોડા ચાક સાથે ઘસવાં પછી ધીમેધીમે તેમાં સુગંધી તેલો નાખતાં જવાં. આ બધાંને બરાબર ભેળવીને ચાળીને વાપરવું. આ દંતમંજન તો શ્રીમંતો કે મહારાજાને પોસાય તેવું છે.

ઉપર પ્રમાણે બતાવેલી રીતોમાંથી પોતાને ગમે તે રીતે દંતમંજન બનાવી અઠવાડિયામાં માત્ર ત્રણ જ વખત વાપરવું.
(અંગ્રેજીને આધારે) કાંતિલાલ પારેખ

નેવનાં પાણી મોભે

રશિયાના એક વિજ્ઞાનવીરે વિજ્ઞાનની દિશામાં એટલી બધી સિદ્ધિ મેળવી છે કે તેને ચમત્કાર માનવા કોઇ પણ લલચાય. એણે, ટુંકમાં કહીએ તો નેવનાં પાણી મોભે વાળ્યાં છે.

એ કુદરતને તમાચો લગાવે છે. એને ત્યાં તમે એવો વાઘ જોશો જે બકરીને જોઇને ઉભી પુંછડીએ નાસવા જ માંડશે; એને ત્યાં તમે એવાં વરૂ જોશો જે ઘેટાને જોઇને થરથર ધ્રુજશે; એની પાસે એક એવું કબુતર છે કે જે મહા ભયંકર પ્રાણી થઈ પડયું છે; અને એની પાસેનો એક ચિમ્પાન્ઝી વાંદરો તો તમે બોલશો તેવું લખાણ કરી આપશે.

એનું નામ લાડીમીર ડુરોવ. એ વસે છે મૉસ્કોમાં. પણ એ નગરીમાં વસી આ વિજ્ઞાનવીર કુદરતને હંફાવે છે. એણે આખું જીવન જનાવરોનું માનસ સમજવા પાછળ અર્પણ કર્યું છે. એને માલૂમ પડયું છે કે પ્રાણીઓ માણસને અજબ રીતે વશ થાય છે, અને પુરાણ કથાઓમાં જે ચમત્કારો વાંચવામાં આવે છે તે સર્વનું મૂળ આમાં જ છે એમ એનો દાવો છે. એની પાસે એક જંગલી બિલાડી છે તે ઉંદરોને ધવડાવે છે, અને એક શહેરી બિલાડી છે તે મોટા કોળોને ઉછેરે છે. એની પાસેનું એક વરૂ બકરીનાં બચ્ચાં સાથે રમ્યા કરે છે એક રીંછ પાણીનો પંપ ચલાવે છે. પણ એ પ્રાણીથી જ નથી અટકયો. એણે તો પક્ષીઓ ઉપર પણ ભુરકી ચલાવી છે. એ બંદુક ફોડે કે તુરત એનાં પક્ષીઓ બંદુકના કુંદા પર આવીને બેસે છે; એના કેળવેલા કુતરા પોતાના શેઠ સાથે 'વાતો' કરી શકે છે.

લાડીમીર ડુરોવ અદ્‌ભુત માણસ છે. એની એ અદ્‌ભુતતાનો લાભ રશિયાએ ગઇ લડાઈમાં લીધેલો. માત્ર જમીન ને આકાશનાં પ્રાણીઓ પર જ એનો કાબુ નથી, પણ જળચરોને ય એ વશ કરી શકે છે. એણે કેળવેલાં સીલ નામનાં જળચર પ્રાણીઓનો ઉપયોગ ગયા મહાયુદ્ધમાં થએલો. વહાણોને સપડાવવા માટે શત્રુઓ તરફથી સમુદ્રમાં જે જાળો ગોઠવાતી તેને આ સીલ કાતરી નાખતા. સીલોનાં મોઢામાં અસ્ત્રાનાં પાનાં જેવાં ધારાળાં યંત્ર ગોઠવતા; તે પછી એ સીલો એવી જાળ શોધી કાઢે ને તેને કાતરી નકામી બનાવે! આ વસ્તુના તો ફોટોગ્રાફ પણ છે. (ગાંડીવ)

દુનિયાના દાદાજી

કૉન્સ્ટાન્ટિનોપલનો 'આગા ઝારો' દુનિયામાં સૌથી વૃદ્ધ પુરુષ મનાય છે. તેની ઉમર ૧૪૫ વર્ષ કરતાં વધારે છે.

ઝારોનો જન્મ કુર્દિસ્તાનમાં થયો હતો. ઇ. સ. ૧૮૦૮માં ત્રીજા સલીમના અમલ દરમ્યાન એ સાર્જેટનું કામ કરતો. બીજો મહમદ, ચોથો મજીદ, પાંચમો અજીજ, પાંચમો મુરાદ, બીજો અબ્દુલ હમીદ, પાંચમો રશીદ, (અને બીજા કેટલાક ખલીફાઓ કે જેમના થોડી મુદતના રાજ્યઅમલને તે વિશેષ મહત્વ નથી આપતો) એ બધાના શાસન કાળનું તેને સ્મરણ છે.

ઝારો ઉંચો છે. કાયાએ અડીખમ ને જોરમાં લોંઠકો છે. તેના વાળ ટુંકડા છે. તેને દાંત નથી. અત્યાર અગાઉ તેને ત્રણ વાર દાંત આવીને પડી ગયા છે! એની શાદી ત્રણ વાર થઇ ગઇ, પણ તેની ફરિયાદ ઉભી જ છે કે તેની સ્ત્રીઓ અલ્પજીવી નીવડે છે! પહેલી પત્નીએ બત્રીસ વરસ, બીજીએ અઠ્ઠાવીસ વરસ અને ત્રીજીએ બેંતાળીસ વરસ સુધી તેનો સંસાર ચલાવ્યો છે. તેનો મોટો દીકરો હજી હમણાં જ એકસો દસ વરસની ઉમરે મરણ પામ્યો. એ દરવાનનો ધંધો કરતો અને સારા કૉન્સ્ટાન્ટિનોપલમાં મશહૂર હતો.

ઝારો એકવાર જગતભ્રમણે નીકળેલો. પણ ઈટલીમાં (ત્યાંના રહેવાસીઓના રસોઇના અણઘડપણાને લીધે) તેની હોજરી બગડી ને તે પોતાને દેશ પાછો વળ્યો. આ વેળા તેને રહેવા સારૂ સરકારે એક નાના સરખા મકાનની સગવડ કરી આપી, અને પોલિસ ઇન્સ્પેકટરની ઑફિસના વડા દરવાનની જગ્યા આપી. આ ધંધામાં તેને શ્રમ કરવો પડતો નથી અને અઠવાડિયે ચાર પૌંડ મળે છે. એટલાથી તે પોતાના નાનકડા મકાનમાં સો વરસ થયાં આનંદપૂર્વક રહે છે.

ચુસ્ત મુસલમાન હોવાને કારણે ઝારોએ હજી સુધી છાંટોપાણી લીધાં નથી. તમાકુ પીવાની તેને આદત નથી. માસ થોડુંક ખાય ખરો; પણ દહીં રોજનું કેટલાય શેર ઉડાવી જાય છે. તેની પ્રકૃતિ વિષે જેને રસ છે એવા ડૉક્ટરોનું માનવું છે કે શરીરે એ સંપૂર્ણ નીરોગી અને શક્તિસંપન્ન છે.
(સંચિત) તનસુખ ભટ્ટ

બંદુકશાળા

અઢારસો ને અઠ્ઠાવન પછી શસ્ત્રબંધીનો કાયદો થયો અને ઘેરઘેર શોધીને હિંદી સરકાર તરફથી આપણાં હથિયારો લઇ લેવાયાં ત્યારથી આપણી નિર્માલ્યતાનું પહેલું પગથિયું ચણાયું. હથિયાર જતાં પ્રજાનો લશ્કરી જુસ્સો યે દિનોદિન ઓછો થવા માંડયો. સૌ સમજે છે કે એક નાનું બાળક પણ હાથમાં સોટી આવતાં છાતી કાઢી ચાલે છે અને એક નાનાશી પતરાંની તલવાર હાથમાં આવતાં બાળકની આંખો જોમથી ચમકવા માંડે છે. શસ્ત્રમાં શૂરાતનનાં પૂર આણવાની ગેબી શક્તિ છુપાએલી છે. શસ્ત્ર ગયાં અને પેઢી દર પેઢી આપણે લડાયક શક્તિ ગુમાવતા ચાલ્યા. એટલે સુધી

કે કેટલાક તો લોહીનું ટીપું જોઇને યે બેભાન થવા માંડયા. પણ હવે આપણી આર્થિક પરતંત્રતાને પરિણામે દેશમાં ચાલી રહેલા ભૂખમરાએ અને વિરોધીઓના હલકટતાભર્યાં મહેણાંઓએ આપણી આંખ ઉઘાડી છે. કેટલાક નેતાઓએ સમજવા માંડયું છે કે આપણા દેશનું રક્ષણ કરવા જેટલી લાયકાત આપણે જાતે જ મેળવી લેવી પડશે અને સરકાર તરફથી કાંઈક વ્યવસ્થાપૂર્વક આપણને લશ્કરી કેળવણી આપવાની મોટી યોજના ઉપડે ત્યાં સુધી રોઇ બેઠે આપણો ભલીવાર નહિ થાય. આ નેતાઓમાં આગેવાનીભર્યો ભાગ લેનારા એક નેતા ડૉ. મુંજે છે. એમના પ્રયાસથી મધ્યપ્રાંત અને વરાડમાં એક બંદુકમંડળ (રાઈફલ એસોસીએશન) સ્થાપવામાં આવ્યું છે અને તેને અંગે નાગપુરમાં એક બંદુકશાળા(—રાઈફલ રેન્જ) પણ ખોલવામાં આવી છે. અહીં મોટેરાં, યુવક યુવતીઓ અને બાળકો બંદુકનો ઉપયોગ કરતાં શીખશે. ઉપરોક્ત બંદુકમંડળમા સર્વે પક્ષના આગેવાન સજ્જનો જોડાયા છે અને હિંદુ મુસલમાન, બંને કોમોના કેટલાક આગેવાનો એના આશ્રયદાતા બન્યા છે.

મધ્યપ્રાંતમાં કસરતનો ખુબ શોખ છે. ત્યાં ગામડેગામડે વ્યાયામશાળાઓ છે. સાધારણરીતે દક્ષિણીઓમાં વ્યાયામ ઉપર ભાવ છે. ખોટી નાજુકાઇ ને તેઓ મર્દાનગીની નિશાની નથી માનતા. એમના ઇલ્કાબધારીઓને પણ કચ્છ મારીને અખાડામાં ઉતરતાં ખોટી શરમ નથી આવતી. એટલે મધ્યપ્રાંતમાં યુવકોનાં શરીર તો કેળવાએલાં છે; અને ઉપર બંદુકબાજી શીખતાં લશ્કરી કેળવણીનો લગભગ અરધો ભાગ તો એમને હાથે ચઢી જશે.

પશ્ચિમના સ્વતંત્ર દેશોમાં યુવકોને લશ્કરી તાલીમ રાજ્ય તરફથી આપવાની પુરતી જોગવાઇ છે છતાં યે ત્યાં પણ બંદુકશાળાઓ સારા પ્રમાણમાં છે. કાંઇ નહિ તો શોખની ખાતર પણ અસંખ્ય માણસો આવી શાળાઓનો ઉપયોગ કરે છે. વળી ત્યાં તલવારબાજી શીખવાની પણ શાળાઓ છે. જર્મન યૂનિવર્સિટીના વિદ્યાર્થીઓ બંદુક અને તલવારબાજી શીખવામાં ઉત્સાહભર્યો ભાગ લે છે. તલવારથી દ્વંદ્વયુદ્ધ લડવામાં જર્મન યૂનિવર્સિટીનો વિદ્યાર્થી માન સમજે છે.

નાગપુરમાં ડૉ. મુંજેએ બંદુકશાળા કાઢી છે તેવી મુંબઈ અને ગુજરાતમાં પણ કાઢી શકાય.

ફેનોગ્રાફની પ્લેટોની નકલ કેમ ઉતરતી હશે?

૧૯૮૩ના ફાગણના 'કુમાર'માં કોઇએ ઉપલો પ્રશ્ન પુછ્યો હતો. એક મિત્રે થોડા વખત ઉપર એક પુસ્તકમાં એ વિષય ઉપર વાંચેલું તે કુમાર માટે લખી મોકલે છે:

એ તો દેખીતું જ છે દરેક પ્લેટ માટે જુદું ગાયન ગાવું પાલવે જ નહિ. ફેનોગ્રાફની પ્લેટ મીણ જેવા કાળા પદાર્થની હોય છે. તે તાજી અને સહેજ નરમ હોય ત્યારે તેના ઉપર પ્રથમ ગાયન ઉતારે છે. આ પ્રમાણે તૈયાર થએલી પ્લેટ ઉપર વિદ્યુતની મદદથી તાંબાનો જાડો ઢોળ ચઢાવે છે. આમ કરવાથી મુળ પ્લેટની છાપ તેના ઉપર આવી જાય છે. આ ત્રાંબાના પ્લેટ પછી બીબાની ગરજ સારે છે અને તેના પર ફરી પેલો મીણ જેવો કાળો પદાર્થ રેડીરેડીને દાબવાથી મુળ પ્લેટના જેવી સેંકડો નકલો કાઢી શકાય છે. આવી રીતે કાઢેલી દરેક નકલને ફેનોગ્રાફ ઉપર ચડાવી કસી જુએ છે. બરોબર હોય તેવી રાખી બાકીની રદ કરવામાં આવે છે.

રાષ્ટ્રનેતાઓનાં આદેશસૂત્રો

માતૃભૂમિની હીણી અને પરતંત્ર દશામાંથી માર્ગ કાઢવાને તથા તેને મુક્ત કરવાને તેના તેજસ્વી ને વિચારશીલ પુત્રોએ જેજે માર્ગદર્શી સૂત્રો સ્વીકાર્યાં ને પ્રબોધ્યાં તેનો નીચેનો ઉપયોગી સંગ્રહ સાબરમતી ઉદ્યોગ મંદિરમાંથી ભાઈ છોટુભાઈ ખુશાલભાઇ પટેલે મોકલ્યો છે. દરેક જુવાનને વિચાર કરવા પ્રેરે તથા આચરવા માટે ઉદ્બોધે એવાં એ સૂત્રો છે:

૧ રામકૃષ્ણ પરમહંસ (બંગાળા)—નૈષ્ઠિક બ્રહ્મચર્યના આદર્શ સિવાયનું જીવન પશુ સમાન છે.

૨ સ્વામી વિવેકાનંદ (બંગાળા)—ઉઠ, જાગૃત થા અને તારા ધ્યેયને સિદ્ધ ન કરે ત્યાંસુધી પગ વાળીને બેસ નહિ.

૩ સ્વામી રામતીર્થ (સંયુક્ત પ્રાન્ત)—પોતાને ઓળખો તો પ્રભુ મળે.

૪ સ્વામી દયાનંદ સરસ્વતી (કાઠિયાવાડ)—ધર્મના ઉદ્ધારથી જ સમાજ ને દેશનો ઉદ્ધાર છે. સ્વરાજ પણ ત્યારે જ.

૫ સ્વામી શ્રદ્ધાનંદ (હરદ્વાર)—સંગઠન વિના સ્વરાજ નથી.

૬ દાદાભાઇ નવરોજજી (મુંબાઇ)—હિંદને સ્વરાજ જોઇએ.

૭ લોકમાન્ય બાળગંગાધર તિલક (મહારાષ્ટ્ર)—સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે.

૮ સ્વ. ગોખલે (મહારાષ્ટ્ર)—સ્વરાજ એટલે બ્રિટિશ સામ્રાજ્યથી સ્વતંત્ર થવું એ નહિ, પણ ધારાસભાઓ દ્વારા વિનયી ચળવળ કરી બ્રિટિશ સામ્રાજ્યમાં અન્ય સ્વાશ્રયી રાજ્યો સમાન બનવું.

૯ લાલા લજપતરાય (પંજાબ)—વીર માતાઓનાં વીર સંતાનો વિના સ્વરાજ ન હોય.

૧૦ દેશબંધુ ચિત્તરંજન દાસ (બંગાળા) હું માતૃભૂમિને માટે જીવું અને મરૂં.

૧૧ અરવિંદ ઘોષ (બંગાળા)—સ્વતંત્રતા વિના ધર્મ ન સચવાય; સ્વરાજ પણ ત્યારે જ

૧૨ પંડિત મદનમોહન માલવીયજી (અયોધ્યા)—સાચી કેળવણી વિના સ્વરાજ ન હોય.

૧૩ ડૉ. અનસારી, હકીમ અજમલખાં (દિલ્હી)—હિંદુમુસલમાનની એકતા વિના સ્વરાજ સ્વપ્નવત્ છે.

૧૪ પંડિત મોતીલાલ નહેરૂ (સંયુકત પ્રાંત) ખરી પ્રજાજાગૃતિ થાય ત્યારે જ સ્વરાજ હસ્તામલકવત્ છે.

૧૫ પંડિત જવાહરલાલ નહેરૂ (સંયુકત પ્રાંત)—યુવકોના

ખરા ચૈતન્યમાં સ્વરાજની આશા રહેલી છે.

૧૬ વલ્લભભાઇ પટેલ (ગુજરાત)—સ્વરાજ ખેડુતોના ઉદ્ધારમાં છે.

૧૭ અલીબિરાદરો (ગોરખપુર)—જાલિમ સત્તાના શરણુ કરતાં મરણુ ઉત્તમ છે.

ઍની બેસન્ટ (ઇંગ્લંડ)—હિંદ શોભશે તો બ્રિટિશ સામ્રાજ્યમાં એક સ્વાશ્રયી અંગ તરીકે; અને આવું સ્વરાજ મેળવશે તે પણ પાર્લમેન્ટમાં કાયદેસર ચળવળ કરીને.

૧૯ સરોજિની નાયડુ (હૈદ્રાબાદ-નિઝામ)—જ્યાંસુધી દેશના સર્વ પક્ષો સંકુચિત ધ્યેયો ત્યજી દઇ એક મહાધ્યેયને અર્થે એક નહિ થાય ત્યાંસુધી સ્વરાજ હજારો ગાઉ દૂર છે.

૨૦ રવીન્દ્રનાથ ઠાકુર (બંગાળા)—વિશ્વબંધુત્વના ભાવ વિના રાષ્ટ્રભાવ ન શો .

૨૧ ગાંધીજી (ગુજરાત)—અસ્પૃશ્યતાનિવારણુ, સત્ય અને અહિંસા વિના સ્વરાજ ન હોય; સ્વરાજ સુતરને તાંતણે જ છે.

શહીદોનું તીર્થ મુક્તેસર

આનંદપુરના કિલ્લામાં ગુરુ ગોવિંદસિંહ એક વાર પોતાના કુટુંબકબીલા સાથે લગભગ સાતેક મહીના સુધી પુરાઇ રહ્યા હતા. આ ઘેરામાં બંને પક્ષને પુષ્કળ મુશ્કેલીમાં આવી જવું પડ્યું હતું. મુસલમાનો ગુરુને કહેતા કે તમે આનંદપુર તજી ભાગી જાઓ; પણુ ગુરુને એ કબુલ નહોતું. એકબે વાર નહિ, પણુ ઘણીક વાર મુસલમાનોએ આવું કહેણુ મોકલ્યું, છતાં એમણે કંઇ દાદ ન દીધી. ગુરુજી તો જીદ લઈ બેઠા છે, એવું જોઈ બહાર ચાલ્યા જવાની લાલસાવાળા શીખોએ ગુરુમાતા ગુજરીને સમજાવીપટાવીને બહાર જવા બાબતમાં સંમત કર્યાં. છતાં ગુરુજી તો એકના બે ન થયા. ઘેરાને લીધે પડતી અનેક અગવડો અને ભૂખને દુઃખે કેટલાક શીખોની તો અધીરાઇનો પાર રહ્યો નહોતો. પેટોબાની ભંભેરણીને લીધે તેઓ ગુરુના ફરમાનને પણુ તોડવાને તૈયાર થઇ ગયા.

ત્યારે ગુરુ બોલ્યા: ‘તમે અત્યાર સુધી મારા છાયા હેઠળ હતા, હવે ભૂખને દુઃખે તમે ભાગીને શઠ લોકોની જાળમાં કૂદી પડવા તૈયાર થયા છો; પણુ મને મારી જવાબદારીમાંથી તમે છુટો ન કરો, ત્યાંસુધી ન જવાય. ‘તમે જવાબદાર નથી’ એવું મને લખી આપીને ખુશીથી જવું હોય ત્યાં જાઓ.’

માત્ર ૪૦ માણુસો સિવાય બીજા બધા આ પ્રમાણે લખી આપીને ચાલ્યા ગયા. આખરે તો ગુરુ ગોવિંદસિંહને પણુ એ મથક તજી નાસીને ઠામઠામ ભટકવું પડ્યું; પણુ પેલા ૪૦ વીરોએ તો કોઈ પણુ દિવસ ગુરુજીનો સંગ તજ્યો નહિ.

એમ ફરતાંફરતાં ગુરુજી મદ્રદેશ આવી લાગ્યા. સૌથી પહેલા નાસીને છુટા થએલા પેલા શીખોમાંના કેટલાક તેમને અહીં ફરી મળ્યા અને સલાહ આપવા લાગ્યા કે શત્રુ સાથે ખેંચી તાણુવામાં સાર નથી, સલાહ કરી દેવી એ જ ઠીક છે.

ગુરુ કહે, તમારે સુલેહ કરવી હોય તો કરો. તેમનામાં જઇ ભળવું હોય તો ‘અમે શીખ નથી’ એવું મને લખી આપી ખુશીથી મળી જાઓ.’ વળી ૪૦ શીખ એવા નીકળ્યા જેમણે આવું પણુ લખી આપવાની દાંડાઇ કરી. ગુરુજીને તજીને તેઓ ગયા, પણુ થોડા દહાડા વીત્યા કેડે તેમનું હ્રદય ડંખવા લાગ્યું અને ખરેખરો પસ્તાવો થવા લાગ્યો.

બીજી બાજુ એવું બન્યું કે ગુરુજી પર ખેદરાના તળાવ નામના સરોવરની પડોશમાં શત્રુઓએ સજ્જડ હુમલો કર્યો. લડાઈની ધુમ સખત મચી રહી લડતાં લડતાં ગુરુજીએ જોયું કે બીજી જ એક ટુકડીએ શત્રુના ઉપર બીજી બાજુએથી આવી હલ્લો કર્યો છે. એ ટુકડી કોણુ કોની તે કંઈ ગુરુજીને સમજાયું નહિ. મુસલમાનો આ નવા હુમલાથી ગભરાઇ અકળાઇ ગયા. પણુ થોડી વારમાં તેઓએ તેમને પણુ જમીનદોસ્ત કરી નાખ્યા. આવી રીતે પડવામાં પેલા ભાગી છુટેલા અ-શીખ શીખોને પસ્તાવાને પંથે લાવનાર માઈભાગો નામની બાઈ પણુ હતી. લડાઇ પત્યા બાદ ગુરુ ગોવિંદસિંહ રણુક્ષેત્રમાં પ્રાણુની કુરબાની કરનાર એ મહાવીરો પાસે જઇ તેમને યથાશક્ય આશ્વાસન આપી સારવાર કરી રહ્યા હતા. એવામાં હજુ થોડોથોડો પ્રાણુ રહ્યો છે એવો એક શીખ-મહાસિંહ-તેમની નજરે પડ્યો. તેનું માથું ખોળામાં લઇ તેના પર સપ્રેમ હાથ ફેરવતાં ગુરુજીએ પુછ્યું, ‘તારી કંઇ છેલ્લી ઇચ્છા છે?’

મહાસિંહની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. તે બોલ્યો, ‘એક જ માત્ર વાંછા રહી ગઇ છે:–‘અમે શીખ નથી’ એવા લખો આપેલા અમારા પત્રો તમે ફાડી નહિ નાખો?’

ગુરુજી બધો ઘાટ સમજી ગયા. પેલા ફેરારી શીખોએ જ લડાઈમાં આવી ગુરુજીને ખાતર પોતાનું લોહી રેડ્યું હતું. ચાળીસે ચાળીસ જણાએ કુરબાની કરી હતી. ગુરુજીએ ત્યાં ને ત્યાંજ પેલા પત્ર ફાડી નાખ્યા ને ત્યાં ઉભેલા પોતાના તમામ ચેલાઓને સંબોધીને બોલ્યાઃ ‘જે ‘ખાલસા’માં હજુ આવા મહાપ્રાણુ પડ્યા છે તેનો સહેજે નાશ નથી સંભવતો. એકાદ પણુ ભક્ત જ્યાં આત્મભોગ આપે છે તે સ્થળ પવિત્ર બની જાય છે. આટલા બધા શહીદોએ અહીં કુરબાની કરી છે, એટલે હવે પછી આ સ્થળનું નામ મુક્તસર રહેશે; અને આ તળાવમાં જે કોઈ નહાશે તે મુક્ત થશે.’

એ પ્રમાણે મુક્તેસરના મેળાની મુળ કથા. અહીં શીખોનો ભારે મોટો મેળો ભરાય છે. કંઈ નહિ તો લાખો શીખો ભેગા મળે છે. શીખોના પ્રત્યેક ઉત્સવ પર્વના મુળમાં આવો જ કોઇ ને કોઇ પ્રેરક ઇતિહાસ રહેલો છે અને શીખ જાતિ તેની જ પ્રેરણા પાને ઉછરે છે. (‘પંજાબનું પ્રચંડ કાવતરૂં’માંથી)

રમતગમતના રસિયાઓ માટે

કડી પ્રાંત વ્યાયામ મંડળે દર વર્ષે થતાં પોતાનાં વ્યાયામ સંમેલનોમાં રમાતી રમતો વગેરેના નિયમોની એક નાનીસરખી નિયમાવલિ બહાર પાડી છે. બે આનાની કીમતની એ ચોપડીમાં જુદીજુદી રમતોના નિયમો ઉપરાંત જિજ્ઞાસુ

વાચકને બીજું પણ થોડું રસમય વસ્તુ મળી આવે એવું છે. શ્રી હરિનારાયણ આચાર્યે એ પુસ્તિકાનો મોટો ભાગ યોજ્યો છે. એમણે રમતગમતોના કેટલાક અંગ્રેજી પારિભાષિક શબ્દોને બદલે આગ્રહપૂર્વક ગુજરાતી શબ્દો શોધ્યા તથા ઉપજાવીને વાપર્યા છે. વળી એ પુસ્તિકાને છેડે જુદીજુદી રમતોમાં આખા જગતમાં જેમણે ચક્રવર્તીપણું દાખવ્યું છે તેમનાં 'રેકર્ડ' (આંક)-ની વિશ્વનોંધ આપી છે. બંને આ નીચે ઉતારી લઇએ છીએ:

રમતગમતના પારિભાષિક શબ્દો

ક્રીડાસમિતિ:	Games Committee
સરપંચ:	Referee
પંચ:	Judge
પ્રધાવક:	Starter
ગણક:	Scorer
વ્યાયામવીર:	Champion
વ્યાયામપ્રિય:	Amateur
પ્રસ્થાન રેખા:	Starting line
વિજય રેખા:	Winning line
પ્રાંત રેખા:	Scratch line
કમાન:	Wrestler's bridge
ઠેકર મારવી:	Take off
ખેંચાણ બળ:	Pull
મુક્કા:	Scapula
ઉપસ્કર:	Apparatus
ભીડ:	Grip
ભરવાડ કુદકો:	Pole jump
અંગદ કુદકો:	High jump
હનુમાન કુદકો:	Long jump
ટટ્ટી ફલંગ:	Hurdle race
ટપ્પા દોડ:	Relay race
તીરંદાજી:	Archery
પ્રતિક:	Miniature

વિશ્વનોંધ

રમતનું નામ	લીધેલો સમય	કઇ સાલમાં?	વિજેતાનું નામ	કયા દેશનો?
૧૦૦ વાર દોડ	૯·૬ સેકંડ	સને ૧૯૨૪	ચાર્લ્સ પૅડૉક	યુ. સ્ટે. અમેરિકા
૨૨૦ વાર દોડ	૨૦·૮ ,,	સને ૧૯૨૪	,,	,,
૪૪૦ વાર દોડ	૪૭·૪ ,,	સને ૧૯૧૬	જે. ઈ. મેરેડિથ	,,
૮૮૦ વાર દોડ	૧ મિ. ૫૧·૬ સે.	સને ૧૯૨૬	ડૉ. ઑ. પેલ્ટઝર	જર્મની
૧ માઈલ	૪ મિ. ૧૦·૪ સે	સને ૧૯૨૩	પાવ્આવો નુરમી	ફિન્લૅન્ડ
અંગદ કુદકો	૬ ફુ. ૮·૨૫ ઇં.	સને ૧૯૨૪	એચ. એમ. ઓસ્બર્ન	યુ. સ્ટે. અમેરિકા
હનુમાન કુદકો	૨૫ ફુ. ૧૦·૮૭ ઇં.	સને ૧૯૨૫	ડે. હાર્ટ હુબાર્ડ	,,
પરવાડ કુદકો	૧૩ ફુ. ૧૧·૩૭ ઇં.	સને ૧૯૨૫	ચાર્લ્સ હૉફ	નોર્વે

૧૨૦ વારમાં ટટ્ટી ફલંગ; કુલ ૧૦ ટટ્ટી; દરેક ૩ ફુ. ૬ ઇં. ઉંચી; ૧૪·૪ સેકંડમાં કુદ્યો: સને ૧૯૨૦માં ઇ. જે. ટૉમ્સન: કૅનેડાનો.

સહરાનું રણ ફળદ્રુપ થશે

ફ્રેંચ ગવર્નમેન્ટ ઇજનેરી કામની એક ઘણી જ અજાયબ-ભરી શોધ કરવાના વિચારમાં છે. આ બાબતમાં દુનિયાએ જે પ્રગતિ કરી છે તેના કરતાં આ યોજના જુદા જ પ્રકારની છે. તેમાં સહરાના રણની કુદરતી રચનામાં ફેરફાર કરવા વિષેની વાત આવે છે. આ માટે શરૂઆતમાં ભૂમધ્ય સમુદ્ર પર આલ્જીઅર્સથી માંડી આગળ વધી રણની આરપાર ટિમ્બકટુ એટલે પશ્ચિમ ફ્રેંચ આફ્રિકા લગી ૨,૦૦૦ માઇલ લાંબી રેલવે ટ્રેન દોડાવવા બાંધકામ કરવાનું છે. આની સહાયથી રણની પાર જવાને આશરે માત્ર ૪ દિવસ થશે. કુદરતની રીતે ઊંટના કાફલાને આ મુસાફરીને અંગે છ સાત માસ લાગે છે. વળી ભૂમધ્ય સમુદ્રનો લાભ લેવા એક નહેર પણ ખોદવામાં આવશે જેની દ્વારા ભૂમધ્ય સમુદ્ર સહરાના મધ્ય ભાગમાં વસતો થઇ જશે. પરિણામે ૧૦,૦૦૦ ચોરસ માઇલ સુધીનો પ્રદેશ ફળદ્રુપ બનશે; કારણકે એક વખત જ્યાં નહેર વાટે સમુદ્રને નજીક લાવી શકાયો એટલે ઝાડપાન પણ ઉગશે અને કુદરતી રીતે વરસાદ પણ આવશે. આમ આ રણને બદલે કોઇ અજાયબીભર્યો ફળદ્રુપ મુલક થઈ રહેશે. આમ થવાને ૪૦ વર્ષ ઉપરાંતનો ગાળો વીતશે એવી ગણતરી છે અને તેના ખર્ચનો અંદાજ દોઢ કરોડ પાઉંડનો કહેવાય છે. કાળના જવા સાથે દુનિયામાંથી રણો નાશ પામવા માંડયાં છે. એક બાજુ રણનો વિનાશ છે, તો બીજી બાજુએ એવી ઉત્ક્રાંતિ છે કે જેમાંથી જગતભરની વધતી જતી માનવસંખ્યાને ખોરાક અને વસવાટને સારૂ નવું ક્ષેત્ર સરજાય છે. (ટ્રેઝર ચેસ્ટ)

એક જ ઝાડમાં બટેટાં ને ટમેટાં!

વનસ્પતિશાસ્ત્રીઓ ઘણાં ફળઝાડમાં પોતાના મનધાર્યા ફેરફાર કરી શકયા છે. કહેવાય છે કે અગાઉ જંગલી કેળાંમાં લાંબો ઠળિયો હતો, ને આજે પણ કેળાંમાં જે કાળી લીટી દેખાય છે તે આ ઠળિયાને બદલે રહેલો લીસોટો છે. વનસ્પતિશાસ્ત્રીઓએ પ્રયોગો કરીકરીને કેળાંમાંથી એ ઠળિયો નાબુદ કર્યો કહેવાય છે. આવી જ રીતે ઘણાં ફળોની અંદર મોટા ગોટલા હતા, મોટાં બી હતાં તે ધીમેધીમે નાબુદ કર્યાના દાખલા છે. પણ હમણાં તાજેતરમાં પશ્ચિમના વનસ્પતિશાસ્ત્રીઓએ અજબ જેવો ફેરફાર તો એ કર્યો છે કે બટેટાં અને ટમેટાંનો સાથે સંગમ કરીને એવું ઝાડ પેદા કર્યું છે કે તેના મુળમાં કંદ તરીકે બટેટાં થાય ને ફળ તરીકે એ ઝાડ પરથી પાછાં ટમેટાં પણ ઉતરે! આમ એકીસાથે ફળ ઉગાડનારા આ ઝાડને પૉમેટોઝનું નવું નામ આપ્યું છે. —કાન્તિલાલ પારેખ

૧૯૦૮માં મેદનીપુરના ન્યાયાધીશ મિ. ક્લિીના ચપરાશીને હડકાયું કુતરૂં કરડેલું. મિ. ક્લિીએ તરત જ એ જગ્યાનું ઝેર પોતે ચુસી લઇ ચપરાશીને બચાવી લીધો અને પછી પોતાના ઈલાજ માટે કસૉલીના દવાખાના તરફ ઉપડી ગયા.


ઓપ=કજિયો; ઓપ=વાદળાંનું ઝળુંબવું; ઓપ=ડુંગરનું લળી રહેલું શિખર.

હળદરમાં આયોડિન છે; ટમેટાં અને તાંદળજાની ભાજીમાં આયર્ન (લોહ)નું તત્ત્વ છે; કેળાંમાં ફૉસ્ફરસ ઘણો છે.

જબરો જાદુઇ ચોરસ!

નીચેના ચોરસનાં એકાશી ખાનાંમાં ૧ થી ૮૧ સુધીના ક્રમિક અંક એવી રીતે ગોઠવ્યા છે કે (૧) તેની આડી અને ઉભી લીટીના તથા બંને કર્ણના નવ અંકોનો સરવાળો ૩૬૯ થાય છે, એટલું જ નહિ પણ (૨) તેના નવ પેટા ચોરસોમાંના દરેકના નવ અંકોનો સરવાળો પણ ૩૬૯ થાય છે. ઉપરાંત (૩) તેની આડી અને ઉભી દરેક લીટીના ત્રણ ત્રણ અંકોનો સરવાળો–૩૬૯ના ત્રીજા ભાગે એટલે–૧૨૩ થાય છે; તેમજ (૪) બંને કર્ણોના ત્રણત્રણ અંકોનો સરવાળો ૧૨૩ થાય છે. વળી (૫) દરેક પેટા ચોરસની પ્રત્યેક આડી ઉભી લીટી તથા કર્ણના ત્રણત્રણ અંકોનો સરવાળો પણ ૧૨૩ થશે. (૬) છેલ્લી ખુબી એ કે મોટા ચોરસના ગમે તે એક ખુણેથી કર્ણનો છેડો પકડી, ત્રણ અંક પછી કાટખુણે વળી ચાલો તો એ રીતે પણ નવ અંકનો સરવાળો ૩૬૯ થશે! (સો.ગો.)


૪૦	૭૫	૮	૮૦	૩૯	૪	૭૬	૩	૪૪
૨૭	૩૨	૬૪	૨૮	૨૩	૭૨	૩૬	૬૮	૧૯
૫૬	૧૬	૫૧	૧૫	૬૧	૪૭	૧૧	૫૨	૬૦
૨૦	૩૪	૬૯	૩૩	૨૫	૬૫	૨૯	૭૦	૨૪
૪૫	૭૭	૧	૭૩	૪૧	૯	૮૧	૫	૩૭
૫૮	૧૨	૫૩	૧૭	૫૭	૪૯	૧૩	૪૮	૬૨
૨૨	૩૦	૭૧	૩૫	૨૧	૬૭	૩૧	૬૬	૨૬
૬૩	૧૪	૪૬	૧૦	૫૯	૫૪	૧૮	૫૦	૫૫
૩૮	૭૯	૬	૭૮	૪૩	૨	૭૪	૭	૪૨



ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે ખુરશીઓ સાથે બે ખુલ્લી છત્રીઓ બાંધો. પછી બંનેના હાથાને ૨૦–૩૦ વાર લાંબી દોરી બાંધી ખુરશીઓને દોરી તંગ થાય એટલે દૂર ખસેડો. બંને છત્રીઓની લાકડી બરોબર સીધી લીટીમાં જ આવી ગઇ છે એટલી ચોકસાઇ દોરી વડે કરી લીધા પછી હળવેથી દોરી છોડી લો. હવે બંને છત્રીને પાણીથી સારી પેઠે ભીંજવો એટલે રમુજી ટેલિફોન તૈયાર થયો. બંને છેડે એકેક જણ રહી છત્રીમાં લગોલગ મોઢું રાખીને હળવે અવાજે બોલશે તો પરસ્પરની વાતચિત સાંભળી શકશે. પણ ખુબી એ છે કે બે છત્રીઓની વચ્ચેનો માણસ કંઇ જ નહિ સાંભળી શકે! કરી જોવા જેવું છે.

મીણના ઝીણા કટકાને એક દિવસ થોડા ટર્પેન્ટાઇનમાં પલાળી રાખી બીજે દિવસે ધીમેધીમે તાપે ગરમ કરવું. એ રીતે ગળેલું મીણ લાકડા પર ઘસવાથી ઉત્તમ ફરનિચર પૉલિશનું કામ કરશે.

મેથીલેટેડ સ્પિરિટમાં ગાળેલી લાખ પણ ઉત્તમ વારનિશનું કામ આપે છે.



ઉપરનું ચિત્ર બહુ રમુજી દૃષ્ટિવિભ્રમ કરે છે. એમાં દેખાતા સફેદ કોરા ચોરસ સરખા માપના નથી, પણ તે મધ્યબિંદુમાંથી જેમજેમ વર્તુળની કોર તરફ જતા જાય છે તેમતેમ પહોળા અને વળાંકવાળા બનતા જાય છે. પરંતુ જો તમે એ ચિત્રને તમારા નાકની દાંડી પાસે રાખીને જોશો તો એ બધી ધોળી જગ્યા એકસરખા માપની જણાશે. ચિત્ર મોટું હોય તો આ અસર વધુ સ્પષ્ટ જણાય.

કોરા કાગળ પર સુરોખારના પાણીથી લખેલા અક્ષરો સુકાયા પછી અદૃશ્ય થઇ જશે; પણ તેને જરા ગરમી આપતાં ખુલ્લા ગુલાબી રંગમાં ખીલી ઉઠશે.

ઇરાનમાં મરણ પ્રસંગે રડવા આવતાં સગાંસંબંધીઓને, તેમનાં આંસુ ઝીલી લેવા માટે વાદળી આપવામાં આવે છે. પછી તે વાદળી નીચોવીને આંસુ સંઘરી રાખવામાં આવે છે. આ રીતે એકઠાં કરેલાં આંસુ દવા તરીકે વપરાય છે.



ન્યૂ યૉર્કના પ્રાણીસંગ્રહાલયનો આ કાચબો બસ્સો વરસનો બુઢ્ઢો છે. કાચબા સૌથી દીર્ઘાયુષી હોય છે. ઉમરની સાથે તેઓ વજનમાં પણ વધતા જાય છે. આ ભાઈસાહેબનું વજન ખારસું ૩૧૦ રતલ છે.